
# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

આલિયાએ રણબીર સાથે વિખવાદની અફવાને હસી કાઢી



પેજ-09

જોસ બટલરનો ઐતિહાસિક ડબલ ધડાકો: ઇંગ્લેન્ડ માટે સૌથી વધુ મેચ રમનાર ખેલાડી..

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 19.00 |
| વડોદરા | 32.00 | 19.00 |
| સુરત | 33.00 | 20.00 |

પેજ 5



ભારત જીડીપી ગ્રોથમાં અમેરિકાથી આગળ ઈલોન મસ્ક આશ્ચર્યચકિત

03 FEBRUARY-2026 TUESDAY

કોસ્ટા રિકા પ્રમુખપદની ચૂંટણીમાં લૌરા ફર્નાન્ડીઝની પ્રચંડ જીત તરફ...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 81666.46 | ▲ | 943.52 |
| નિફ્ટી | 25088.40 | ▲ | 262.95 |
| સોનું | 141900.00 | ▲ | 207.00 |
| ચાંદી | 232500.00 | ▼ | 3761.00 |


વર્ષ-15 । અંક-082 । વિક્રમ સંવત-2082 । મહા વદ-02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક







## USએ ભારત પરનો ટેરિફ 25%થી ઘટાડીને 18% કર્યો:25% એક્સ્ટ્રા સાથે હવે કુલ 43% ટેરિફ, ટ્રમ્પ બોલ્યા- મોદી રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે

# ભારત સામે ઝૂક્યું અમેરિકા, ટેરિફમાં કર્યો ધરખમ ઘટાડો

(એજન્સી) ત્રિચી । તા. 02

અમેરિકાએ ભારત પર લગાવેલા 25% રેસિપ્રોકલ (જેવા સાથે તેવા) ટેરિફને 7% ઘટાડીને 18% કરી દીધો છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે સોશિયલ મીડિયા ‘ટ્રુથ સોશિયલ’ પર પોસ્ટ કરીને આ વિશે જાણકારી આપી હતી. હવે ભારત પર કુલ 43% ટેરિફ લાગશે. આ અગાઉ ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ટ્વિટ કરીને પીએમ મોદી અને ટ્રમ્પ વચ્ચે વાતચીત થઈ હોવાની જાણકારી આપી હતી. જોકે, રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે ભારત પર જે વધારાનો 25% ટેરિફ લગાવવામાં આવ્યો હતો, તેને હટાવવા અંગે અત્યાર સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી.

અમેરિકાએ ઓગસ્ટ 2025માં ભારત પર બે વાર ટેરિફ લગાવ્યો હતો. પહેલીવાર 1 ઓગસ્ટે વ્યાપાર ખાધને લઈને 25% ટેરિફ લગાવવામાં આવ્યો હતો. ત્યારબાદ 27 ઓગસ્ટે રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે 25% એક્સ્ટ્રા ટેરિફ લગાવ્યો હતો. આ રીતે ભારત પર કુલ 50% ટેરિફ લાગી રહ્યો હતો, જે હવે ઘટીને 43% થઈ ગયો છે. ટ્રમ્પ બોલ્યા- ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે અને અમેરિકા પાસેથી ખરીદશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘ટ્રુથ સોશિયલ’ પર લખ્યું- આજે સવારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવી મારા માટે સન્માનની વાત હતી. તેઓ મારા ખૂબ જ સારા મિત્ર છે અને પોતાના દેશના એક મજબૂત અને સન્માનિત નેતા છે. ટ્રમ્પે લખ્યું-

અમારી વાતચીત અનેક મુદ્દાઓ પર થઈ, જેમાં વ્યાપાર અને રશિયા-યુક્રેન યુદ્ધને ખતમ કરવાના વિષયનો પણ સમાવેશ થાય છે. તેમણે રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા અને અમેરિકા પાસેથી વધુ તેલ ખરીદવા પર સંમતિ દર્શાવી છે. જરૂર પડશે તો તેઓ વેનેઝુએલા પાસેથી પણ તેલ ખરીદશે. આનાથી યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને ખતમ કરવામાં મદદ મળશે, જ્યાં દર અઠવાડિયે હજારો લોકો માર્યા જઈ રહ્યા છે.



**ટ્રમ્પે ઈન્ડિયા ગેટ અને મોદી સાથેનો ફોટો શેર કર્યો**

ટ્રમ્પે આજે જ પોતાના સોશિયલ મીડિયા ‘ટ્રુથ સોશિયલ’ પર ભારત સાથે જોડાયેલી બે તસવીરો પોસ્ટ કરી હતી. એકમાં તેમણે ઈન્ડિયા ગેટનો ફોટો શેર કર્યો હતો, જ્યારે બીજામાં પીએમ મોદી સાથે એક મેગેઝિનનું કવર શેર કર્યું હતું.

### અમેરિકાએ ટેરિફને 25 ટકાથી ઘટાડીને 18 ટકા કર્યો

ટ્રમ્પે એ પણ દાવો કર્યો કે ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદીને બંધ કરી દીધી છે અને અમેરિકા પાસેથી ઓઈલ ખરીદવા માટે સહમત થયા છે. તેનાથી યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવામાં મદદ મળશે, જેમાં દર અઠવાડિયે હજારો લોકોના મોત થઈ રહ્યા છે. વડાપ્રધાન મોદી પ્રત્યે મિત્રતા અને સન્માનને કારણે તેમના અનુરોધ પર તાત્કાલિક અસરથી અમેરિકા અને ભારતની વચ્ચે એક વેપાર કરાર પર સહમતિ વ્યક્ત કરી છે, જેની હેઠળ અમેરિકા ટેરિફને 25 ટકાથી ઘટાડીને 18 ટકા કરી દેશે. આ અંતર્ગત અમેરિકા ભારત પર લાગતો રેસિપ્રોકલ ટેરિફ 25%થી ઘટાડીને 18% કરશે.

### અમેરિકા-ભારતના સંબંધ વધારે મજબૂત થશે

ભારત પણ આ પ્રકારે અમેરિકાની સામે પોતાના ટેક્સ ઘટાડવાની દિશામાં આગળ વધશે. વડાપ્રધાને 500 અરબ ડોલરથી વધારેની અમેરિકી ઊર્જા, ટેકનોલોજી કૃષિ, કોલસો અને અન્ય ઘણા ઉત્પાદનો સિવાય અમેરિકી ઉત્પાદન ખરીદવા માટે પ્રતિબદ્ધતા બતાવી છે. ભારતની સાથે અમારા અદ્ભૂત સંબંધ આગળ વધારે મજબૂત થશે. ભારત સાથેના અમારા સંબંધો આગળ જતાં વધુ મજબૂત થશે. વડાપ્રધાન મોદી અને હું બંને એવા લોકો છીએ જે કામ કરીને બતાવે છે.

## યુધ્ધની આગમાં એકલું ઈરાન જ નહીં સમગ્ર મધ્ય-પૂર્વ સળગી જશે

# ટ્રમ્પ-ખામેનેઈની જીદ: મહાયુદ્ધ નક્કી?

(એજન્સી) નવી દિલ્હી । તા. 02



અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ ઉભી થઈ છે, ત્યારે શાબ્દિક યુદ્ધ પણ શરૂ થઈ ગયું છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને યુદ્ધથી બચવા માટે પરમાણુ સમજૂતીની ઓફર કરી છે, સાથે ચેતવણી પણ આપી છે કે, જો ‘ન્યુક્લિયર-ડીલ’ નહીં થાય, તો અમેરિકા હુમલો કરશે, તેના જવાબમાં ઈરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલી ખામેનેઈએ આક્રમક રૂખ લેતાં સામી ચેતવણી આપી છે કે, ‘જો અમેરિકા હુમલો કરશે તો એકલું ઈરાન જ નહીં સળગે પરંતુ સમગ્ર મધ્ય-પૂર્વ સળગી ઊઠશે.’ ખામેઈનીની આ ચેતવણી સામે ટ્રમ્પે વળતા પ્રહારો કર્યા છે કે, જો ઈરાન ‘ન્યુક્લિયર ડીલ’ નહીં કરે તો, અમેરિકા હુમલો કરશે જ.

### ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ થતું રોકવા માટે ઓમાનના પ્રયાસ

ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ સી.એન.એન.ને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, બંને દેશો એક નિર્ણાયક વળાંક ઉપર આવ્યા છે. ટૂંક સમયમાં નિષ્પક્ષ ‘ન્યૂક્લિયર ડીલ’ થવા સંભવ છે, પરંતુ કોઈ તરફથી કોઈ ગફલત થશે કે આક્રમકતા થશે તો ઈરાન તે માટે તૈયાર જ છે. ઈરાન વાતચીતમાં સામેલ જ છે. ઓમાન દ્વારા ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ થતું રોકવા તમામ પ્રયત્નો થઈ રહ્યા છે. મોસ્કોમાં ઓમાન અને ઈરાનના પ્રતિનિધિઓ વચ્ચે મંત્રણા ચાલી રહી છે. તેમાં ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સીલના મંત્રી અલિ લારીજાની પણ હાજર હતા.

## અજિત પવારના નિધન બાદ બદલાયા સમીકરણો

# શરદ પવારને ઝટકો! NCPનું વિલિનીકરણ અટક્યું

(એજન્સી) મુંબઇ । તા. 02



મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું પ્લેન અકસ્માતમાં નિધન થયા બાદ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના વિલિનીકરણની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી, જોકે હવે NCPના અધ્યક્ષ સુનીલ તટકરેના નિવેદન બાદ આ ચર્ચા પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. અજિતની ઈચ્છા બાદ શરદ પવારે બંને પાર્ટીના મર્જરનું નિવેદન આપ્યું હતું. જોકે તટકરેની વાતથી મહારાષ્ટ્રના રાજકારણમાં સમીકરણો બદલાઈ ગયો છે. સુનીલ તટકરેએ સ્પષ્ટ કહ્યું છે કે, ‘અમારી પાર્ટીનો એનડીએ સાથે રહેવાનો નિર્ણય મજબૂત અને કાયમ છે. જે નેતાઓ ભાજપના નેતૃત્વવાળી NDA સાથે રહેવા ઈચ્છે છે, તો તેઓ તે મુજબ નિર્ણય લે.’ તટકરેનું આ નિવેદન શરદ પવારના નિવેદન તરફ ઈશારો કરી રહી હોવાનું મનાઈ રહ્યું છે.

### તટકરેના નિવેદનથી શરદ પવારને ઝટકો !

અજિત પવારે NCPના બે જૂથોને એક થવા અંગે મહત્ત્વનું નિવેદન આપતા કહ્યું હતું કે, બંને તરફના કાર્યકર્તાઓની ભાવના એક થવાની છે. જોકે અજિતના નિધન બાદ હવે NCP જૂથનો મૂડ હવે બદલાઈ ગયો છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, અજિતના નિધન બાદ NCPSPના વડા શરદ પવારે કહ્યું હતું કે, અજિત પવારની ઈચ્છા પુરી થવી જોઈએ. શરદ પવારના નિવેદન બાદ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ કહ્યું છે કે, ‘જો NCPના મર્જરની વાત ફાઈનલ થઈ હોત તો અજિત દાદાએ મને જરૂર કહી હોત.’ અજિત પવારના નિધન બાદ એનસીપીના વિલિનીકરણની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. ત્યારબાદ સુનીલ તટકરેનું આ નિવેદન સામે આવ્યું છે.

## સ્પીકરનું અપમાન થયું, કોંગ્રેસ આ પાપ માટે માફી માંગે

# ચીન મુદ્દે રાહુલ ગાંધીના નિવેદન પર ભાજપ આક્રમક

(એજન્સી) અમદાવાદ | તા.02



રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ દરમિયાન લોકસભામાં ભારે વિવાદ સર્જાયો હતો. વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ પોતાના સંબોધન દરમિયાન કથિત રીતે સંસદીય નિયમોની અવગણના કરતા ભાજપે તેમના પર ગૃહની મર્યાદા તોડવાનો અને લોકસભા અધ્યક્ષનું અપમાન કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. આ મામલે કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પાસે જાહેર માફીની માંગ કરી છે. રાહુલ ગાંધીએ ચીન સાથે જોડાયેલા બિન-સૂચિબદ્ધ મુદ્દાને ઉઠાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ તેમને નિયમો હેઠળ બોલવાની કડક સલાહ આપી હતી. અધ્યક્ષે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જો કોઈ સભ્ય તથ્યો અને સંસદીય નિયમો હેઠળ વાત નહીં કરે, તો તેમણે અન્ય વક્તાઓને તક આપવા માટે બાધ્ય થવું પડશે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે રાહુલ ગાંધીએ વિપક્ષી નેતા તરીકે બોલવાની તકનો દુરુપયોગ કર્યો છે.




### ફ્લાવર શોમાં નિહાળેલા રોપા તમારા ઘરે લાવી શકશો...

# શહેરના અલગ અલગ વિસ્તારની ચાર નર્સરી પરથી ખરીદી કરાશે,પ્રતિ રોપાનો ભાવ રૂ. 10 થી 235

અમદાવાદ | સાબરમતી રિવરફ્રન્ટ પર 1 જાન્યુઆરીથી 29 જાન્યુઆરી સુધી યોજાયેલા ફ્લાવર શોમાં અલગ અલગ જાતિના રોપાઓ રાખવામાં આવ્યા હતા. જે રોપાનું વેચાણ કરવાનું નિર્ણય મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગ લેવામાં આવ્યો છે. શહેરમાં આવેલી ચાર જેટલી મ્યુનિસિપલ કોર્પોરેશનની નર્સરીઓ ઉપરથી આ તમામ અલગ અલગ પ્રજાતિના રોપાઓ નાગરિકો ખરીદી શકશે. પ્રતિ રોપાનો ભાવ 10 રૂપિયાથી લઈને 235 રૂપિયા સુધી રાખવામાં આવ્યો છે. નાગરિકો 1 નંગથી લઇ 1,000થી વધારે ફૂલના રોપાઓ લઈ શકશે.

સાબરમતી રિવરફ્રન્ટ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ ફૂલના રોપાઓ વાવવામાં આવ્યા હતા અને તેનું પ્રદર્શન નાગરિકોએ નિહાળ્યું હતું. જેમાં ગજેનીયા, ડાયન્થસ, સિલોસીયા, વિન્કા, કેલેન્ડુલા, ઓર્નામેન્ટલ કેલ, બીગોનીયા, હાયપોસ્ટીસ, સિલ્વર ડસ્ટ, પિટુનીયા, યુફોર્બીયા, કોલીયસ, સેવંતી, સાલ્વીયા, એસ્ટર, ડાયન્થસ, પીટુનીયા, ગ્રીન-રેડ અલ્ટેનન્થેરા વગેરે પ્રકારના રોપાઓ હતા. આ રોપાઓને વેચવાનો નિર્ણય મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યો છે જે શહેરના ચાંદખેડા, એલિસબ્રિજ, નવરંગપુરા અને સાયન્સ સીટી વિસ્તારમાં આવેલી નર્સરીઓ ખાતે વેચાણ કરવામાં આવશે.

રિવરફ્રન્ટ પર યોજાયેલા ફ્લાવર શોમાં જે ફૂલો ના રોપા ની જાત વેચાણ કરવાની છે તેના માટે 1થી 100 નંગ, 100 નંગથી 1000 નંગ અને 1000થી વધુ નંગના ભાવો નક્કી કરવામાં આવ્યા છે. અલગ અલગ જાતના ભાવો રાખવામાં આવ્યા છે જેમાં 10 રૂપિયાથી શરૂ કરીને 235નો ભાવ રાખવામાં આવ્યો છે. જો એક સાથે વધારે રોપાઓ ખરીદવામાં આવે તો તેના માટેનો ભાવ ઓછો રાખવામાં આવ્યો છે. ડાયન્થસ, પીટુનીયા, ગ્રીન-રેડ અલ્ટેનન્થેરા વગેરે પ્રકારના રોપાઓ માત્ર 1000 નંગ સુધી જ લઈ જઈ શકાશે. આ રોપાવો ખૂબ ઓછા હોવાના કારણે એટલા મોટા પ્રમાણમાં લઈ જઈ શકાશે નહીં.





### આ સ્થળો પરથી રોપાની ખરીદી કરી શકાશે

• રસાલા નર્સરી, લૉ ગાર્ડન બી. આર. ટી. એસ બસસ્ટેન્ડની સામે, એલિસબ્રીજ, અમદાવાદ • સૌરભ નર્સરી, સૌરભ ગાર્ડન સામે, મેમનગર ફાયર સ્ટેશનની સામે, નવરંગપુરા • વિશ્વકર્મા નર્સરી, વિશ્વકર્મા કોલેજ પાછળ, આઈ સી આઈ સી આઈ બેંકની ગલીમાં, ન્યૂ સીજી રોડ, ચાંદખેડા • સાયન્સ સિટી નર્સરી, સાયન્સ સિટી રોડ,ધ કેપિટલ - 2ની ગલીમાં, કેનાલ રોડ, ગોતા

### ગાંધીનગર ભાજપ સંગઠનના નવા માળખમાં જૂના જોગીઓનો દબદબો

# 8 ઉપપ્રમુખ, 3 મહામંત્રી અને 8 મંત્રીઓની નિમણૂક, રિપીટ થીયરીના સ્થાને અનુભવને પ્રાધાન્ય; જાણો કોને ક્યો હોદ્દો


ગાંધીનગર | ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશના મોવડી મંડળ સાથે પરામર્શ કર્યા બાદ ગાંધીનગર મહાનગર ભાજપાના અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે દ્વારા શહેર સંગઠનના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. આગામી સમયમાં સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી આ નિમણૂકો જાહેર કરવામાં આવી છે. જેમાં જૂના જોગીઓનો દબદબો જોવા મળ્યો છે. ભાજપાના અધ્યક્ષ ડૉ. આશિષ દવેએ રિપીટ થીયરીના સ્થાને અનુભવને પ્રાધાન્ય આપ્યું છે. પાટનગર ગાંધીનગરમાં રાજકીય ગરમાવો તેજ થયો છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને મોવડી મંડળના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ પ્રમુખ ડૉ. આશિષકુમાર દવેએ આખરે સંગઠનનું નવું માળખું જાહેર કર્યું છે. આ નિમણૂકોમાં સૌથી નોંધપાત્ર બાબત એ રહી છે કે ભાજપે નો-રિપીટ થીયરીના સ્થાને અનુભવને પ્રાધાન્ય આપવાની નીતિ અપનાવી હોય તેમ જણાય છે. વર્ષોથી પક્ષને વરેલા અને ગ્રાઉન્ડ લેવલ પર મજબૂત પકડ ધરાવતા જૂના જોગીઓને ફરી એકવાર સક્રિય રાજકારણના મુખ્ય પ્રવાહમાં લાવીને જવાબદારીઓ સોંપવામાં આવી છે. નવા માળખામાં 8 ઉપપ્રમુખ, 3 મહામંત્રી અને 8 મંત્રીઓની જે નિમણૂક કરવામાં આવી છે. તેમાં જ્ઞાતિગત સમીકરણોની સાથે સાથે ભૌગોલિક સંતુલન જાળવવાનો પણ પ્રયાસ થયો છે. રાજકીય વિશ્લેષકો માને છે કે ,આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને સંગઠનને વધુ વેગવંતુ બનાવવા માટે પક્ષે એવા ચહેરાઓ પર પસંદગી ઉતારી છે જેઓ કાર્યકરોમાં લોકપ્રિય છે અને વહીવટી અનુભવ ધરાવે છે. ડો. આશિષ દવેએ માત્ર પાયાના સંગઠનમાં જ નહીં પરંતુ વિવિધ મોરચાઓમાં પણ સક્રિય હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે.

# ગોપી તળાવ-આરંભડા રોડ વચ્ચે લાઇન લીક, વાહનચાલકોને જોખમ

મીઠાપુર | દ્વારકા તાલુકાના પાડલી ગામ પાસે ગોપી તળાવથી આરંભડા જતા સ્ટેટ હાઈવે પર ગુજરાત મેરિટાઈમ બોર્ડની પાણીની લાઈનમાંથી સતત લીકેજ થવાના કારણે માર્ગ જોખમી બની ગયો છે. રોડની વચ્ચેથી પાણી વહી રહ્યું હોવાથી રસ્તા પર ભારે સેવાળ (કાઈ) જામી ગઈ છે જેથી વાહનચાલકો માટે સ્લિપ થઈ ગંભીર અકસ્માત થવાનો ભય પણ ઉભો થયો છે. સ્ટેટ હાઈવેની નીચે નાખવામાં આવેલી જીએમબીની પાણીની લાઈનમાંથી લાંબા સમયથી પાણી બહાર આવી રહ્યું છે. આ પાણી સીધું રોડ પર ફેલાઈ જતા માર્ગ લપસણો બની ગયો છે. ખાસ કરીને બાઈકચાલકો અને નાના વાહનો માટે આ રસ્તો જીવલેણ સાબિત થાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

## News Brief

# પાણીના બિલ માટે કમિટી મેમ્બરના ત્રાસથી યુવકનો આપઘાત



અમદાવાદ | કૃષ્ણનગરમાં રહેતા શ્રમજીવી યુવકે સોસાયટીના કમિટી મેમ્બરના ત્રાસથી ટંકાળીને નર્મદા કેનાલમાં ઝંપલાવીને આપઘાત કર્યો હતો. પડોશી બે સભ્યો પાણીના બીલ ના ભરી શકતા હોય તો જીવી શકાય નહી કહીને કનેકશન કાપવા ધમકી આપીને ત્રાસ આપતા હતા. યુવકે આત્મહત્યા કરતા પહેલા ફેસબુક ઉપર વિડિયો વાયરલ કર્યો હતો. કૃષ્ણનગર પોલીસે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

છ મહિનાનું પાણીનું બિલ બાકી ના ભરી શકાય તો જીવાય નહી કહી કનેકશન કાપવાની ધમકી આપેલી

નવા નરોડા રોડ ઉપર રહેતા વૃધ્ધે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં સોસાયટીના પડોશમાં રહેતા બે ભાઈ સામે ફરિયાદ નોંધાવી છે કે વૃદ્ધના પુત્ર ભાડેથી કાર ચલાવતા હતા. તેમને છ મહિનાનું સોસાયટીમાં પાણીનું બિલ ભરવાનું બાકી હતું જેને લઈને આરોપીઓ અવાર નવાર તેમના ઘરે જઈને પાણીના બાકી બિલની કડક ઉઘરાણી કરતા હેરાન પરેશાન કરતા હતા.

વૃદ્ધ અને તેમના પુત્રએ થોડા દિવસોમાં બીલ ચૂકવવાની વાત કરી હતી તેમ છતાં પાણીના બીલ ભરી ના શકતા હોય તો જીવાય જ નહી કહીને કનેક્શન કાપવાની ધમકી આપતા હતા. જેને લઈને મનમાં લાગી આવતાં વૃદ્ધના પુત્રએ તા. ૨૭ના રોજ વિડિયો બનાવીને આપઘાત કરવાની વાત કરીને પરિવારના વોટ્સએપ ગ્રૂપમાં મુક્યો હતો. લોકેશન ઇહેગામ પાસે ઝાક જલુન્દર કેનાલમાં હતું, લોકેશન ઉપર જઈ તપાસ કરતા માત્ર કાર મળી આવી હતી.

# ગાંધીનગરમાં ગેરકાયદે લેબર કોલોની,9 ગોડાઉનો તોડી પડાયાં

ગાંધીનગર: ગાંધીનગર શહેરને દબાણ મુક્ત કરવાના સરકારના સીધા આદેશના પગલે મેદાને ઉતરેલા પાટનગર યોજના વિભાગે શનિવારે ગરીબ શ્રમજીવીઓની સાથે અમિર ધંધાર્થીઓ પર વાર કર્યો હતો. સેક્ટર ૧, ૩, ૧૬,૧૭, ૨૩, ૨૮ અને ૨૯માં આવેલા ૩૫૦ ઝુંપડાઓ હટાવવા ઉપરાંત વાસણા હડમતિયામાં૧૦ જેસીબી સાથે તંત્રે ધમસાણ મચાવી ગેરકાયદે લેબર કોલોની, મંડપ, સિમેન્ટ અને એલ્યુમિનિયમના નવ ગોડાઉનો તોડી પાડયા હતાં. મોંઘામુલની સરકારી જમીનો પર આડેધડ દબાણના મુદ્દે રાજ્યના પાટનગરની સ્થિતિ અન્ય કોઈપણ શહેરથી જુદી રહી નથી. કેમ, કે પાટનગર હોવા છતાં અહીં કોઈપણ તંત્ર દ્વારા દબાણો થતાં અટકાવવા માટે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. લારી, ગલ્લા સહિત મોટા દબાણોની વાતે તો હપ્તાખોરી ચલાવાતી હોવાની ચર્ચાઓ સંભળાતી રહે છે. શહેર બહારના વિસ્તાર બાદ હવે સેક્ટરોમાં થયેલા દબાણો તોડી પાડવાનો આદેશ મળવાની સાથે પાટનગર યોજના વિભાગે શનિવારે સતત ત્રીજા દિવસે ઓપરેશન ડિમોલીશન ચલાવ્યુ હતુ. તેમાં સેક્ટર ૧, ૩, ૧૬,૧૭, ૨૩, ૨૮ અને ૨૯માં ૩૫૦થી વધુ ઝુંપડાઓ હટાવી દેવાયા હતાં. પરંતુ વાસણા હડમતિયા વિસ્તારમાં પહોંચેલી ટુકડીઓના અધિકારીઓ સરકારી જમીન પરના દબાણો જોઇને અચંબિત થઇ ગયા હતાં. અહીં મંડપ ડેકોરેશનના ૬ ગોડાઉન, સિમેન્ટ અને કેમિકલનું એક, એલ્યુમિનિયમ અને પીઓપી મટીરિયલનું એક ગોડાઉન સરકારી જમીન પર જોવામાં આવ્યુ હતું.

## જના સ્મોલ ફાઇનાન્સ બેંક (શેડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

**રજિસ્ટર્ડ ઓફિસ:** ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં. 10/1, 11/2 અને 12/2B, ડોમલુર ઓફ, કોરમંગલા ઇનર રિંગ રોડ, E GL બિઝનેસ પાર્ક પાસે, ચલ્લાઘટ્ટા, બેંગલોર-560071.

### સોનાના ઘરેણાંની હરાજી માટે જાહેર સૂચના

નીચે જણાવેલ દેવાદારો વારંવાર રીમાઇન્ડર આપવા છતાં લોન ચૂકવવામાં અને નિયત સમયમાં સોનાના દાગીના છોડાવવામાં નિષ્ફળ રહ્યા છે. નીચે સૂચિબદ્ધ લોન ધારકો દ્વારા ગીરો મૂકવામાં આવેલા સોનાના ઘરેણાં/દાગીનાઓની વેચાણ પ્રક્રિયા 18.02.2026 ના રોજ સવારે 10.30 AM કલાકે અમારી શાખાના પરિસરમાં જાહેર/ઓનલાઇન/ખાનગી હરાજી દ્વારા કરવામાં આવશે. જેઓ ભાગ લેવા ઇચ્છતા હોય તેમને શાખાનો સંપર્ક કરવા વિનંતી છે. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ બિડ (બોલી) સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે. કૃપા કરીને નોંધશો કે જો હરાજી તે જ દિવસે પૂર્ણ ન થાય, તો તે પછીના દિવસોમાં સમાન નિયમો અને શરતો પર ચાલુ રહેશે. જો ગ્રાહક મૃત્યુ પામ્યા હોય, તો હરાજી સંબંધિત તમામ શરતો વારસદાર/કાયદેસરના વારસદારને લાગુ પડશે. દેવાદારોને આથી સૂચિત કરવામાં આવે છે કે હરાજીની તારીખ પહેલાં અત્યાર સુધીનું વ્યાજ અને આનુષંગિક ખર્ચ ચૂકવી દેવા, અન્યથા ગીરો રાખેલ સોનાના દાગીના વેચવામાં આવશે અને જો કોઈ બાકી રકમ હશે તો તે વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. કોઈપણ પ્રશ્નો અને નિયમો અને શરતો માટે શાખાનો સંપર્ક કરો, શાખાના સરનામાની વિગતો માટે www.janabank.com ની મુલાકાત લો.

| ક્રમ | લોન એકાઉન્ટ નંબર | દેવાદાર/સહ-દેવાદારનું નામ | ગીરો સોનાના દાગીનાનું કુલ વજન (ગ્રામમાં) |
|---|---|---|---|
| 1 | 36523740000624 | રાજદીપસિંહ ઝાલા | 38.5 |
| 2 | 48083730000026 | વીરપરિયા કિશન કાંતિલાલ | 25.7 |
| 3 | 36523730000545 | વીરપરિયા કિશન કાંતિલાલ | 35.38 |
| 4 | 36523730000522 | વીરપરિયા કિશન કાંતિલાલ | 45.34 |
| 5 | 36523740001130 | મંજુલાબેન ડોડિયા | 4.5 |
| 6 | 36523740001120 | રાજદીપસિંહ ઝાલા | 22.4 |
| 7 | 36523740001070 | પઠાણ નસીમબાનુ અબ્દુલરહેમાન | 5.5 |
| 8 | 36523740000870 | વસાવા જશુભાઈ | 7.4 |
| 9 | 36523740000713 | શાકુબેન તડવી | 21.5 |
| 10 | 36523740000485 | ચંદ્રકાંત શાંતિલાલ રાજપૂત | 16.9 |
| 11 | 36523740000357 | માછી રોહન | 22.3 |
| 12 | 36523740000318 | ઠાકોર વિજય સુરેશભાઈ | 5.5 |
| 13 | 36523730012336 | પરમાર મંજુલાબેન | 3 |
| 14 | 36523730012171 | સોલંકી વિકાસ રણછોડભાઈ | 23.61 |
| 15 | 36523160000173 | રાઠોડ રોહિત પંઢરીનાથ | 84.55 |
| 16 | 36523160000121 | પરમાર પ્રવીણભાઈ જેઠાભાઈ | 35.36 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, 1લો માળ, નં. 101, 102, 103, શિવ સુંદરમ કોમ્પ્લેક્સ, એક્સિસ બેંકની સામે, દીપ ચેમ્બર્સ ક્રોસ રોડ, માંજલપુર, વડોદરા-390011, ભારત. | | | |
| 17 | 32118730021750 | પ્રભાત નાગજીભાઈ દેસાઈ | 5.58 |
| 18 | 32118730021711 | રાજપુત દિનેશજી માફાજી | 5.81 |
| 19 | 32118730021671 | મકવાણા દલપતજી શાંતુજી | 3.5 |
| 20 | 32118730021658 | પ્રજાપતિ જયેશકુમાર જોયતારામ | 15.19 |
| 21 | 32118730021504 | સચિનકુમાર નટવરભાઈ પ્રજાપતિ | 13.3 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ૨જો માળ, "મેઘદર્શન કોમ્પ્લેક્સ", ઓફિસ નં. 3 અને ૪, મેહલ પાર્ક, સર્કિટ હાઉસ હાઈવે સામે, પાલનપુર-૩૮૫૦૦૧, ભારત. | | | |
| 22 | 32148730005521 | અજીતકુમાર કેશાજી ચૌહાણ | 2.4 |
| 23 | 32148730005123 | જીજ્ઞેશભાઈ જયંતિભાઈ રાઠોડ | 24.21 |
| 24 | 32148730005110 | મો.રૈહાન પટેલ | 12.3 |
| 25 | 32148730005099 | સોલંકી વિજયકુમાર | 25.1 |
| 26 | 32148730005073 | જીજ્ઞેશભાઈ જયંતિભાઈ રાઠોડ | 16 |
| 27 | 32148730004899 | ચૌહાણ કિરીટભાઈ બાપુભાઈ | 5 |
| 28 | 32148730004771 | કલ્પેશકુમાર બારીયા | 15 |
| 29 | 32148730003400 | પગી અભુભાઈ ગલાભાઈ | 8.9 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., ત્રીજો માળ, હોલ નં. 4, પ્લોટ નં. 24, 25, 26, સર્વે નં. 63, હેટ બિલ્ડ કેર, નાલંદા આર્કેડ, પાઈકીમ, મોજે ખલિકપુર, તાલુકો, મોડાસા-383315, જિલ્લો અરવલ્લી, ભારત. | | | |
| 30 | 32103740000030 | ચૌધરી વિશાલભાઈ રમેશભાઈ | 17.7 |
| 31 | 32108730006911 | નીલોફર કાજી | 5.8 |
| 32 | 32108730006871 | રાવલ રાહુલ ઝીણાભાઈ | 10.24 |
| 33 | 32108730006861 | ઠાકોર રાજુજી રોમાજી | 10 |
| 34 | 32108730006424 | નીલોફર કાજી | 19.3 |
| 35 | 32108160001215 | બારોટ દેવેન્દ્ર સુરેશભાઈ | 62.1 |
| 36 | 32100660000135 | ભૂપેન્દ્રકુમાર બાવાભાઈ ચૌધરી | 159.4 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., ત્રીજો માળ, કૃષ્ણમ પ્લાઝા, ઓફિસ નં. ટી-11, ટી-12, ટી-13, ટી-14, આર.એસ. નં. 1040, જિલ્લા કોર્ટની સામે, પાટણ-384265, ભારત. | | | |
| 37 | 36498730019177 | સરિયા જેન્તીભાઈ ભાણાબાઈ | 4.2 |
| 38 | 36498730018517 | પરમાર લાલજીભાઈ | 17.15 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, પ્રથમ માળ, નં. 113, 114, 115 અને 116, લોટસ આર્કેડ, ભક્તિનગર સ્ટેશન પ્લોટ, સત્ય વિજય આઈસ્ક્રીમ સામે, ગોંડલ રોડ, રાજકોટ-360002, ભારત. | | | |
| 39 | 33998740002982 | મહિડા શક્તિસિંહ | 10.14 |
| 40 | 33998740002041 | પાર્થકુમાર ડોબરીયા | 43.7 |
| 41 | 33998740003195 | લીનેશભાઈ સોલંકી | 8.45 |
| 42 | 33998740003169 | વીણાબેન ઠાકોર | 33.21 |
| 43 | 33998740003156 | વીણાબેન ઠાકોર | 25.81 |
| 44 | 33998740003093 | ચિતારા દિનેશ મદનલાલ | 24.69 |
| 45 | 33998740003070 | જાધવ યોગેશ સયાજી | 19.6 |
| 46 | 33998740003028 | ધર્મિષ્ઠા ભરત ગોમર | 31.68 |
| 47 | 33998740002972 | સોલંકી રોશનસિંહ નરેન્દ્રસિંહ | 31.09 |
| 48 | 33998740002893 | જાધવ યોગેશ સયાજી | 21.1 |
| 49 | 33998740002831 | રાજપૂત મહેશ | 15.03 |
| 50 | 33998740002765 | શિવમ સિંહ તોમર | 22.71 |
| 51 | 33998740002752 | તોમર શશીબેન ઓમવીરસિંહ | 23.31 |
| 52 | 33998730020480 | ચૌહાણ પ્રિયંકા સંજયભાઈ | 4.54 |
| 53 | 33998730020454 | ચૌહાણ વિજયકુમાર મંજીભાઈ | 16.53 |
| 54 | 33998730020431 | પન્નાબેન અતુલકુમાર | 12.38 |
| 55 | 33998730020428 | પરમાર વિજયકુમાર | 10.83 |
| 56 | 33998730020313 | સિકરવાર બજરંગસિંહ રામગોપાલસિંહ | 21.25 |
| 57 | 33998730020289 | વાલ્મિકી દિશાબેન ભાનુભાઈ | 3.87 |
| 58 | 33998730020010 | પ્રતિક મકવાણા | 18.51 |
| 59 | 33998730019594 | કટારીયા વર્ષાબેન દોલતભાઈ | 4.13 |
| 60 | 33998730019061 | ગીતાબેન ચૌહાણ | 4.65 |
| 61 | 33998730017803 | કુશવાહ ઉમેશભાઈ | 4.7 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ ફ્લોર, સર્વે નંબર 421, વેદ બંગલોની સામે, એરપોર્ટ રોડ, નાના ચિલોડા અમદાવાદ, નરોડા-382361, ભારત. | | | |
| 62 | 45228740000820 | રાજા કિશન અશ્વિનભાઈ | 13.71 |
| 63 | 45228740000810 | રાજા કિશન અશ્વિનભાઈ | 9.71 |
| 64 | 45220670000052 | ધવલ જાદવ | 395.5 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, 1st ફ્લોર, બિઝનેસ એવન્યુ, પ્લોટ નંબર 62/A, કે. કે.વી. સર્કલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ-360005, ભારત. | | | |
| 65 | 30718730007417 | શેખ સિકંદરભાઈ યુસુફભાઈ | 3.67 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, 1st ફ્લોર, શોપ નંબર 120-121, શ્રીજી આર્કેડ, આસપાસ ત્રણ રસ્તા પાસે, ગોડાદરા-ડિંડોલી રોડ, સુરત (ગુજરાત)-394210. | | | |
| 66 | 33468740003339 | પરમાર ધર્મેન્દ્રકુમાર | 47.45 |
| 67 | 33468740003300 | જસીબેન મણિલાલ પરમાર | 10.15 |
| 68 | 33468740003263 | માળી ચંદ્રિકાબેન પ્રહલાદભાઈ | 9.97 |
| 69 | 33468740003224 | મુમતાજ મુસાણી | 22.5 |
| 70 | 33468740003151 | મણીબેન હરગોવનભાઈ ચાવડા | 18.1 |
| 71 | 33468740003148 | શ્રવણભાઈ ગોંડર | 9.05 |
| 72 | 33468740002846 | જાધવ યોગેશ સયાજી | 20.25 |
| 73 | 33468740002833 | શ્રવણભાઈ ગોંડર | 10.4 |
| 74 | 33468740002671 | ગરંગે અંકુરભાઈ | 56.65 |
| 75 | 33468740002655 | મોરેવાર જયશ્રી અશ્વિનભાઈ | 35.5 |
| 76 | 33468740002260 | સિકરવાર બજરંગસિંહ રામગોપાલસિંહ | 24.56 |
| 77 | 33468740001997 | ચંદ્રકાંત કેશવભાઈ પુરબિયા | 19.61 |
| 78 | 33468730014788 | પુષ્પાબેન હેમસિંહ | 4.59 |
| 79 | 33468730014571 | ઠાકુર પ્રદીપસિંહ સાહબસિંહ | 10.61 |
| 80 | 33468730014380 | શિવમ સિંહ તોમર | 32.69 |
| 81 | 33460670000517 | દેસાઈ હિતેશ રઘુભાઈ | 106.6 |
| 82 | 33460670000211 | ત્રિપાઠી સુનિતા | 132.2 |
| 83 | 33548740000891 | તહેજબીનબાનુ સાબીરહુસેન | 15.6 |
| 84 | 33548740000852 | રાઠોડ રાજેન્દ્રસિંહ | 10.3 |
| 85 | 33548740000813 | પારેખ નીતાબેન અજયભાઈ | 10.59 |
| 86 | 33548740000792 | પ્રવીણભાઈ લાલુભાઈ પરમાર | 13.55 |
| 87 | 33548740000763 | હસનાબાનુ બેલીમ | 6.09 |
| 88 | 33548740000724 | સોનલ રાજુ રાઠોડ | 11.63 |
| 89 | 33548730018010 | પરમાર આનંદબેન સંજયભાઈ | 7.25 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, 1st ફ્લોર, શોપ નંબર 1, A ટાવર, સિગ્નેટ પ્લાઝા, કૃણાલ ચાર રસ્તા, ગોત્રી, વડોદરા-390021, ભારત. | | | |
| 90 | 45178740000040 | મન્સુરી મોહમ્મદુવેશ | 23.75 |
| જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., ગ્રાઉન્ડ ફ્લોર, નં.2, શિલ્પ આર્કેડ", જોધપુર ક્રોસ રોડ, સેટેલાઇટ, અમદાવાદ, ગુજરાત-380015. | | | |
| 91 | 30978740001271 | પારેખ જનકકુમાર | 6.15 |
| 92 | 30978740001232 | પરમાર પ્રતિક | 24.85 |
| 93 | 30978740001192 | પાલ સુરેન્દ્રકુમાર રામજશ | 39.5 |
| 94 | 30978730009454 | સૈયદ તૈયબલી અસગરલી | 27.65 |
| 95 | 30978730009441 | મકવાણા પરસોતમભાઈ | 6.04 |
| 96 | 30978730009292 | ધીરજકુમાર ભરતભાઈ પંચાલ | 7.14 |
| 97 | 30978730009289 | અમિત દિવાનજી ઠાકોર | 4.63 |
| 98 | 30978730008603 | સોનાબેન મારવાડી | 6.19 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ શોપ નં.2/એ અને ફર્સ્ટ ફ્લોર, શોપ નં.એફ.એફ.(2/એ) સતવેદ કોમ્પ્લેક્સ, સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે, સરદાર પટેલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-380013, ભારત. | | | |
| 99 | 31798730009823 | રાવલ ગુણવંતભાઈ મેલાભાઈ | 10.95 |
| 100 | 31798730009773 | પરમાર અજયકુમાર મુકેશભાઈ | 4.53 |
| 101 | 31798730009747 | રબારી રાજુભાઈ ભીખુભાઈ | 19.9 |
| 102 | 31798730009619 | નચી વિશાલકુમાર રણજીતભાઈ | 54.32 |
| 103 | 31798730009470 | પરમાર જગતસિંહ | 8 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., આર.એસ. નં. 871/11, પ્લોટ નં. 51 થી 73, રત્નસાગર કોમ્પ્લેક્ષ, બીજો માળ, દુકાન નં. 51 થી 55, સહકાર જિન રોડ, કાંકનોલ ગામ, હિંમતનગર-383001, ભારત. | | | |
| 104 | 33368740000698 | ગુપ્તા પંકજભાઈ | 95.63 |
| 105 | 33368740000685 | પ્રવિણસિંહ ભદોરીયા | 9.9 |
| 106 | 33368740000672 | સોલંકી ધવલ ભરતભાઈ | 24.35 |
| 107 | 33368740000557 | અન્સારી રશીદાહમદ | 37.78 |
| 108 | 33368730025702 | તાયડે રોનક | 2.88 |
| 109 | 33368730025675 | ફેમીદાબાનુ શેઠ | 3.81 |
| 110 | 33368730024505 | સોલંકી વંદના પુરુષોત્તમભાઈ | 6.13 |
| 111 | 33368730024290 | ગીતાબેન ચાવડા | 4.12 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, શોપ નંબર 101 અને 102, ગણેશ પ્લાઝા, અજીત મિલ ચાર રસ્તા, રખિયાલ, અમદાવાદ-380023, ભારત. | | | |
| 112 | 31028740000358 | નારાયણ શ્યામ જીંજર | 18.76 |
| 113 | 31028740000345 | મિશ્રા અતુલ | 54.52 |
| 114 | 31028740000319 | જસાણી શૌનક વલ્લભભાઈ | 40.95 |
| 115 | 31028740000078 | નારાયણ શ્યામ જીંજર | 46.58 |
| 116 | 31028730012923 | માળી જ્યોતિબેન સુનિલભાઈ | 3.19 |
| 117 | 31028730012850 | આશાબેન કોળી | 4.67 |
| 118 | 31028730012797 | રાઠોડ મીનાક્ષીબેન વિનોદભા | 5.28 |
| 119 | 31028730012745 | કારેલીયા દિવ્યાબેન અશોકભાઈ | 2.86 |
| 120 | 31028730010893 | રૂશીબેન અજયભાઈ રાઠોડ | 2.84 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., દુકાન નં.21/24/25/26/27, બિલેનિયમ બિઝનેસ કોર્નર, સામે. વરાછા કો. ઓપરેટિવ બેંક, નાના વરાછા રોડ, યોગી ચોક, સુરત-395006, ગુજરાત, ભારત. | | | |
| 121 | 49730670000038 | ચાવડા ખામીશા આમદ | 141.8 |
| 122 | 49730670000012 | ચાવડા ખામીશા આમદ | 193.7 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, સિંધુ-2, ઓફિસ નંબર 1, ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નંબર 302, વોર્ડ નંબર 12-B, આદિપુર ગાંધીધામ, કચ્છ, ગુજરાત-370201. | | | |
| 123 | 31968730014964 | કુરેશી અફસાનાબાનુ ગુલામકદર | 17.96 |
| 124 | 31968730014836 | ભાનુમતીબેન સુરેશભાઈ પટેલ | 3.36 |
| 125 | 31968730014721 | યુવરાજ વાઘેલા | 2.61 |
| 126 | 31968730014582 | વિજુજી ઠાકોર | 11.76 |
| 127 | 31968730014572 | ધાર્મિકકુમાર રતિલાલ રાવલ | 9.92 |
| 128 | 31968730014543 | ઠાકોર જયેશ | 12.37 |
| 129 | 31968730013694 | જય સોલંકી | 2.78 |
| જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, જીપીપી સ્ક્વેર, દુકાન નં. 1 અને 2, ગ્રાઉન્ડ અને પહેલો માળ, રિલાયન્સ પેટ્રોલ પંપ, નેશનલ હાઈવે, મહેસાણા-384002, ભારત. | | | |
| 130 | 32408730006739 | ભાવિનીબેન જિતેન્દ્ર | 5 |
| 131 | 32408730006637 | ભૂમિબેન ભાવેશભાઈ ટંડેલ | 16.7 |
| જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, જીપીપી સ્ક્વેર, દુકાન નં. 1 અને 2, ગ્રાઉન્ડ અને પહેલો માળ, રિલાયન્સ પેટ્રોલ પંપ, નેશનલ હાઈવે, મહેસાણા-384002, ભારત. | | | |
| 132 | 30748730009251 | લાખિયાર ભાવિન ધીરજલાલ | 10.83 |
| 133 | 30748730007794 | અન્સારી રિયાજુલહક | 43.1 |
| 134 | 30748690000010 | ગોસ્વામી સંદીપગિરિ અનિલગિરિ | 3.7 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., રિદ્ધિ સિદ્ધિ કોમ્પ્લેક્સ, 101-102, પહેલો માળ, મહિલા કોલેજ રોડ, સામે. સ્ત્રી વિકાસ ગૃહ, પટેલ કોલોની, જામનગર-361008. | | | |
| 135 | 33028740001161 | દિનેશકુમાર ખોડાભાઈ ચાંચીયા | 15 |
| 136 | 33028730015515 | નીતાબેન મદ્રાસી | 3.54 |
| 137 | 33028730014907 | પાર્વતીબેન સુરેશ ભાઈ | 3.75 |
| 138 | 33028730006453 | ભાવસાર મીરા ભાઈ | 194.1 |
| 139 | 33028740001339 | મોહમ્મદઇકબાલ શેખ | 25.28 |
| 140 | 33028740001211 | ભરવાડ સંજયભાઈ કરસનભાઈ | 69.4 |
| 141 | 33028740001201 | માલતી સુનિતાબેન એસ | 10.32 |
| 142 | 33028740000898 | પ્રજાપતિ ચિરાગ | 11.52 |
| 143 | 33028740000862 | ફરીદખાન પઠાણ | 48.77 |
| 144 | 33028730020392 | અબાદલ નજમાબીબી | 2.5 |
| 145 | 33028730020376 | ઝાલા કૈલાસબેન કરસનજી | 9.19 |
| 146 | 33028730020350 | તોગાભાઈ ભરવાડ | 6.8 |
| 147 | 33028730020340 | ગોપાલભાઈ બી વાઘેલા | 5.71 |
| 148 | 33028730020251 | લખીબેન ભાટી | 3.95 |
| 149 | 33028730020212 | ધીંગાલીબેન સુનિલ | 2.07 |
| 150 | 33028730019987 | અફસાના બાનુ પઠાણ | 10.05 |
| 151 | 33028730019922 | જયશ્રીબેન ચુનારા | 23.16 |
| 152 | 33028730019862 | પીનલ દિપક | 12.92 |
| 153 | 33028730017764 | જ્યોતિ બબલુ | 5.25 |
| 154 | 33028730017215 | સોનલબેન પ્રવિણભાઈ | 2.5 |
| 155 | 33028730016518 | રેણુ દેવી ગૌડ | 4.95 |
| 156 | 33020670000026 | તલરેજા કિશોરભાઈ | 269.9 |
| જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., દુકાન નં. 21, 22, 23, પહેલો માળ, રુદ્ર ગ્રીન્સ, જુના નારોલ કોર્ટ પાસે, નારોલ, અમદાવાદ-382405. | | | |
| 157 | 48348730007111 | પટેલ મિતેશકુમાર | 2.57 |
| જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., ગ્રાઉન્ડ ફ્લોર, જનમંગલ કોમ્પ્લેક્સ, દુકાન નં. 4, 5, 6, રિલાયન્સ પેટ્રોલ પંપ સામે, બાયડ, પિન કોડ-383325. | | | |
| 158 | 45168740000877 | વંદના ચૌધરી | 27.55 |
| 159 | 45168740001051 | અભુભાઈ દેસાઈ | 22.06 |
| 160 | 45168740001002 | મોહિત નટવરલાલ સથવારા | 20.82 |
| 161 | 45168740000802 | કશિશ વિજય પટારે | 29.43 |
| 162 | 45168730002637 | નીરૂબેન કનોજીયા | 3.01 |
| 163 | 45168730002281 | આશુબેન ચૌહાણ | 2.5 |
| 164 | 45168730001992 | કપિલાબેન મનહરભાઈ રાઠોડ | 5.9 |
| 165 | 45168730001890 | પરમાર પ્રભુદાસ | 8.76 |
| જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., રૂમ નં.101, પહેલો માળ, સિગ્મા આર્કેડ, વિજય સેલ્સ ઉપર, વિસત પેટ્રોલ પંપ પાસે, સર્વે નં. 224એ+બી ટી પી નં. 21, ફાઇનલ પ્લોટ નં. 141/04, અમદાવાદ, ગુજરાત-382424. | | | |

સ્થળ: ગુજરાત
તારીખ: 03.02.2026

Sd/- અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## મગદલ્લા રોડ પર મધરાત્રે સર્જાયો અકસ્માત

# સુરતમાં નબીરાનો આતંક લક્ઝરી કારે વાહનોનો કચ્ચરઘાણ કાઢ્યો, પાંચ વાહનોના ફુરચા બોલાવી દીધા

(એજન્સી) સુરત । તા. 02

સુરત શહેરના ડુમસ-એરપોર્ટ રોડ પર રવિવારે મોડી રાત્રે એક લક્ઝરી કારચાલકે સર્જેલા ભયાનક અકસ્માતે શહેરની સુરક્ષા પર ફરી એકવાર સવાલિયા નિશાન ઊભા કર્યા છે. શહેરના જાણીતા મગદલ્લા વિસ્તારમાં અવધ ઉથોપિયા એપાર્ટમેન્ટ નજીક પૂરપાટ ઝડપે આવતી એક લક્ઝરી કારે રોડની સાઈડમાં પાર્ક કરેલા પાંચ વાહનોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો હતો. વિરલ દેસાઈ નામના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા સર્જાયેલા આ અકસ્માતમાં ત્રણ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે, જ્યારે લાખો રૂપિયાનું આર્થિક નુકસાન થયું છે.



ઘટનાસ્થળે હાજર રહેલા પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, અકસ્માત સર્જનાર કારની ગતિ એટલી પ્રચંડ હતી કે જાણે ચાલક જાહેર માર્ગને રેસિંગ ટ્રેક સમજી રહ્યો હોય. પૂરપાટ ઝડપે આવેલી કારે રસ્તાની બાજુમાં ઉભેલી ૩ કાર અને ૨ મોપેડને એકસાથે અડફેટે લીધા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે તમામ વાહનોના ફુરચા બોલાઈ ગયા હતા. સદનસીબે, અકસ્માત મોડી રાત્રે થયો હોવાથી મોટાભાગના વાહનો ખાલી હતા, નહીંતર મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા હતી. ત્રણ રાહદારીઓને થયેલી ઈજા બાદ તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

### ચાલકને બચાવવા માટે 'ખેંચ' અને બીમારીની કેસેટ શરૂ

મીડિયા અહેવાલ મુજબ, અકસ્માત સર્જનાર વિરલ દેસાઈ પોતે પણ ઈજાગ્રસ્ત થયો છે અને હાલ એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જોકે, અકસ્માતની સાઈટ પરથી જ એવી ચર્ચાઓ વહેતી થઈ છે કે નબીરાને કાયદાની પકડમાંથી બચાવવા માટેના પ્રયાસો તેજ કરી દેવાયા છે. સૂત્રો દ્વારા માહિતી મળી રહી છે કે, ચાલકને ચાલુ ગાડીએ 'ખેંચ' આવી હોવાથી અકસ્માત સર્જાયો હોવાની વાતો તેના નજીકના લોકો દ્વારા ફેલાવવામાં આવી રહી છે. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે આ એક ગંભીર ગુનાને છુપાવવા માટેની સાજિશ હોઈ શકે છે.

ઘટનાની જાણ થતા જ ડુમસ પોલીસનો મોટો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત લક્ઝરી કાર અને નુકસાન પામેલા અન્ય વાહનોને કબજે કરી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાલક નશાની હાલતમાં હતો કે કેમ, અથવા તેને ખરેખર કોઈ તબીબી સમસ્યા નડી હતી તે જાણવા માટે રક્તના નમૂના લઈ મેડિકલ તપાસની તજવીજ હાથ ધરવામાં આવી છે. એફએસએલની મદદથી કારની ચોક્કસ ગતિ જાણવાનો પણ પ્રયાસ થઈ રહ્યો છે.

## વડોદરા પાલિકામાં ફરિયાદોનો પૂર: વર્ષ 2025 માં 1.39 લાખ ફરિયાદો નોંધાઈ, ઉત્તર ઝોન ટોચ પર



વડોદરા | વડોદરા મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2025 દરમિયાન નાગરિક સુવિધાઓ અંગેનો વાર્ષિક અહેવાલ જારી કરવામાં આવ્યો છે. આ અહેવાલ મુજબ, ગત વર્ષે શહેરના વિવિધ ઝોનમાંથી કુલ 1.39 લાખ ફરિયાદો પ્રાપ્ત થઈ છે. આંકડાકીય વિશ્લેષણ મુજબ, શહેરના ચાર ઝોન પૈકી ઉત્તર વિસ્તારના નાગરિકો પાયાની સુવિધાઓ જેવી કે પાણી અને ડ્રેનેજ બાબતે સૌથી વધુ ફરિયાદો કરવામાં અગ્રેસર રહ્યા છે. ડિજિટલ પ્લેટફોર્મનો વધતો ઉપયોગ પાલિકા દ્વારા ફરિયાદો સ્વીકારવા માટે આધુનિક તકનીકનો ઉપયોગ વધારવામાં આવ્યો છે. નાગરિકો હવે ટોલ ફ્રી નંબર, વેબસાઈટ અને વોટ્સએપ નંબર (9913166666) ના માધ્યમથી ઘરબેઠા પોતાની રજૂઆત કરી શકે છે. વર્ષ 2025 માં ડ્રેનેજ, ગેસ લાઈન, પાણી પુરવઠો અને સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત રખડતા ઢોર અને કૂતરાઓના ત્રાસ અંગેની ફરિયાદોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. કમિશનરની કડક દેખરેખ અને વીકલી રિવ્યુ શહેરીજનોની ફરિયાદોના નિકાલમાં વિલંબ ન થાય તે માટે મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ કડક વલણ અપનાવ્યું છે.

## રાજકોટમાં રોકાણ પર ઊંચા વળતરની લાલચ આપી ૨૮.૫૦ લાખની છેતરપિંડી, ૪ સામે ગુનો

(એજન્સી) રાજકોટ । તા. 02

રાજકોટ શહેરમાં રોકાણ પર ઊંચા વળતરની લોભામણી લાલચ આપીને છેતરપિંડી આચરવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, નવાગામ સ્થિત 'ડીઝલ ઓટો કોર્પોરેશન' ના સંચાલકોએ કાર એક્સેસરીઝના વેપારી સાથે અંદાજે ૨૮.૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી છે. પોલીસે આ મામલે મહેન્દ્ર મહેતા, તેમના પુત્ર હિતેશ, પૌત્ર નમન અને અન્ય એક શખ્સ ચંપક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખાસ સ્કીમના નામે જાળ બિછાવી ફરિયાદી નિમેષભાઈ જગજીવનભાઈ રૂઘાણી, જેઓ ટાગોર રોડ પર 'પુનિત કાર એક્સેસરીઝ' નામે વ્યવસાય કરે છે, તેમણે પોલીસને જણાવ્યું કે ફેબ્રુઆરી-૨૦૨૪ માં આરોપી મહેન્દ્ર મહેતાએ તેમને વિશ્વાસમાં લીધા હતા. મહેતાએ દાવો કર્યો હતો કે તેઓ માત્ર ૨૦ અંગત મિત્રો અને સંબંધીઓ માટે એક ખાસ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ ચલાવી રહ્યા છે, જેમાં ૯ મહિનામાં વાર્ષિક ૧૨% જેટલું ઊંચું વળતર મળશે. આ માટે તેમણે પેઢીના લેટરપેડ પર લખાણ પણ કરી આપ્યું હતું.

રોકાણ બાદ ઠેંગો બતાવ્યો આરોપીઓના વિશ્વાસમાં આવીને નિમેષભાઈએ પ્રથમ ૯.૭૫ લાખ અને ત્યારબાદ વધુ ૨૨.૨૫ લાખ મળીને કુલ ૩૨ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. સ્કીમ મુજબ દર મહિને ૭૫ હજાર રૂપિયાનો હપ્તો મળવાનો હતો. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ કટકે-કટકે ૩.૫૦ લાખ રૂપિયા પરત કર્યા હતા. જોકે, ત્યારબાદ જ્યારે નિમેષભાઈએ બાકીની રકમ અને વળતરની માંગણી કરી, ત્યારે આરોપીઓએ આપેલી રકમના ચેક રિટર્ન થયા હતા અને મૂળ રકમ પરત કરવામાં ઠાગાઠૈયા શરૂ કર્યા હતા. પોલીસ કાર્યવાહી અને તપાસ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતા નિમેષભાઈએ અંતે રાજકોટ એ ડિવિઝન પોલીસનો સંપર્ક સાધ્યો હતો.



## વડોદરા: ગોરવામાં 300 મકાનો તોડ્યા પણ આવાસ ન મળ્યા, રહીશોએ પાલિકા કચેરી ગજવી

(એજન્સી) વડોદરા । તા. 02

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગોરવા વિસ્તારમાં કરવામાં આવેલા ડિમોલિશન બાદ વિસ્થાપિત થયેલા પરિવારોનો પ્રશ્ન હવે ગૂંચવાયો છે. ગોરવા દશામા મંદિર પાસે વર્ષોથી વસવાટ કરતા ૩૦૦ જેટલા પરિવારોના કાચા-પાકા મકાનો તોડી પાડ્યા બાદ પણ તેમને આવાસ યોજનામાં મકાનની ફાળવણી કરવામાં ન આવતા આજે ગરીબ અને શ્રમજીવી પરિવારોનો રોષ ફાટી નીકળ્યો હતો. રહીશોએ રાવપુરા ખાતે આવેલી એફોર્ડેબલ હાઉસિંગની કચેરીએ પહોંચીને ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

મકાન વિના ટળવળતા પરિવારો પાલિકા તંત્ર દ્વારા શહેરના પશ્ચિમ વિસ્તારમાં વિકાસના નામે દબાણ હટાવવાની ઝુંબેશ અંતર્ગત ૩૦૦ જેટલા મકાનો જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા. જોકે, ડિમોલિશનના મહિનાઓ વીતી ગયા હોવા છતાં આ ગરીબ પરિવારોને હજી સુધી કોઈ વૈકલ્પિક આવાસની ફાળવણી કરવામાં આવી નથી. આકરી ગરમી અને અન્ય મુશ્કેલીઓ વચ્ચે ઘરવિહોણા બનેલા પરિવારોએ આજે પાલિકા તંત્ર સામે બાયો ચઢાવી હતી.

## રાજકોટમાં એસ.ટી. બસ ડ્રાઈવર પર રિક્ષાચાલકોનો આતંક: કાંઠલો પકડી તમાચા ઝીક્યા

(એજન્સી) રાજકોટ । તા. 02


રાજકોટના ભાવનગર રોડ પર પોલિટેકનિક કોલેજ પાસે આજે વહેલી સવારે દાદાગીરીનો એક કિસ્સો સામે આવ્યો છે. ભુજ ડેપોની એસ.ટી. બસના ચાલક કૃષ્ણરાજસિંહ રઘુવીરસિંહ ગોહિલ પર બે રિક્ષાચાલકોએ હુમલો કરી, ગાળો ભાંડી અને ફરજમાં રૂકાવટ કરી હોવાની ફરિયાદ થોરાળા પોલીસ મથકમાં નોંધાઈ છે. રિક્ષાચાલકોએ માત્ર માર જ નહોતો માર્યો, પરંતુ "એસ.ટી. બસમાં આવા છરકા (સ્ક્રેચ) તો પડે, તેનો ખર્ચો ન આપવાનો હોય" તેમ કહી ઉદ્ધત વર્તન પણ કર્યું હતું.

અકસ્માત બાદ શરૂ થયો વિવાદ ઘટનાની વિગતો મુજબ, કૃષ્ણરાજસિંહ અને કંડક્ટર મહેશભાઈ ઝાપડિયા ભુજથી ગઢડા રૂટની બસ લઈને જઈ રહ્યા હતા. રાજકોટ બસ પોર્ટથી નીકળ્યા બાદ ભાવનગર રોડ પર એક રિક્ષા સાઈડ કાપવા જતાં બસ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બસના ઈન્ડિકેટર અને ડાબી બાજુના પતરામાં નુકસાન થયું હતું. જ્યારે ડ્રાઈવરે નુકસાનીનો ખર્ચ માંગ્યો, ત્યારે રિક્ષાચાલકે અન્ય એક સાથીને બોલાવી ઝઘડો શરૂ કર્યો હતો.

વિડિયો ઉતારતા મોબાઈલ આંચકી લીધો જ્યારે બસ ચાલકે આ સમગ્ર ઘટનાનો વિડિયો ઉતારવાનો પ્રયાસ કર્યો, ત્યારે રિક્ષાચાલકોએ તેમનો મોબાઈલ ઝૂંટવીને ફેંકી દીધો હતો. આરોપીઓએ કૃષ્ણરાજસિંહનો કોલર પકડીને તમાચા ઝીંક્યા હતા અને તેમના શર્ટના બટન પણ તોડી નાખ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ ધમકી આપતા કહ્યું હતું કે, "આ રૂટ પર નીકળવું હોય તો શાંતિથી બસ જવા દેવી પડશે." બસના મુસાફરો વચ્ચે પડતા બંને રિક્ષાચાલકો પોતાની રિક્ષા લઈને ફરાર થઈ ગયા હતા.

પોલીસ તપાસ તેજ હુમલા બાદ તુરંત પોલીસને જાણ કરવામાં આવી હતી. મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા દ્વારા ગઢડા રવાના કર્યા બાદ, ડ્રાઈવરે થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે રિક્ષાના નંબરના આધારે બંને શખ્સોની શોધખોળ શરૂ કરી છે. સરકારી કર્મચારી પર હુમલો અને જાહેર મિલકતને નુકસાન પહોંચાડવા બદલ કડક કાર્યવાહી કરવાની ખાતરી પોલીસે આપી છે.

## વડોદરામાં વાતાવરણનો મિજાજ બદલાયો: આગામી સાત દિવસ વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના



વડોદરા | વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં શિયાળાની ઋતુ હવે વિદાય તરફ હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં સર્જાયેલી ભૌગોલિક સ્થિતિને કારણે વડોદરામાં આગામી સાતેક દિવસ સુધી વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. નવી ટ્રફ સિસ્ટમ સક્રિય થતા તાપમાનના પારામાં સતત વધઘટ જોવા મળી રહી છે, જેના કારણે શહેરીજનોને હાડ થીજવતી ઠંડીમાંથી આંશિક રાહત મળી છે. ટ્રફ સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હવામાન શાસ્ત્રીઓના મતે, હાલ મધ્ય મહારાષ્ટ્રથી લઈને દક્ષિણ હરિયાણા સુધી એક 'ટ્રફ સિસ્ટમ' સક્રિય થઈ છે, જે સમુદ્ર સપાટીથી ૦.૯ કિમીની ઊંચાઈ પર સ્થિત છે. આ સિસ્ટમને કારણે વડોદરા સહિત મધ્ય ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. જોકે, ઉત્તર ભારત તરફથી આવતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની વડોદરા પર કોઈ ખાસ અસર જોવા મળશે નહીં, પરંતુ આકાશ વાદળછાયું રહેશે. કેવું રહેશે આગામી સપ્તાહ? આગામી એક અઠવાડિયા દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ઘટાડાની સંભાવના નથી.

## સીએની મદદથી નાણાકીય તપાસ, પાંચની ધરપકડ ત્રણ સસ્પેન્ડ

# તડકેશ્વર ટાંકી દુર્ઘટનામાં ભ્રષ્ટાચારનો મસમોટો વિસ્ફોટ



(એજન્સી) માંડવી । તા. 02

સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે નવનિર્મિત પાણીની ટાંકી ધરાશાયી થવાના મામલે હવે તપાસનો દાયરો વ્યાપક બન્યો છે. ગુજરાત સરકારની છબી ખરડાવનાર આ ભ્રષ્ટાચારના મામલામાં હવે માત્ર નબળા બાંધકામની જ નહીં, પરંતુ મોટા પાયે આચરવામાં આવેલી નાણાકીય હેરાફેરીની તપાસ પણ શરૂ કરવામાં આવી છે. આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે વિશેષ તપાસ ટીમ (સીટ) દ્વારા હવે વ્યાવસાયિક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ)ની મદદ લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે સમગ્ર ટેન્ડર પ્રક્રિયા અને નાણાકીય વ્યવહારોની ઊંડી તપાસ કરશે.

### નાણાકીય ગેરરીતિ અને કાગળ પરના વ્યવહારોની તપાસ

સીટની તપાસમાં અત્યાર સુધી જે વિગતો બહાર આવી છે તે મુજબ, આ સમગ્ર મામલો માત્ર નબળા મટીરિયલ પૂરતો મર્યાદિત નથી. આરોપીઓએ સરકારી ગ્રાન્ટના નાણાંમાં મોટી ગોલમાલ કરી હોવાની પ્રબળ આશંકા છે. સીએની નિમણૂક બાદ હવે ટેન્ડર પ્રક્રિયામાં થયેલા કરારો, કોન્ટ્રાક્ટરોના બેન્ક ખાતાની વિગતો અને ખરેખર બાંધકામ પાછળ થયેલા ખર્ચની સમીક્ષા કરવામાં આવશે. સરકારી તિજોરીમાંથી નીકળેલા ૫૪ લાખ રૂપિયા ખરેખર ક્યાં ગયા અને તેમાંથી કેટલો હિસ્સો કોના ખિસ્સામાં ગયો તે વિગતો હવે ટૂંક સમયમાં બહાર આવે તેવી શક્યતા છે.

આ તપાસમાં સૌથી ચોંકાવનારો ઘટસ્ફોટ એ થયો છે કે વિવાદિત કોન્ટ્રાક્ટરે માત્ર તડકેશ્વરમાં જ નહીં, પરંતુ સુરત લશ્કરી વિસ્તારના દક્ષિણ ઝોનમાં અન્ય ૧૩ જેટલી પાણીની ટાંકીઓનું નિર્માણ કર્યું છે. તડકેશ્વરની ટાંકી તાસકની જેમ તૂટી પડ્યા બાદ હવે આ ૧૩ ટાંકીઓની મજબૂતી અને આયુષ્ય સામે પણ ગંભીર સવાલો ઊઠ્યા છે. વિજિલન્સની ટીમો દ્વારા આ તમામ ટાંકીઓના બાંધકામમાં વપરાયેલા લોખંડ અને સિમેન્ટના સેમ્પલ લઈને ટેકનિકલ ટેસ્ટિંગ કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે, જેથી ભવિષ્યમાં થનારી કોઈ મોટી હોનારતને અટકાવી શકાય.

### પરિવારવાદ અને ભ્રષ્ટાચારનું જોખમી જોડાણ

પોલીસ દ્વારા અત્યાર સુધીમાં મુખ્ય કોન્ટ્રાક્ટર જ્યંતી પટેલ અને અંબાલાલ પટેલ સહિત કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે ધરપકડ કરાયેલા આરોપીઓમાં સુપરવાઈઝર જસમીન પટેલ અને અન્ય સ્ટાફ પણ એકબીજાના નજીકના સગા-સંબંધીઓ છે. આ પરિવારવાદના કારણે જ બાંધકામની ગુણવત્તામાં કોઈએ ટોકવાને બદલે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું હોય તેમ જણાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ટોળકીએ સરકારી એન્જિનિયરો સાથે મિલીભગત કરીને હલકી ગુણવત્તાના કામને મંજૂરી અપાવી હતી.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) ના ત્રણ ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જેમાં સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર અંકિત ગરાસિયા, એક્ઝિક્યુટિવ એન્જિનિયર રજનીકાંત ચૌધરી અને ડેપ્યુટી એન્જિનિયર જય ચૌધરીનો સમાવેશ થાય છે.

## ખાંડીવાડા પાસે ભયાનક અકસ્માત, કલાકો સુધી ટ્રાફિક જામ થયો

# વડોદરા હાલોલ માર્ગ પર ચાલુ ટ્રક બની આગનો ગોળો

(એજન્સી) વડોદરા । તા. 02

વડોદરા-હાલોલ હાઈવે પર ગઈકાલે મધરાત્રે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં પૂરપાટ ઝડપે દોડતી એક ટ્રકમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનાને પગલે હાઈવે પર પસાર થતા અન્ય વાહનચાલકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને જોતજોતામાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. આગની લપેટો એટલી પ્રચંડ હતી કે દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાતા હતા, જેના કારણે રસ્તાની બંને બાજુએ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ભારે ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી.

### ચાલક જીવ બચાવવા ચાલુ ટ્રકમાંથી કૂદ્યો: નાસભાગનો માહોલ

મળતી માહિતી મુજબ, હાલોલ રોડ પર ખાંડીવાડા ગામ નજીકથી જ્યારે આ ટ્રક પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક એન્જિનના ભાગમાં શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ ટેકનિકલ ખામીને કારણે આગ લાગી હતી. આગ લાગતાની સાથે જ ટ્રક ચાલકે સમયસૂચકતા વાપરીને અથવા ગભરાઈને ચાલુ ટ્રકમાંથી નીચે કૂદકો માર્યો હતો અને અંધારાનો લાભ લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. રસ્તાની મધ્યમાં સળગતી ટ્રકને જોઈને અન્ય વાહનચાલકો થંભી ગયા હતા અને કોઈ મોટો વિસ્ફોટ થવાની બીકે લોકોએ પોતાના વાહનો સલામત અંતરે ઉભા રાખી દીધા હતા.

### ફાયર બ્રિગેડની કામગીરી: પોણો કલાકના મંથન બાદ આગ કાબૂમાં

ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ફાઈટરોએ સતત પોણો કલાક સુધી પાણીનો મારો ચલાવીને મહામુસીબતે આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં ટ્રકનો આગળનો ભાગ બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગયો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ ટ્રકને ભારે આર્થિક નુકસાન પહોંચ્યું છે. આગ ઓલવાયા બાદ હાઈવે પરથી ટ્રકને હટાવવાની કામગીરી શરૂ કરાઈ હતી, ત્યારબાદ વાહન વ્યવહાર ધીમે ધીમે પૂર્વવત થયો હતો.



### પોલીસ તપાસ: સીસીટીવી ફૂટેજ દ્વારા ચાલકની શોધખોળ

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગમાં ટ્રકની નંબર પ્લેટ પણ બળીને નષ્ટ થઈ ગઈ હોવાથી ટ્રકના માલિક કે ચાલકની ઓળખ કરવી પોલીસ માટે પડકારરૂપ બની છે. વડોદરા પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ટ્રક ડ્રાઈવર કેમ ફરાર થઈ ગયો અને ટ્રકમાં કયો સામાન ભરેલો હતો તે જાણવા માટે પોલીસ હવે હાઈવે પર આવેલા ટોલ નાકાના સીસીટીવી ફૂટેજ મેળવી રહી છે. પોલીસને શંકા છે કે ટ્રકમાં કોઈ શંકાસ્પદ વસ્તુ અથવા ઓવરલોડ સામાન હોઈ શકે છે, જેના કારણે ડ્રાઈવર પોલીસને જોતા પહેલા જ ભાગી છૂટ્યો હતો. વડોદરા-હાલોલ રોડ પર અવારનવાર સર્જાતા આવા અકસ્માતો અને આગની ઘટનાઓએ વાહનચાલકોની સુરક્ષા સામે સવાલો ઊભા કર્યા છે.

## સુરતનો પરિવાર રાજકોટ સામાજિક પ્રસંગમાં જઈ રહ્યો હતો

# ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં વૃદ્ધાનું મોત

(એજન્સી) વડોદરા । તા. 02

વડોદરા-મુંબઈ ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર ૨ ફેબ્રુઆરી એક અત્યંત કરુણ અકસ્માત સર્જાયો હતો. સુરતથી રાજકોટ તરફ જઈ રહેલી એક કારને પાછળથી પૂરઝડપે આવતા અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારતા કારમાં સવાર બે મહિલાઓ ચાલુ કારમાંથી રોડ પર ફંગોળાઈ હતી. આ ગંભીર દુર્ઘટનામાં ૬૨ વર્ષીય વૃદ્ધાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

પ્રસંગમાં જતા રસ્તામાં જ કાળ ભેટી ગયો મળતી માહિતી મુજબ, સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા હરિદાસભાઈ ડોબરિયા તેમની પત્ની કાંતાબેન (૬૧ વર્ષ) અને બહેન પાર્વતીબેન કયાડા (૬૨ વર્ષ) સાથે કારમાં રાજકોટ ખાતે એક સામાજિક પ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. વડોદરા નજીક ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર પાછળથી આવતા એક અજાણ્યા વાહને કારને પાછળના ભાગે ધડાકાભેર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે કારચાલકે કાબૂ ગુમાવતા કાર હાઈવેની લોખંડની એંગલ સાથે અથડાઈ હતી. ચાલુ કારે દરવાજો ખુલ્યો અને પાયમાલી સર્જાઈ અથડામણ દરમિયાન કારનો ડાબી બાજુનો પાછળનો દરવાજો અચાનક ખુલી ગયો હતો. જેના કારણે પાછળની સીટ પર બેઠેલા કાંતાબેન અને પાર્વતીબેન બંને રોડ પર પટકાયા હતા. ગંભીર ઈજાઓ થવાને કારણે પાર્વતીબેન કયાડાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે કાંતાબેનને સારવાર માટે વડોદરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પોલીસ તપાસ અને હિટ એન્ડ રન અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ વડોદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. હાલમાં પોલીસ હાઈવે પરના સીસીટીવી ફૂટેજના આધારે ફરાર વાહન ચાલકની શોધખોળ કરી રહી છે.

## પાણીગેટ પોલીસ સ્ટેશનની ટીમે બે આરોપીઓની કરી ધરપકડ

# ડભોઈ રોડ પર મધરાતે ઘરફોડ ચોરી કરનાર બે શખ્સોને પાણીગેટ પોલીસે દબોચ્યા

(એજન્સી) વડોદરા । તા. 02

વડોદરા શહેરના ડભોઈ રોડ પર આવેલી હનુમાન ટેકરી વિસ્તારમાં ૩૧મી જાન્યુઆરીની મધરાતે એક મકાનમાં થયેલી ચોરીનો ભેદ પાણીગેટ પોલીસે ઉકેલી નાખ્યો છે. પોલીસે ચોરીના મુદ્દામાલ સાથે બે આરોપીઓની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓ પૈકી એક ફરિયાદીનો પડોશી જ હોવાનું બહાર આવ્યું છે.

ખુલ્લા દરવાજાનો લીધો લાભ મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ હનુમાન ટેકરીમાં રહી ફેબ્રિકેશનનું કામ કરતા સંદીપભાઈ બિંદ ૩૧મીની રાત્રે પરિવાર સાથે પહેલા માળે સૂતા હતા.

ઘરનો આગળનો દરવાજો બંધ હતો પરંતુ પાછળનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો. રાત્રે અંદાજે ૨:૪૫ વાગ્યે ઘરમાં ખખડાટ થતા સંદીપભાઈના પત્ની જાગી ગયા હતા અને તેમણે એક અજાણ્યા શખ્સને થેલી લઈને ભાગતા જોયો હતો. તપાસ કરતા ઘરમાંથી સોનાનું મંગળસૂત્ર અને ચાંદીની વીંટીઓ ગાયબ હતી.

પોલીસની ત્વરિત કાર્યવાહી ઘટનાની જાણ થતા જ પાણીગેટ પોલીસની ટીમ એક્શનમાં આવી હતી. પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ગાજરાવાડી આરસીસી રોડ પરથી બે શંકાસ્પદ શખ્સો મળી આવ્યા હતા. તેમની પૂછપરછ અને તલાશી લેતા તેમની પાસેથી ચોરીના દાગીના મળી આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં (૧) અવનીશ રાય સાહેબ સરોજ (રહે. સોમા તળાવ વુડાના મકાન) અને (૨) કૌશલ રામજાગીર બિંદ (રહે. હનુમાન ટેકરી) નો સમાવેશ થાય છે.

કુલ ૬૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત પોલીસે આરોપીઓ પાસેથી સોના-ચાંદીના દાગીના, ૨૫,૦૦૦ રૂપિયા રોકડા અને મોબાઈલ ફોન મળી કુલ ૬૧,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓએ આ સિવાય અન્ય કયા વિસ્તારોમાં ચોરી કરી છે તે દિશામાં પોલીસે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. લાંબા-ગાળાના દ્રષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**
હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**મિથુન : ક. છ. ઘ.**
શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે.

**કર્ક : ડ. હ.**
દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો.

**સિંહ : મ. ટ.**
ઓફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. મિત્રો તથા સંબંધીઓ સાથે મજા માણજો.

**કન્યા : પ. ઠ. ણ.**
તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જઈ શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**તુલા : ર. ત.**
પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું.

**વૃશ્ચિક : ન. ય.**
આજે તમારા ઓફિસ માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારી મુલાકાતે આવેલા સંબંધીઓ તમે કલ્પના કરી છે એના કરતાં સારા નીકળી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. તમારું પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે અને લગ્નનો પ્રસ્તાવ મળશે.

**મકર : ખ. જ.**
સ્વાસ્થ્યની સંભાળ લો અને પરિસ્થિતિને થાળે પાડો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો.

**કુંભ : ગ. સ. શ. ષ.**
કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો.

**મીન : દ. ચ. ઝ. થ.**
દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે.

# સત્યમ સેવા યુવક મંડળ તેમજ પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટ ને મળેલ ભૂમિ પર 51 હનુમાન ચાલીસા હોમાત્મક યજ્ઞ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.2.

સત્યમ સેવા યુવક મંડળ ને ભારતીબેન દેવાણી તરફથી આ સંસ્થાને દાનમાં મળેલ પવિત્ર 500 વાર ભૂમિ પર આજરોજ 51 હનુમાન ચાલીસા પાઠ તેમજ હોમાત્મક યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભૂમિ દાનના મુખ્ય દાતાશ્રી ભારતીબેન દેવાણી, સુધીરભાઈ ડાભી, મનમીતબેન દ્વારા હનુમાન ચાલીસા પાઠના યજ્ઞમા આહુતિ આપવામાં આવી હતી આ તકે દાતાશ્રી ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, કે.જે. હોસ્પિટલના પ્રમુખશ્રી ભાવિનભાઈ છત્રાળા, કોઠારી શ્રીધર્મ કિશોર સ્વામીજી, શ્રીઆધ્યા શક્તિબેન મજમુદાર, શ્રી સુરેશભાઈ ચાગવાણી, શ્રી પ્રવિણાબેન ચોક્સી, શ્રી સુશીલાબેન શાહ, શ્રી વર્ષાબેન લોઢીયા, સુરતના દાતા શ્રી મુકેશભાઈ ગોંડલીયા, શ્રી વીણાબેન હિતેશભાઈ કગથરા, શ્રી રેખાબેન પરમાર, શ્રી નીલમબેન પરમાર, પુષ્પાબેન પરમાર, કુલીનભાઈ લુથિયા, ભારતીબેન રાવત, ગૌરવભાઈ રૂપારેલિયા, ઉપેનભાઈ દવે, મેશંદભાઈ ડાંગર, પ્રકાશભાઈ મહેતા, નાગભાઈ વાળા, શ્રી દયાબેન માણેક, મુકેશભાઈ વાઘેલા, મોનિકાબેન ટીલવાણી, સમીરભાઈ દતાણી,વગેરે દાતાશ્રીઓ દ્વારા આ અંધ કન્યા છાત્રાલય તેમજ અંધ વૃદ્ધ બહેનોના વૃદ્ધાશ્રમ નવા સંકુલના નિર્માણ માટે દાતાશ્રીઓએ ફૂલ અને ફૂલની પાંખડી ઓ આ સેવા યજ્ઞમાં આપી અંધજનોની ચિંતા કરી તે બદલ સત્યમ સેવા યુવક મંડળ ના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજા તેમજ પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકેશગીરી એસ. મેઘનાથી એ આ સેવા યજ્ઞમાં જોડાયેલ આર્થિક દાનની આહુતિ આપવા બદલ સર્વે દાતાશ્રીઓનો હૃદયપૂર્વક ટ્રસ્ટ પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો અને આ સેવાનું વટવૃક્ષ સંકુલનું નિર્માણ કરવામાં હજુ પણ દાતાઓનો સહયોગ મળતો રહે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ અને યજ્ઞમા આહુતિ આપનાર પૂર્વ મેયર આદ્યશક્તિબેન મજમુદાર, શ્રી સુશીલાબેન શાહ, શ્રી વિજયાબેન લોઢીયા, ઉપેનભાઈ દવે, માનવ અધિકાર પ્રોટેક્શન સેલનાં શ્રી નરેન્દ્રભાઈ દવે, અરવિંદભાઈ મારડિયા, ભટ્ટ બાપુ, કમલેશભાઈ પંડ્યા, દેવીદાસભાઈ નેણસાણી, મનીષભાઈ લોઢીયા, અલ્પેશભાઈ પરમાર, કે.કે. ગોસાઈ, કે.એસ.પરમાર, રઝાકદાસ, શાંતાબેન બેસ, જયાબેન પરમાર, પ્રગ્નેશભાઈ વાજા, જેન્તીભાઈ વાજા, હસુભાઈ મારું, બાલાભાઈ રાડા, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, રાજેશભાઈ ચુડાસમા, શ્રી પરેશભાઈ બાટભિયા મનોજભાઈ સાવલિયા તેમજ અંધ કન્યા છાત્રાલય ની લાભાર્થી અંધ દીકરીઓ મહિલા આશ્રયસ્થાનની બહેનો, હનુમાન ચાલીસાના પાઠ કરાવનાર શ્રી લશ્કરી બાપુ અને તેમની ટીમ તેમજ સર્વે સેવાભાવી સંસ્થાઓના નામી-અનામી સેવાભાવી કાર્યકરોએ પોતાનો કિંમતી સમય આપી આ યજ્ઞ મા હાજરી આપવા બદલ આભાર વ્યક્ત કરેલ હતો.



## વોટ્સએપમાં આવેલી લિંક પર ક્લિક કરતાં જ પૈસા ઉપડી ગયા
# કનીજ ગામના ખેડૂત સાથે 'પીએમ કિસાન યોજના'ના નામે રૂ. 2.89 લાખની ઠગાઈ

નડિયાદ: મહેમદાવાદ તાલુકાના કનીજ ગામના એક ખેડૂત સાથે સાયબર ઠગોએ લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે. ખેડૂતને 'પીએમ કિસાન યોજના' નામે લિંક મોકલી ઠગબાજોએ ખેડૂતના બેંક ખાતામાંથી કુલ રૂ.૨,૮૯,૫૦૦ પોતાના અલગ અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે કનીજના ખેડૂતે મહેમદાવાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સાયબર ફ્રોડનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.મહેમદાવાદના કનીજ ગામે રહેતા તુષારભાઈ હીરાભાઈ પટેલ ખેતી કરી પરિવારનું જીવન નિર્વાહ કરે છે. તેમના વોટ્સએપ ગ્રુપમાં ગત ૨૯ જૂન ૨૦૨૫ના રોજ એક અજાણ્યા નંબર પરથી 'પીએમ કિસાન યોજના'ની એક લિંક આવી હતી. ખેડૂતે આ લિંક પર ક્લિક કરવાની સાથે જ તેમનું સિમ કાર્ડ બંધ થઈ ગયું હતું. જેથી સિમ કાર્ડ બંધ થઈ જતાં ખેડૂત જ્યારે જીઓ સ્ટોર પર ગયા, ત્યારે તેમને જાણવા મળ્યું કે તેમનું આધાર કાર્ડ બાયોમેટ્રિક લોક હોવાથી નવું સિમ એક્ટિવેટ થઈ શકતું નથી. આ દરમિયાન ઠગબાજોએ ખેડૂતના ડોક્યુમેન્ટ્સ અને સિમનો દુરુપયોગ કરી ખેડૂતના દહેગામના એચડીએફસી બેંક ખાતામાંથી કુલ રૂ.૨,૮૯,૫૦૦ ગઠિયાઓએ પોતાના અલગ-અલગ એકાઉન્ટમાં ટ્રાન્ઝેક્શન કરી સેરવી લીધા હતા. જ્યારે ખેડૂત બેંકમાં સ્ટેટમેન્ટ કઢાવવા ગયા ત્યારે તેમના ખાતામાંથી અલગ અલગ બેંક ખાતામાં રોકડ ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હોવાની જાણ થઈ હતી. જે તે સમયે તુષાર પટેલે સાયબર હેલ્પલાઈન પર જાણ કરી હતી.

## લઘુરુદ્ર યજ્ઞ
# મહાશિવરાત્રીના મેળા દરમિયાન અન્નક્ષેત્ર તથા અન્નપૂર્ણા યજ્ઞ તથા લઘુરુદ્ર યજ્ઞનું આયોજન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.2

સનાતન ધર્મ પ્રેમી જનતાને જાહેર નિમંત્રણ આપતા શ્રી નિલેશભાઈ માળીએ જણાવ્યું છે કે, છેલ્લા 13વર્ષથી મહાશિવરાત્રીના મેળા દરમિયાન "બાબા મિત્ર મંડળ અન્નક્ષેત્ર" દ્વારા નાત જાત ના ભેદભાવ વગર અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે તે મુજબ આગામી મહાશિવરાત્રીના મેળા દરમ્યાન ગાયત્રી શક્તિપીઠ, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે તા.11-02-2026 થી તા.15-02-2026 સુધી અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવેલ છે તેની સાથે બે યજ્ઞોનું પણ આયોજન કરેલ છે.

1) તારીખ: 10-2-2026ના રોજ સવારે અન્નપૂર્ણા યજ્ઞ અને સાંજે 4:00 કલાકે શિવજી ની માળી સમાજથી શ્રી હરી ૐ ચેરીટેબલ ટ્રસ્ટ, સૌરામંડપથી ગાયત્રી શક્તિપીઠ સુધીનું આયોજન કરવામાં આવેલ છે. અને 2) તા.15-02-2026ના રોજ લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામા આવેલ છે. વિશેષ માહિતી માટે બાબા મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ, બાબા પાન, વણઝારી ચોક, જૂનાગઢ ખાતે શ્રી જયુભાઈ માળી -7878177741,નિલેશ માળી- 9426168296/ 8000210006, જયેશબાપુ ગોસ્વામી- 9924270169, કેયુર માંકડ- 9429455174.

## ડાકોર બ્રિજ નીચેથી કારમાંથી 630 લિટર દેશી દારૂ સાથે બે શખ્સ ઝડપાયા

નડિયાદ: શનિવારની સાંજે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે ડાકોર બ્રિજ નીચેથી ગાડીમાં દેશી દારૂ ભરીને જતા બે શખ્સોને દેશી દારૂ ૬૩૦ લીટર (કિંમત રૂ. ૧,૨૬,૦૦૦)ના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ખેડા એલસીબીને બાતમી મળી હતી કે, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પરથી આણંદ તરફથી એક ગાડી દેશી દારૂ ભરી અમદાવાદ તરફ જનાર છે. જેથી પોલીસે નડિયાદ-ડાકોર બ્રિજ નીચે વોચ ગોઠવી હતી.

## શ્રદ્ધાંજલી
# દેશલપર (ગું)ના એક વડીલની વિદાય એટલે એક પેઢીની વિદાય

જગદીશ દવે |દેશલપર (ગુંતલી)

મરણ જન્મ કુદરત પર છે એ માન્યુ કોઈ નાનીવયના યુવાનના અવસાન ના સમાચાર સાંભળતા જ "એક શબ્દ મોંઢે આવે... અરરરે આનો તો કઈ માળ્યુ જ નહી ને નાનકડા છોકરાનું મરણ થયુ બે ભગવાન હે માલિક તુ લાજ રાખજે એના હા કોઈ મોટી ઉંમરના વડીલના અવસાનના સમાચાર ને કહેશે કે જાવા જેવળી ઉમર હતી" યુવાનના મૃત્યુ અજુમયાવી દે બે મિનિટ મગજને વિચારતુ કરીદે એ સત્ય વાત છે પણ એક વડીલના અવસાન નો પણ વસવસો કાયમ રહે છે એક વડીલના અવસાન સાથે એક પેઢીનુ એક રીત રિવાજ સાચવનારનું એક ધાર્મિકતાનુ એક પરંપરાગત ચાલી આવતી સમાજના ધડતરનું લાજ શરમ મર્યાદાનું એક વડીલ તરીકે હુફ આપનારનું સાથે અવસાન થાય છે વડીલ એટલે વડ વડની છાયા જેટલી જ અનુભૂતિ કરછ જીલ્લાના નખત્રાણા તાલુકાના દેશલપર(ગું) ગામે ગત તારીખે વડીલ નાનજીભાઈ હીરજીભાઈ પટેલ (વાડીયા)જેવો ૭૯ વય અવસાન પામ્યા.

## આમ આદમી પાર્ટીએ નવા નારા સાથે લોન્ચ કર્યું કેમ્પેઈન
# "ના બેટાનું ના બાપનું, ગુજરાત હવે AAP નું": મનોજ સોરઠીયા



અમદાવાદ/સુરત/ગાંધીનગર

સુરત ખાતેથી આજરોજ આમ આદમી પાર્ટી દ્વારા નવા નારા સાથે કેમ્પેઈન લોન્ચ કરવામાં આવ્યું છે. "ના બેટાનું ના બાપનું, હવે ગુજરાત AAPનું" આ નવો નારો આમ આદમી પાર્ટી દ્વારા લોન્ચ કરવામાં આવ્યો છે. કામની રાજનીતિ કરતી AAP એ હવે નારા સાથે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના અભિયાનની શરૂઆત કરી છે. આ મુદ્દે વાત કરતા આમ આદમી પાર્ટી સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં જાગૃતિ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કેમ્પેન અંતર્ગત ગુજરાતની તમામ વિધાનસભાઓ અને દરેક ગામડામાં આમ આદમી પાર્ટીના પોસ્ટરો લગાવવામાં આવશે અને એક સ્પષ્ટ સંદેશ સાથે ગુજરાતની જનતાને જાગૃત કરવામાં આવશે. આ કેમ્પેનનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના છેલ્લામાં છેલ્લા વ્યક્તિ સુધી પહોંચીને તેને આ પરિવર્તનની ક્રાંતિમાં જોડવાનો છે. આમ આદમી પાર્ટીએ આ અભિયાનને એક શક્તિશાળી નારા સાથે લોન્ચ કર્યું છે -"આ ગુજરાત હવે ગુજરાતનાં લોકોનું છે, ના બેટાનું, ના બાપનું - આ ગુજરાત હવે આપનું છે."

AAP નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા 30 વર્ષથી ગુજરાતમાં થોડાં પરિવારો, મોટા ઉદ્યોગપતિઓ અને રાજકીય વારસદારો દ્વારા રાજ્યનું શોષણ કરવામાં આવી રહ્યું છે. એક જ પાર્ટીના લાંબા શાસન દરમિયાન ગુજરાતના લોકો, યુવાનો અને પરિવારોને વારંવાર અન્યાય અને શોષણ સહન કરવું પડ્યું છે. ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા આ અભિયાન સાથે ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીની ઔપચારિક શરૂઆત કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના તમામ કાર્યકરોઓ અને કેડર રાજ્યના ખૂણેખૂણે જઈને લોકોમાં જાગૃતિ લાવશે અને છેલ્લા ત્રણ દાયકાથી ચાલતા અન્યાય અને અત્યાચાર સામે જનતાને એકત્રિત કરશે.

# નર્મદા જિલ્લામાં 6618 મતદારોના નામ કમી કરતા પહેલા કારણ જણાવવા કોંગ્રેસની માંગ



ભરત શાહ, નર્મદા : તા. ૨. નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તાજેતરમાં મામલતદાર નાંદોદ અને પ્રાંત અધિકારી નાંદોદ ને આવેદન પત્ર આપી નવી મતદાર યાદીમાંથી નામ કમી કરાય એ પહેલા યાદી જાહેર કરવા અથવા કારણ જાહેર કરવા માંગ કરવામાં આવી છે. આમ રાજ્ય ના તમામ તાલુકાઓ માં વિરોધો ઉઠ્યા છે. ભારત ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવતી SIR પ્રક્રિયા હેઠળ ફોર્મ નં. 6 અને 7 ભરવામાં આવશે, ત્યારે ગુજરાતભરના મતદારો અને સામાજિક અને રાજકીય નેતાઓને ડર છે કે ઘણા લોકો તેમના મતદાન અધિકાર ગુમાવશે. અને એવી પણ શક્યતા છે કે ભાજપ દ્વારા જાણી જોઈને રચવામાં આવેલું કાવતરું હોઈ શકે છે.આ મુદ્દા અંગે આજે ચૂંટણી પંચને એક અરજી સુપરત કરવામાં આવી હતી. તેવી રીતે નર્મદા જિલ્લામાં પણ તાલુકા અને શહેર કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. અને પ્રાંત અધિકારી ને આવેદન આપવામાં આવ્યું હતું. જેમાં નર્મદા જિલ્લા કોંગ્રેસ ઉપ પ્રમુખમાલવ બારોટ, લઘુમતી આગેવાન ઈસ્માઈલ સોલંકી, નર્મદા જિલ્લા પૂર્વ પાલિકા પ્રમુખ મહેશ વસાવા, નર્મદા જિલ્લા કોંગ્રેસ આદિવાસી સેલના પ્રમુખ વાસુદેવ વસાવા, યુવા કોંગ્રેસ પ્રમુખ શિવ પટેલ, અને અન્ય તમામ ST, SC, OBC સમુદાયના સભ્યો હાજર રહ્યા હતા.

આ બાબતે માલવ બારોટે જણાવ્યું હતું ..SIR પ્રમાણે મતદાર યાદી નવી બને એમાં અમને વાંધો નથી.પણ ભાજપ ના ઇશારે તેમની વિરોધી વોટબેંક ના નામો કમી થઈ જાય, જે લોકો બહાર ગામ કામ અર્થે ગયા હોય કે થોડો સમય માટે સ્થળાંતર થયા હોય તેમનુ ત્યાં પણ નામ ના હોય કે અહીંયા પણ ના હોય એમ ના બને માટે ફોર્મ નંબર 6/6A - 3120 અને ફોર્મ નં :-7 : 6618 જેટલા નામો કમી બતાવે છે. જેમા ઝીણવટ ભરી રીતે ચકાસણી કરી ને નામો કમી કરવાની માંગ કરી છે.

## પાટણ જિલ્લા ભાજપ સંગઠનના ઓબીસી મહામંત્રી તરીકે ધિણોજના અગ્રણી નાનજીભાઈ ચૌધરી ની નિયુક્તી કરાઇ

ચાણસ્મા : પાટણ જિલ્લા ભાજપ સંગઠન મજબૂત બને તે માટે ભાજપના સક્રિય આગેવાનો ને સંગઠન માં સ્થાન આપી જિલ્લા ભાજપનું માળખું મજબુત બનાવાઈ રહ્યું છે ત્યારે તાજેતરમાં જિલ્લા ભાજપ અધ્યક્ષ દ્વારા પાટણ જિલ્લા ના દરેક તાલુકામાં ભાજપના સંનિષ્ઠ અને સક્રિય કાર્યકરોને સંગઠનના મહત્વના હોદ્દાઓ સાથે જોડતાં ચાણસ્મા તાલુકાના ધિણોજ ગામના વતની ભાજપના પાયાના સંનિષ્ઠ કાર્યકર ચૌધરી સમાજના અગ્રણી નાનજીભાઈ નાથુભાઈ ચૌધરીની પાટણ જિલ્લા ભાજપના ઓબીસી.મંડલના મહામંત્રી તરીકે નિયુક્ત કરાતાં ચાણસ્મા તાલુકા ભાજપ સંગઠનમાં ઉત્સાહની લાગણી છવાઈ છે નવ નવનિયુક્ત ઓબીસીના મહામંત્રી નાનજીભાઈ ચૌધરીને ચાણસ્મા તાલુકાના કાર્યકરો પદાધિકારીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી

## ચેકિંગ દરમિયાન કુલ ૯૮ વાહનો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી હતી
# નર્મદા માં અનઅધિકૃત White LED હેડલાઇટ વાળા વાહનોના ચેકિંગ દરમિયાન ૯૮ સામે કાર્યવાહી કરાઇ

| ભરત શાહ | નર્મદા: તા. 2.

આરટીઓ રાજપીપલાની કચેરી દ્વારા તા. ૦૧/૦૧/૨૦૨૬ થી ૨૯/૦૧/૨૦૨૬ દરમિયાન વાહનોમાં અનઅધિકૃત રીતે અતિ તીવ્રતા વાળી White LED હેડલાઇટ લગાવેલા વાહનોની ચેકિંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ચેકિંગ દરમિયાન કુલ ૯૮ વાહનો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી હતી તથા કુલ રૂ. ૯૮,૦૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.રસ્તા પર અન્ય વાહનચાલકોને દ્રશ્યમાનતા તથા સુરક્ષાને અસર કરતી અનઅધિકૃત અને અતિ તીવ્રતા વાળી લાઇટોના ઉપયોગને અટકાવવા માટે આવી કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલ પણ આ ચેકિંગ કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવેલ છે. આથી, જે વાહનોમાં અનઅધિકૃત રીતે અતિ તીવ્રતા વાળી White LED લગાવવામાં આવેલ હશે, તેવા વાહનો સામે આર.ટી.ઓ. વિભાગ દ્વારા નિયમોનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી દ્વારા માહિતી મળી છે.



## શોભાયાત્રા, હવન અને રાસગરબાના કાર્યક્રમો
# રૂપપુર ગામે ચામુંડા માતાજીનો દ્વિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ




| નિતીન ઠાકરા ચાણસ્મા


પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રૂપપુર ગામે પાટણવાડા કાંસિયા દરજી ચૌહાણ પરિવારના તેર ગામોના સમુહ દ્વારા ચામુંડા માતાના ભવ્ય શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસ સુધી ચાલેલા આ ધાર્મિક મહોત્સવમાં હવન, શોભાયાત્રા અને રાસગરબા સહિતના વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે કાંસિયા ચૌહાણ પરિવાર તરફથી સમાજની દરેક દીકરીને વિશેષ ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.મહોત્સવના પ્રથમ દિવસે માતાજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. રાત્રિ દરમિયાન રાસગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા દિવસે શાસ્ત્રોક્ત વિધિ સાથે શિખર પર કળશ અને ધજાની સ્થાપના કરી પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ મહોત્સવ દરમિયાન બહારથી પધારેલા મહેમાનો અને શ્રદ્ધાળુઓ માટે બે દિવસ બપોરે અને સાંજે એમ ચાર સમય સુધી ભોજન, ચા-પાણી અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.રવિવારે સાંજે હવનમાં શ્રીફળ હોમી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ સમગ્ર આયોજનમાં ભુવાજી અચુભાઈ અને ભુવાજી ભરતભાઈ છબીલાની ઉપસ્થિતિ રહી હતી. મહોત્સવને સફળ બનાવવા માટે સર્વ દાતાઓએ અને કાંસિયા દરજી પરિવારે જહેમત ઉઠાવી હતી, જે બદલ આયોજકો દ્વારા તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ એશિયા પેસિફિક એલીટ અંડર-૧૪ વુમન્સમાં ટાઇટલ જીત્યો
# ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં ઐતિહાસિક સિદ્ધિ મેળવનાર જૂનાગઢની દીકરી જેન્સી કાનાબારનું જૂનાગઢમાં ભવ્ય સ્વાગત

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.02

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ એશિયા પેસિફિક એલિટ અંડર-૧૪ વુમન્સમાં ટાઈટલ જીતીને ઇતિહાસ રચનાર જૂનાગઢની દીકરી જેન્સી કાનાબારનું આજે વતન પરત ફરતા વહીવટી તંત્ર દ્વારા ભાવભીનું અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જૂનાગઢના ગાંધીગ્રામ સ્થિત સરદાર પટેલ રમતગમત સંકુલ ખાતે યોજાયેલા આ ભવ્ય સન્માન સમારોહમાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું હતું કે, જૂનાગઢની દીકરી જેન્સી કાનાબારે ટેનિસ ક્ષેત્રે ફક્ત જૂનાગઢ જ નહીં સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે મન મક્કમ હોય અને નક્કી કર્યું હોય કે સફળતા હાંસિલ કરવી છે તો કોઈ પણ પરિસ્થિતિમાં સફળ થઈ શકાય છે એનું ઉદાહરણ જેન્સી કાનાબાર છે.તેમણે એમ પણ જણાવ્યું હતું કે જેન્સીએ સમગ્ર શહેર, દેશની સાથે સાથે માતૃ શક્તિનું નામ પણ રોશન કર્યું છે. આ સન્માન સમારોહમાં કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસીયાએ જણાવ્યું હતું કે, ટેનિસ ક્ષેત્રે જૂનાગઢની દીકરી જેન્સી કાનાબારે જૂનાગઢ નું નામ સમગ્ર વિશ્વમાં રોશન કર્યું છે.એ બદલ તેમને અને તેમના સમગ્ર પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ એશિયા પેસિફિક એલિટ અંડર-૧૪ વુમન્સમાં ટાઈટલ જીત્યો છે. અજાણ્યા દેશમાં સ્થાનિક ખેલાડીઓને ફાઇનલમાં હરાવવું એ ખૂબ જ મુશ્કેલ છે. જેન્સી એ ત્રણ વર્ષની ઉંમરે રેકેટ પકડ્યું હતું અને છ વર્ષની ઉંમરથી તે હરીફાઈમાં ભાગ લેતી હતી.આ સન્માન સમારોહમાં જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રી અનિલકુમાર જીમખાના અધ્યક્ષશ્રી અનિલકુમાર રાણાવસીયાએ જેન્સી કાનાબારની જવલંત સીદ્ધી બદલ જૂનાગઢ જિમખાનાના ટેનીસ કોર્ટનુ નામકરણ "કુ.જેન્સી દીપકભાઈ કાનાબાર" કરવાની પણ જાહેરાત કરી હતી. સાથે જૂનાગઢના જીમખાનામાં લાઈફ ટાઈમ માટે ઓનરિંગ મેમ્બરશીપ પણ આપવામાં આવશે એમ પણ જણાવ્યું હતું.કલેક્ટરશ્રી એ કુ.જેન્સીને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, જેન્સી ભારતની ટેનીસ સ્ટાર બને અને વિશ્વભરમાં ભારતનું નામ ટેનીસ ક્ષેત્રે રોશન કરે તેવી શુભેચ્છાઓ પણ આપી હતી.આ પ્રસંગે જૂનાગઢ મહાનગરપાલિકા ના સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન સુશ્રી પલ્લવીબેન ઠાકર જેન્સી કાનાબારનું સ્વાગત અભિવાદન કર્યું હતું.





## નર્મદા જિલ્લાના યુવાનોના પ્રેરણાસ્ત્રોત...
# હરેશ વસાવા ની બીજેપી ઉપપ્રમુખ તરીકે નિમણૂક થતા ખુશી



| ભરત શાહ | નર્મદા : તા. 2.

નર્મદા જિલ્લાના હજારો યુવાનોના પ્રેરણાસ્ત્રોત, હૃદયસમ્રાટ સતત કાર્યશીલ, નર્મદા જિલ્લાના યુવાનો, વિદ્યાર્થીઓ, ખેડૂતો અને તમામ વર્ગના નાના મોટા પ્રશ્નો માટે હંમેશા અગ્રેસર રહેનાર, સેવાભાવી, આદિવાસી સમાજ માટે સતત ચિંતિત અને સમાજના યુવાનો અને વડીલોના ચહિતા એવા યુવા આદિવાસી નેતા હરેશભાઈ વસાવા ની નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ઉપ પ્રમુખ પદે નિમણૂંક થવા બદલ તેમના તમામ ચાહકો એ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. આ નિમણૂક બાદ યુવાઓ માં ભારે ખુશી જોવા મળી હતી.

## વૈશ્વિક આર્થિક વિકાસ ૨૦૨૬માં ભારતનું ૧૭ ટકા યોગદાન રહેશે

# ભારત જીડીપી ગ્રોથમાં અમેરિકાથી આગળ ઈલોન મસ્ક આશ્ચર્યચકિત

## ઈલોન મસ્ક ભારત અહેવાલ જોઈ બોલ્યા પાવર બેલેન્સ બદલાયું

| નવી દિલ્હી |



ભારતની આર્થિક ક્ષમતાનો ડંકો હવે સાત સમંદર પાર વાગી રહ્યો છે. તાજેતરના આંતરરાષ્ટ્રીય અહેવાલો મુજબ, વર્ષ ૨૦૨૬માં વૈશ્વિક અર્થતંત્રને ગતિ આપવામાં ભારત, અમેરિકા જેવા શક્તિશાળી દેશને પણ પછાડી દેશે. આ આંકડાઓએ માત્ર અર્થશાસ્ત્રીઓને જ નહીં, પરંતુ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કને પણ ચોંકાવી દીધા છે. મસ્કે ભારતની આ રફ્તારને સ્વીકારતા જણાવ્યું છે કે હવે દુનિયામાં સત્તાનું સંતુલન બદલાઈ રહ્યું છે અને એશિયાઈ અર્થતંત્રો વિશ્વનું નેતૃત્વ કરવા તૈયાર છે.મીડિયા અહેવાલ અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાના ડેટા પર નજર કરીએ તો, ૨૦૨૬માં વૈશ્વિક સ્તરે જે આર્થિક વિકાસ થશે, તેમાં ભારતનો ફાળો આશરે ૧૭ ટકા જેટલો રહેવાનો અંદાજ છે. તેની સરખામણીએ અમેરિકાનું યોગદાન માત્ર ૯.૯ ટકાની આસપાસ સીમિત રહી શકે છે.

આ આંકડા સાક્ષી પૂરે છે કે ભારત હવે માત્ર ગ્રાહકોનું બજાર નથી, પરંતુ વિશ્વની આર્થિક એન્જિન તરીકે ઉભરી રહ્યું છે. ઈલોન મસ્કે આ ડેટા પર પ્રતિક્રિયા આપતા સોશિયલ મીડિયા પર લખ્યું કે, "પાવર બેલેન્સ બદલાઈ રહ્યું છે," જે ભારતની વધતી જતી વૈશ્વિક પ્રતિષ્ઠાનું પ્રમાણ છે. ટેસ્લા અને એક્સ (X) ના માલિક ઈલોન મસ્ક લાંબા સમયથી ભારતની આર્થિક ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છે. જ્યારે તેમની સમક્ષ ૨૦૨૬ના સંભવિત આંકડા આવ્યા, ત્યારે તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ભારતના નાણામંત્રી નિર્મલા સીતારમણે પણ એક કાર્યક્રમ દરમિયાન મસ્કની આ જિજ્ઞાસાનો ઉલ્લેખ કર્યો હતો. નાણામંત્રીએ જણાવ્યું કે મસ્ક પણ એ વાતથી અચંબિત છે કે ભારત આટલી ઝડપથી આર્થિક મોરચે આગળ કેવી રીતે વધી રહ્યું છે. આ આંકડાઓ દર્શાવે છે કે ચીન અને ભારત મળીને વિશ્વના કુલ આર્થિક વિકાસમાં લગભગ ૪૩ ટકાથી વધુનો હિસ્સો ધરાવશે.નાણામંત્રીએ બજેટ ૨૦૨૬ પછીના સંવાદમાં સ્પષ્ટ કર્યું હતું કે ભારત હવે પાડોશી દેશો અને પશ્ચિમી દેશો સાથેના આર્થિક અંતરને ઘટાડવા માટે સજ્જ છે. તેમણે વિપક્ષની ટીકાઓનો જવાબ આપતા કહ્યું કે ભારતની શક્તિને સમજવાની જરૂર છે. ભલે હાલમાં ચીન ૨૬ ટકા સાથે આગળ હોય, પરંતુ ભારત જે રીતે ૧૭ ટકાના યોગદાન સાથે બીજા નંબરે મજબૂતીથી ઉભું છે, તે દેશ માટે ગર્વની વાત છે. સરકારના મતે, ઉત્પાદન ક્ષેત્ર અને સેવા ક્ષેત્રમાં થયેલા ધરખમ સુધારા આ જીડીપી ગ્રોથના પાયામાં છે.

વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનો વાસ્તવિક જીડીપી વિકાસ દર ૭.૪ ટકા રહેવાનો અંદાજ છે, જે તેને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા બનાવે છે. મોંઘવારી પરનો અંકુશ અને વિદેશી રોકાણકારોનો વધતો ભરોસો ભારતના પક્ષમાં કામ કરી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સીઓએ પણ ભારતના ક્રેડિટ રેટિંગમાં સુધારો કર્યો છે, જે વૈશ્વિક મંચ પર ભારતની વિશ્વસનીયતામાં વધારો સૂચવે છે. જ્યારે વિકસિત દેશોનો વિકાસ દર ૧.૮ ટકાની આસપાસ રુંધાયેલો છે, ત્યારે ભારતનો આ ઉછાળો નવી આર્થિક ક્રાંતિના સંકેત આપે છે.

### બજેટ બાદ ભારતીય શેરબજારમાં તેજીના સંકેત, આ 3 સેક્ટર્સ પર ખાસ નજર

નવી દિલ્હી: વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ બેંક મોર્ગન સ્ટેન્લી એ કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ બાદ ભારતીય શેરબજાર પર પોતાનો સકારાત્મક અભિપ્રાય જાળવી રાખ્યો છે. મોર્ગન સ્ટેન્લીના તાજેતરના અહેવાલ મુજબ, ભારત સરકારનું બજેટ ભવિષ્યની ગ્રોથ પ્રાયોરિટીઝને સ્પષ્ટ કરે છે. ખાસ કરીને ફાઈનાન્સિયલ, કન્ઝ્યુમર ડિસ્ક્રીશનરી અને ઈન્ડસ્ટ્રીયલ સેક્ટર્સ માટે બેંકે 'ઓવરવેઈટ' રેટિંગ આપ્યું છે, જેનો અર્થ છે કે આ ક્ષેત્રોમાં રોકાણથી વધુ વળતર મળવાની શક્યતા છે. નાણામંત્રીના બજેટ ભાષણની શરૂઆતમાં જ 'સેમિકન્ડક્ટર' નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મોર્ગન સ્ટેન્લી ભારત બજેટ રિપોર્ટ મુજબ, આ બાબત સૂચવે છે કે સરકાર હવે ટેકનોલોજી-આધારિત વિકાસ અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ તરફ મોટો વળાંક લઈ રહી છે. ભારત સેમિકન્ડક્ટર મિશન ૨.૦ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પરનો ભાર લાંબા ગાળે આર્થિક ગતિમાં ક્રાંતિ લાવશે. બજેટમાં નાણાકીય ખાધ (Fiscal Deficit) નું લક્ષ્ય જીડીપીના ૪.૩% રાખવામાં આવ્યું છે, જે મોર્ગન સ્ટેન્લીના ૪.૨% ના અંદાજની ખૂબ નજીક છે. રિપોર્ટ અનુસાર, સરકાર દેવું ઘટાડવાની સાથે સાથે આર્થિક વિકાસને ટેકો આપવા વચ્ચે સચોટ સંતુલન જાળવી રહી છે. કેપિટલ એક્સપેન્ડિચર (Capex) માં કરવામાં આવેલો વધારો અને સેવા ક્ષેત્રમાં સતત વૃદ્ધિ વર્ષ ૨૦૨૭ માં કોર્પોરેટ કમાણી (Earnings) ને વધુ મજબૂત બનાવશે.

# News Brief

### બે વર્ષની સુસ્તી બાદ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં નવી ઉર્જાનો સંચાર

અમદાવાદ/નવી દિલ્હી: કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાગત સુવિધા) ક્ષેત્ર માટે અત્યંત પ્રોત્સાહક સાબિત થઈ શકે છે. 'નુવામા રિસર્ચ' ના તાજેતરના અહેવાલ મુજબ, સતત બે વર્ષની નિરાશા અને ધીમી ગતિ બાદ આ વર્ષનું બજેટ આ ક્ષેત્રમાં ફરીથી પ્રાણ ફૂંકવાનું કામ કરશે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ૧૨.૨ લાખ કરોડના જંગી જાહેર મૂડીખર્ચ (Capex) થી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી કંપનીઓ અને અર્થતંત્રને મોટો વેગ મળવાની આશા છે.નુવામાના અહેવાલ અનુસાર, સરકારે આ વખતે ટ્રાન્સપોર્ટ નેટવર્ક એટલે કે રેલવે અને રોડ સેક્ટરને સૌથી વધુ પ્રાધાન્ય આપ્યું છે. રેલવે માટેની ફાળવણીમાં ૧૧ ટકા અને રોડ સેક્ટર માટે ૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ખાસ કરીને રેલવે સેક્ટરમાં સિવિલ કન્સ્ટ્રક્શન, નવી લાઈનો નાખવી અને ગેજ કન્વર્ઝન જેવા કાર્યો માટેના બજેટમાં ૧૫ ટકાનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે. આ વધારો રેલવેના આધુનિકીકરણ અને વ્યાપારી માલસામાનની હેરફેરને ઝડપી બનાવશે.બજેટમાં રોલિંગ સ્ટોક (એન્જિન અને કોચ) માટે પણ ૧૧ ટકાનો વધારો સૂચવવામાં આવ્યો છે. અહેવાલ મુજબ, રેલવેએ તેના ૩૨,૦૦૦ વેગન ખરીદવાના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૭માં નવા ઓર્ડર આપવા પડશે. "મીડિયા અહેવાલ" મુજબ, આ પગલું વેગન બનાવતી કંપનીઓ માટે ગેમ-ચેન્જર સાબિત થશે અને શેરબજારમાં આ સેક્ટરની કંપનીઓમાં તેજી લાવી શકે છે. વધુમાં, ૭ નવા હાઈ-સ્પીડ રેલ કોરિડોરની જાહેરાત પણ કનેક્ટિવિટીના નવા દ્વાર ખોલશે.

### નાણાકીય ક્ષેત્ર બજેટ ૨૦૨૬ ખાનગી રોકાણ વધારવા માસ્ટરપ્લાન જાહેર

નવી દિલ્હી: કેન્દ્રીય બજેટ ૨૦૨૬માં નાણાકીય ક્ષેત્ર માટે કરવામાં આવેલી જાહેરાતો દેશમાં ખાનગી રોકાણને આકર્ષવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના અમલીકરણમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (UBI) ના તાજેતરના અહેવાલ મુજબ, આ બજેટ દરખાસ્તો ધિરાણકર્તાઓનો આત્મવિશ્વાસ વધારશે, ખાસ કરીને શરૂઆતના તબક્કાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં રહેલા જોખમોને ઘટાડવામાં મદદરૂપ થશે. આ સુધારાઓ દ્વારા ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધશે, જેનાથી દેશભરમાં મોટા પ્રોજેક્ટ્સ વધુ ઝડપથી પૂર્ણ થઈ શકશે.બજેટની સૌથી મોટી જાહેરાતોમાંની એક 'બેન્કિંગ ફોર વિકસિત ભારત' પર ઉચ્ચ સ્તરીય સમિતિની રચના છે. આ સમિતિ ભારતની બેન્કિંગ વ્યવસ્થાને વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓ સાથે જોડવાનું અને ભવિષ્યની બદલાતી જરૂરિયાતો મુજબ આર્થિક માળખું તૈયાર કરવાનું કામ કરશે. "મીડિયા અહેવાલ" મુજબ, આ પહેલથી બેન્કિંગ ક્ષેત્રની સ્થિતિસ્થાપકતા વધશે અને આગામી વર્ષોમાં ધિરાણની ઉચ્ચ માંગને પહોંચી વળવા માટે બેંકો સજ્જ બનશે. પાવર સેક્ટરમાં કાર્યક્ષમતા વધારવા માટે સરકારે પાવર ફાઈનાન્સ કોર્પોરેશન (PFC) અને રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન (REC) ના પુનર્ગઠનની જાહેરાત કરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ પગલાથી રિન્યુએબલ એનર્જી (પુનઃપ્રાપ્ય ઉર્જા) અને ટ્રાન્સમિશન પ્રોજેક્ટ્સ માટે ભંડોળ મેળવવું સરળ બનશે. આ માળખાગત સુધારા ભારતને તેના ઉર્જા સંક્રમણના લક્ષ્યો હાંસલ કરવામાં મદદ કરશે અને નાણાકીય સંસ્થાઓની ધિરાણ શક્તિને વધુ મજબૂત બનાવશે.બજેટમાં નોન-બેન્કિંગ ફાયનાન્શિયલ કંપનીઓ (NBFCs) માટે ક્રેડિટ વિસ્તરણ અને ટેકનોલોજી અપનાવવાના નવા લક્ષ્યો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

### નાણાકીય ખાધમાં ઘટાડો અપેક્ષા કરતા ઓછો, કેપિટલ ગુડ્સમાં તેજીની શક્યતા

નવી દિલ્હી: વૈશ્વિક બ્રોકરેજ ફર્મ જેફરીઝ એ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ પર પોતાનો વિગતવાર રિપોર્ટ જાહેર કર્યો છે. જેફરીઝના મતે, આ બજેટ નાણાકીય ખાધ ઘટાડવાની પ્રક્રિયા અને આર્થિક વિકાસને વેગ આપવા વચ્ચે સચોટ સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે સરકારનું મુખ્ય ધ્યાન ખર્ચ વધારીને રોજગારી અને ઉત્પાદન વધારવા પર રહ્યું છે.નાણાકીય ખાધ જીડીપીના ૪.૩% રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે, જે ગત વર્ષના ૪.૪% ની સરખામણીએ માત્ર ૧૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો છે. આ ઘટાડો બજારની અપેક્ષા કરતા ઓછો છે. પરિણામે, સરકારની લોન લેવાની જરૂરિયાત વધશે, જે બોન્ડ યીલ્ડ (Bond Yield) પર દબાણ લાવી શકે છે. આ સ્થિતિ NBFCs અને પબ્લિક સેક્ટર બેંકો (PSU Banks) માટે ટૂંકા ગાળાના પડકારો ઊભા કરી શકે છે.બજેટમાં કેપિટલ એક્સપેન્ડિચર (Capex) ને આર્થિક વૃદ્ધિના મજબૂત સ્તંભ તરીકે જાળવી રાખવામાં આવ્યો છે. જેફરીઝે રેખાંકિત કર્યું છે કે: ઈલેક્ટ્રોનિક્સ અને ડેટા સેન્ટર સેક્ટરને બજેટમાં મોટી બૂસ્ટર ડોઝ મળી છે. ક્લાઉડ સર્વિસ પ્રોવાઈડર્સ માટે ૨૦ વર્ષની ટેક્સ મુક્તિ ડેટા સેન્ટરની ક્ષમતા વધારશે. વધુમાં, ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ECMS) માટે રૂ. ૪૦૦ અબજની ફાળવણી કરવામાં આવી છે. એનર્જી સેક્ટરમાં, રૂફટોપ સોલર અને કુસુમ (KUSUM) યોજના માટે રૂ. ૨૭૦ અબજની ફાળવણી સ્થાનિક સોલર ઉત્પાદકોને મજબૂત બનાવશે. ફાર્મા ક્ષેત્રે 'બાયોફાર્મા શક્તિ' (Biopharma SHAKTI) યોજના હેઠળ ૫ વર્ષમાં રૂ. ૧૦૦ અબજનું રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

#### કેન્દ્રીય બજેટ ૨૦૨૬ સુધારા દેશની આર્થિક રફ્તાર વધારશે

## એમએસએમઈ સેક્ટર વિકાસ ૨૦૨૬ માટે ૧૦૦૦૦ કરોડનું ફંડ

નવી દિલ્હી: કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ એ ભારતના આર્થિક ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થવા જઈ રહ્યું છે. ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને આર્થિક વિશ્લેષકોએ આ બજેટને 'વિકાસલક્ષી' અને 'માળખાગત સુધારા' પર આધારિત ગણાવ્યું છે. આ અંદાજપત્રમાં માત્ર ટૂંકા ગાળાના લક્ષ્યો જ નહીં, પરંતુ લાંબા ગાળાના આર્થિક નિર્માણ અને સર્વસમાવેશી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને વ્યૂહાત્મક ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને ભારતની આર્થિક ગતિ જાળવી રાખવા માટે સરકારે એક સ્પષ્ટ માર્ગનકશો રજૂ કર્યો છે.એયુ કોર્પોરેટ એડવાઈઝરીના સ્થાપક અક્ષત ખેતાને આ બજેટ પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ નીતિગત માળખું મહત્વકાંક્ષા અને સર્વસમાવેશકતા વચ્ચે સંતુલન જાળવે છે. તેમના મતે, બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત વિકાસ અને નાના ઉદ્યોગોના સશક્તિકરણ પર સ્પષ્ટ ઈરાદો જોવા મળે છે. "મીડિયા અહેવાલ" મુજબ, ઉદ્યોગ જગતના નિરીક્ષકો માને છે કે જો આ જાહેરાતોનું સમયસર અને અસરકારક અમલીકરણ કરવામાં આવશે, તો ભારતની ઉત્પાદન ક્ષમતામાં અનેકગણો વધારો થશે અને વૈશ્વિક બજારમાં દેશની સ્પર્ધાત્મકતા વધશે.ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ સમાન સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) માટે આ બજેટમાં મોટી જાહેરાતો કરવામાં આવી છે. રૂ. ૧૦,૦૦૦ કરોડના સમર્પિત 'ગ્રોથ ફંડ'ની સ્થાપના સાથે, આ ક્ષેત્રમાં તરલતાની સમસ્યા હલ કરવા માટે ડિજિટલ સેટલમેન્ટ મિકેનિઝમને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે.

#### ગ્રામીણ આવકમાં વધારો ૨૦૨૬ બજેટથી માંગ વધવાની આશા

## બજેટ FMCG સેક્ટર અસર SBIએ જાહેર કર્યો

### SBI અહેવાલ ભારત બજેટથી વપરાશલક્ષી વસ્તુઓને વેગ મળશે

(એજન્સી) નવી દિલ્હી | તા 02

કેન્દ્રીય બજેટ ૨૦૨૬ની જાહેરાત બાદ દેશના આર્થિક ક્ષેત્રમાં વિવિધ પાસાઓ પર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ભારતીય સ્ટેટ બેંક (SBI) ના તાજેતરના અહેવાલ મુજબ, આ બજેટની ઘરેલું અર્થતંત્રના ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) એટલે કે રોજિંદા વપરાશની વસ્તુઓના ક્ષેત્ર પર સાનુકૂળ અને હકારાત્મક અસર જોવા મળશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બજેટમાં રજૂ કરાયેલા વિવિધ પ્રસ્તાવો સીધી કે આડકતરી રીતે ગ્રામીણ આવક, કૃષિ ઉત્પાદકતા અને રોજગાર સર્જનમાં મદદરૂપ થશે, જે આ સેક્ટર માટે માંગના મુખ્ય ચાલક બળો છે. બજેટમાં 'ભારત-વિસ્તાર' (Bharat-VISTAAR) નામના બહુભાષી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલની જાહેરાત કરવામાં આવી છે. આ પ્લેટફોર્મ એગ્રીસ્ટેક પોર્ટલ અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR) ના ડેટાને એઆઈ સિસ્ટમ સાથે જોડશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ પગલાથી ખેડૂતોને સચોટ માહિતી મળશે અને ખેતીની ઉત્પાદકતામાં વધારો થશે. જ્યારે ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરશે, ત્યારે તેની સીધી અસર ગ્રામીણ અને અર્ધ-શહેરી બજારોમાં FMCG ઉત્પાદનોના વપરાશ પર પડશે. બજેટમાં ગ્રામીણ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત રોજગારીની તકો ઉભી કરવા માટે પશુપાલન ક્ષેત્રને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. "મીડિયા અહેવાલ" મુજબ, સરકાર ઉદ્યોગસાહસિકતા વિકાસ દ્વારા પશુપાલન સાહસોના આધુનિકીકરણ માટે ક્રેડિટ-લિંક્ડ સબસિડી પ્રોગ્રામ જેવી યોજનાઓ અમલમાં મૂકશે. આ ઉપરાંત, મત્સ્યઉદ્યોગને મજબૂત કરવા માટે ૫૦૦ જળાશયો અને અમૃત સરોવરોના સંકલિત વિકાસની યોજના પણ જાહેર કરાઈ છે. આ તમામ પ્રયાસો ગ્રામીણ જનતાની આવકનું સ્તર સુધારશે, જે અંતે સાબુ, તેલ અને પેકેજ્ડ ફૂડ જેવી વસ્તુઓની માંગમાં વધારો કરશે.

## બજારમાંથી સરકારનું ઉધાર ૧૭.૭% વધશે, બોન્ડ માર્કેટ પર દબાણની શક્યતા

નવી દિલ્હી: નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) એ કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ પર રજૂ કરેલા તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૭ માં કેન્દ્ર સરકારનું બજાર ઉધાર (Market Borrowings) નોંધપાત્ર રીતે વધવા જઈ રહ્યું છે. NSE બજેટ રિપોર્ટ ૨૦૨૬ બજાર ઉધાર મુજબ, સરકારનું કુલ બજાર ઉધાર રૂ. ૧૭.૨ લાખ કરોડ રહેવાનો અંદાજ છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૭.૭% નો મોટો ઉછાળો દર્શાવે છે. આ વધારાના કારણે બોન્ડ માર્કેટમાં સરકારી સિક્યોરિટીઝનો સપ્લાય વધશે, જે બોન્ડની કિંમતો પર દબાણ લાવી શકે છે અને યીલ્ડમાં વધારો કરી શકે છે. રિપોર્ટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભલે આગામી બે વર્ષમાં દેવાની પરતચુકવણી (Repayment) નું દબાણ છે, તેમ છતાં સરકારનું નેટ માર્કેટ ઉધાર પણ વાર્ષિક ધોરણે ૧૨.૮% વધીને રૂ. ૧૧.૭ લાખ કરોડ થશે. આ સૂચવે છે કે સરકાર તેની નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા માટે હજુ પણ બજાર પર મોટાપાયે નિર્ભર છે. રાજકોષીય ખાધ (GFD) ને ફાઈનાન્સ કરવા માટે બજાર ઉધારનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૭ માં વધીને ૬૯% થવાની ધારણા છે, જે છેલ્લા ૫ વર્ષની સરેરાશ ૬૩.૨% કરતા ઘણી વધારે છે.

NSE એ સરકારની દેવાની વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણ ફેરફાર નોંધ્યો છે. છેલ્લા એક દાયકામાં સરકારે લાંબા ગાળાના દેવા (Long-tenure debt) તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.૨૦ વર્ષથી વધુની પાકતી મુદત (Maturity) ધરાવતા દેવાનો હિસ્સો બમણો થઈને ૨૫% થયો છે.કેન્દ્રના કુલ દેવામાંથી લગભગ ૪૦% દેવું ૧૦ વર્ષથી વધુની મુદતનું છે.

આ વ્યૂહરચનાનો મુખ્ય હેતુ 'રોલઓવર રિસ્ક' ઘટાડવાનો અને પરતચુકવણીના બોજને લાંબા સમયગાળામાં ફેલાવવાનો છે, જે દેવાની ટકાઉપણું (Debt Sustainability) સુધારે છે.સમગ્ર ઘટનાક્રમ પ્રમાણે, જ્યારે બજારમાં સરકારી બોન્ડનો સપ્લાય વધે છે, ત્યારે રોકાણકારો વધુ વળતર (Yield) ની માંગ કરે છે. જો RBI ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO) દ્વારા લિક્વિડિટી પૂરી નહીં પાડે, તો બોન્ડ યીલ્ડ ૬.૭૫% થી ૬.૮૫% સુધી પહોંચી શકે છે.


#### જાન્યુઆરી PMI આંકડા ૨૦૨૬માં ૫૫.૪ ની સપાટીએ પહોંચ્યા

## ભારત મેન્યુફેક્ચરિંગ ગ્રોથમાં જબરદસ્ત ઉછાળો જાન્યુઆરીમાં તેજી પરત

નવી દિલ્હી: ભારતના મેન્યુફેક્ચરિંગ સેક્ટરે વર્ષ ૨૦૨૬ની શરૂઆત ધમાકેદાર રીતે કરી છે. ડિસેમ્બર ૨૦૨૫માં જોવા મળેલી સુસ્તી બાદ, જાન્યુઆરી ૨૦૨૬માં ઉત્પાદન પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. એચએસબીસી (HSBC) ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) ના તાજેતરના આંકડા મુજબ, નવા ઓર્ડર, ઉત્પાદન ક્ષમતા અને રોજગારીના દરમાં ઝડપી વૃદ્ધિ નોંધાઈ છે. આ રિકવરી સૂચવે છે કે સ્થાનિક માંગમાં ફરી એકવાર તેજી આવી છે, જેના કારણે ઉત્પાદકોએ મોટા પાયે ખરીદી અને સ્ટાફની ભરતી શરૂ કરી છે. સોમવારે જાહેર કરવામાં આવેલા અહેવાલ મુજબ, જાન્યુઆરી મહિનામાં મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ વધીને ૫૫.૪ થયો છે, જે ડિસેમ્બરમાં ૫૫.૦ ની બે વર્ષની સૌથી નીચી સપાટીએ હતો. "મીડિયા અહેવાલ" દર્શાવે છે કે ૫૦ થી ઉપરનો આંકડો સેક્ટરમાં વિસ્તરણ સૂચવે છે. સર્વેમાં સામેલ કંપનીઓએ જણાવ્યું હતું કે માંગમાં તેજી, નવા વ્યવસાયો અને ટેકનોલોજીમાં રોકાણને કારણે ઉત્પાદનમાં મોટો ઉછાળો આવ્યો છે. ખાસ કરીને કન્ઝ્યુમર ગુડ્સ એટલે કે ગ્રાહક વપરાશની ચીજોના ઉત્પાદનમાં સૌથી શ્રેષ્ઠ દેખાવ જોવા મળ્યો છે. જાન્યુઆરીમાં માત્ર ઉત્પાદન જ નથી વધ્યું, પરંતુ કંપનીઓએ વધતા ઓર્ડરને પહોંચી વળવા માટે કર્મચારીઓની સંખ્યામાં પણ વધારો કર્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, રોજગાર સર્જનનો દર છેલ્લા ત્રણ મહિનામાં સૌથી વધુ રહ્યો છે. સ્થાનિક બજાર ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે એશિયા, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને યુરોપ તરફથી પણ નવા નિકાસ ઓર્ડર મળવાનું શરૂ થયું છે. જોકે, નિકાસની સરખામણીએ સ્થાનિક માંગ વધુ મજબૂત રહી છે, જે ભારતીય અર્થતંત્રની મજબૂતીનો પુરાવો છે.બીજી બાજુ, ઉત્પાદકો માટે પડકારો પણ વધ્યા છે. ઈનપુટ કોસ્ટ એટલે કે કાચા માલના ભાવમાં છેલ્લા ચાર મહિનામાં સૌથી વધુ વધારો થયો છે.

#### શેર બજાર એસટીટી વધારો ટ્રેડરો માટે બન્યો ઓવરડોઝ

## બજેટ ૨૦૨૬ F&O ટેક્સમાં ૧૦૦ થી ૧૫૦ ટકા વધારો




મુંબઈ: કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં નાણા મંત્રી દ્વારા લેવામાં આવેલા એક ચોંકાવનારા નિર્ણયથી શેર બજારમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે. ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (એફ એન્ડ ઓ) સેગમેન્ટમાં સિક્યુરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી) માં અચાનક કરાયેલા અસહ્ય વધારાએ રોકાણકારો અને ટ્રેડરોની કમર તોડી નાખી છે. આ જાહેરાત બાદ આજે શેર બજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી, જેના પરિણામે સેન્સેક્સ ૧૫૪૭ પોઈન્ટ ગબડીને ૮૦૭૨૩ ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૪૯૫ પોઈન્ટ તૂટીને ૨૪૮૨૫ પર આવી ગઈ હતી.

નાણા મંત્રીએ શેર બજારના ટ્રેડરો પર ટેક્સનો જાણે કે કોરડો વીંઝ્યો હોય તેમ એફ એન્ડ ઓ સોદા પરના દરોમાં ૧૦૦ થી ૧૫૦ ટકાનો વધારો કર્યો છે. નવી જોગવાઈ મુજબ, ફ્યુચર્સ સોદા પરનો એસટીટી ૦.૦૨ ટકાથી વધારીને સીધો ૦.૦૫ ટકા કરી દેવામાં આવ્યો છે. એટલું જ નહીં, ઓપ્શન્સ પ્રીમિયમ પર હવે ૦.૧૫ ટકા ટેક્સ ચૂકવવો પડશે, જે અત્યાર સુધી ૦.૧૦ ટકા હતો. આ વધારો ટ્રેડરો માટે ઓવરડોઝ સાબિત થઈ રહ્યો છે, કારણ કે ટ્રેડિંગ ખર્ચમાં મોટો ઉછાળો આવતા નાના અને મોટા બંને વર્ગના ટ્રેડરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

શેર બજારમાં પહેલેથી જ ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો. ડિસેમ્બર ૨૦૨૫ના આંકડા મુજબ, ટ્રેડિંગ વોલ્યુમમાં માસિક ધોરણે ૩૭ ટકાનો જંગી ઘટાડો નોંધાયો હતો. બજારના વિશ્લેષકોનું માનવું છે કે જ્યારે બજાર પહેલેથી જ નબળાઈના તબક્કામાંથી પસાર થઈ રહ્યું હોય, ત્યારે ટેક્સમાં આટલો મોટો વધારો ઝીંકવો એ "બળતામાં ઘી હોમવા" જેવું કામ છે. આ નિર્ણયથી આગામી દિવસોમાં એક્સચેન્જો પર ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં હજુ વધુ ઘટાડો થવાની સંભાવના છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, સરકારને નાણા વર્ષ ૨૦૨૫-૨૬માં એસટીટી થકી રૂ. ૭૮,૦૦૦ કરોડની આવક થવાનો અંદાજ હતો, પરંતુ બજારની હાલની ડામાડોળ સ્થિતિને જોતા આ લક્ષ્યાંક પૂરો થવો મુશ્કેલ જણાય છે. નિષ્ણાતોના મતે, ટેક્સના ઊંચા દરને કારણે જો ટ્રેડિંગ વોલ્યુમ સતત ઘટતું રહેશે, તો સરકારની તિજોરીમાં જમા થતી ટેક્સની આવક વધવાને બદલે ઘટશે. બ્રોકિંગ હાઉસો જેવા કે એન્જલ વન, ઝેરોધા અને ગ્રો વગેરેની આવક પર પણ આ નિર્ણયની નકારાત્મક અસર થવાની પૂરી શક્યતા છે.બજેટમાં લેવાયેલા આ નિર્ણય પાછળ યુવા વર્ગને એફ એન્ડ ઓ ના જોખમી ટ્રેડિંગથી દૂર રાખવાનો સરકારનો શુભ ઈરાદો હોઈ શકે છે, પરંતુ તેની પદ્ધતિ બજારને પચતી નથી. છેલ્લા આઠ વર્ષમાં એસટીટીની આવકમાં સતત ઉછાળો જોવા મળ્યો હતો.

#### બજેટ ૨૦૨૬ | સોનાના બોન્ડ પર મૂડી લાભ મુક્તિમાં ફેરફાર

## સોવરિન ગોલ્ડ બોન્ડ ટેક્સ નિયમોમાં ફેરફાર રોકાણકારો ચિંતિત




અમદાવાદ: કેન્દ્રીય બજેટ ૨૦૨૬માં નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ (SGB) ના ટેક્સ માળખામાં કરવામાં આવેલા ધરખમ ફેરફારને પગલે રોકાણકારોમાં ફફડાટ ફેલાયો છે. અત્યાર સુધી સોનામાં રોકાણ માટેનો સૌથી આકર્ષક ગણાતો આ વિકલ્પ હવે સેકન્ડરી માર્કેટ (ગૌણ બજાર) થી ખરીદનારાઓ માટે મોંઘો સાબિત થશે. સરકારના આ પ્રસ્તાવિત નિર્ણયથી હવે દરેક રોકાણકારને પરિપક્વતા સમયે મળતી મૂડી લાભ કર મુક્તિનો લાભ મળશે નહીં, જેના કારણે રોકાણકારોના વળતર પર મોટી અસર પડવાની ભીતિ સેવાઈ રહી છે.

નવા નિયમો મુજબ, કરમુક્ત રિડમ્પ્શનનો લાભ હવે માત્ર તે જ રોકાણકારોને મળશે જેમણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) પાસેથી સીધા જ ઈશ્યુ દરમિયાન બોન્ડની ખરીદી કરી છે. જો તમે આ બોન્ડ સીધા સરકાર પાસેથી ખરીદ્યા હશે અને તેને તેની પાકતી મુદત સુધી સાચવી રાખશો, તો જ તમારે કોઈ મૂડી લાભ કર ચૂકવવો પડશે નહીં. આ નિયમ ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલી બનવાની દરખાસ્ત છે, જેનો સીધો અર્થ એ છે કે સેકન્ડરી માર્કેટમાંથી સસ્તા બોન્ડ ખરીદીને નફો કમાનારા રોકાણકારો હવે ટેક્સના સકંજામાં આવશે. ઘણીવાર રોકાણકારો સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ થયેલા સોલ્ડ ગોલ્ડ બોન્ડ ઓછા ભાવે ખરીદતા હોય છે. અત્યાર સુધી આવા બોન્ડ પર પણ પરિપક્વતા સમયે ટેક્સ ફ્રી વળતર મળતું હતું. પરંતુ હવે "મીડિયા અહેવાલ" અનુસાર, જે રોકાણકારો એક્સચેન્જમાંથી બોન્ડ ખરીદશે અને ૧ એપ્રિલ, ૨૦૨૬ પછી તેને રિડીમ કરશે, તેમણે પોતાની ખરીદ કિંમત અને રિડેમ્પ્શન કિંમત વચ્ચેના તફાવત પર ટેક્સ ચૂકવવો પડશે. આ પગલાથી સેકન્ડરી માર્કેટમાં ગોલ્ડ બોન્ડની તરલતા અને માંગ પર પણ માઠી અસર થઈ શકે છે. સોવરિન ગોલ્ડ બોન્ડમાં રોકાણકારોને વાર્ષિક ૨.૫ ટકા નિશ્ચિત વ્યાજ મળે છે, જે કરપાત્ર છે. જોકે, સોનાના ભાવમાં થતા વધારા પર અત્યાર સુધી કોઈ ટેક્સ નહોતો. હવે નવા પ્રસ્તાવ મુજબ, એક્સચેન્જમાંથી ખરીદેલા બોન્ડને 'સ્ટાન્ડર્ડ કેપિટલ એસેટ' ગણવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટૂંકા ગાળાના નફા પર સ્લેબ રેટ મુજબ અને લાંબા ગાળાના નફા (LTCG) પર નિયત દરે ટેક્સ વસૂલવામાં આવશે. આ ફેરફારને કારણે હવે રોકાણકારોએ રોકાણ કરતા પહેલા ટેક્સ લાયબિલિટીની ગણતરી કરવી અનિવાર્ય બની ગઈ છે. અત્યાર સુધી રોકાણકારો સોનાના સિક્કા કે દાગીનાના બદલે ગોલ્ડ બોન્ડને વધુ પસંદ કરતા હતા કારણ કે તેમાં મેકિંગ ચાર્જ હોતો નથી અને તે સુરક્ષિત છે. પરંતુ હવે ટેક્સ મુક્તિના દાયરાને મર્યાદિત કરી દેવાતા રોકાણકારો માટે આ વિકલ્પ અગાઉ જેટલો ફાયદાકારક રહ્યો નથી. બજારના નિષ્ણાતોના મતે, આ ફેરફારથી રોકાણકારો હવે ફિઝિકલ ગોલ્ડ કે ગોલ્ડ ઈટીએફ તરફ વળે તેવી પણ શક્યતા છે. સરકારનો આ નિર્ણય લાંબા ગાળાના રોકાણકારોને પ્રોત્સાહિત કરવા માટે હોઈ શકે છે, પરંતુ ટ્રેડિંગ કરતા વર્ગ માટે આ એક મોટો આર્થિક ફટકો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, મહા વદ-02

# રેર અર્થ કોરિડોર : ફ્યુચર ટેક્નોલોજી માટે પૂર્વ તૈયારીઓનું આયોજન

નાણા મંત્રી નિર્મલા સીતારામન દ્વારા જારી કરાયેલા બજેટમાં રેર અર્થ મિનરલ્સ મેળવવા માટેની દિશામાં કામ કરવાને પ્રાધાન્ય અપાયું હતું. નાણામંત્રી દેશમાં રેર અર્થ કોરિડોર સ્થાપવાની અને વિકસાવવાની જાહેરાત કરી હતી. ભારતના ખનિજોથી સમૃદ્ધ ચાર રાજ્યોને જોડીને રેર અર્થ કોરિડોર તૈયાર કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ને ઓરેન્જ બજેટ અથવા તો ઓરેન્જ ઈકોનોમી તરફ લઈ જવાની કેન્દ્ર સરકારની તૈયારીઓ દેખાઈ રહી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રિક ડિવાઈસિસ અને સાધનો તથા સંશાધનોના વપરાશ ઉપર ભાર મુકવા અને તેના માટે જરૂરી સેમીકન્ડક્ટર અને ચીપ બનાવવા માટે રેર અર્થ મિનરલ્સ જરૂરી છે. તેને પ્રાપ્ત કરવાની ખેવના સાથે જ ભારત દ્વારા આ દિશામાં આયોજન કરવામાં આવ્યુ હોવાની ચર્ચા છે.

જાણકારો માને છે કે, આ જાહેરાત માત્ર બજેટ પૂરતી જ કરાઈ છે તેવું નથી. સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સ અને મેટલ્સ માટે હાલમાં પડાપડી થઈ રહી છે. તેની ડિમાન્ડ અત્યંત વધારે છે અને તેનો સપ્લાય ઓછો છે. દુનિયાના મોટાભાગના રેર અર્થ મિનરલ્સ ઉપર ચીન દ્વારા કબજો કરી લેવાયો છે. તેનો સપ્લાય તેણે ઘટાડીને વિશ્વમાં કૃત્રિમ અછત ઊભી કરી છે. ભારતમાં ઘણા રાજ્યો છે જ્યાં રેર અર્થ મિનરલ્સ છે. તેમાંથી સમયાંતરે ખાણકામ કરીને આ જથ્થો કાઢીને ભારત ચીન સહિતના વૈશ્વિક દેશો ઉપર પોતાના નિર્ભરતા ઘટાડી શકે છે. આ દિશામાં પણ આત્મનિર્ભરતા તરફ આગળ વધી શકે છે. ૨૧મી સદીના ઈન્ડસ્ટ્રીયલ પાવર ગણાતા તથા ફ્યુચર ટેક્નોલોજીની માટે પાયાની વસ્તુ ગણાતા આ રેર અર્થ મિનરલ્સને મેળવવા અને તેનો સપ્લાય નિરંતર ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવી ખૂબ જ જરૂરી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈ ગેજેટ્સ અને ટેક્નોલોજી તરફ આગળ વધવું હશે તો તેની ચીપ્સ અને અન્ય પાર્ટ્સ માટે આ મિનરલ્સની ખાસ જરૂર પડશે અને તેને અત્યારથી જ સંગ્રહિત કરવા આ કોરિડોરની રચના કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, બજેટ દરમિયાન નિર્મલા સીતારામને જણાવ્યું કે, સરકારની યોજનાઓની સાર્થકતા માટે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડવાની એક રેર અર્થ કોરિડોર બનાવવામાં આવશે. આ ચારેય રાજ્યો હાલમાં પણ પોતાના ખાણ-ખનીજના જથ્થા માટે અને ખાસ કરીને કોસ્ટલ માઈન્સ અને મિનરલ્સ બેલ્ટ તરીકે જાણીતા છે. આ ચારેય રાજ્યો સંયુક્ત રીતે એકબીજા સાથે જોડાઈને રેર અર્થ એલિમેન્ટ માટે મોટું માળખું બની શકે છે. સરકાર પણ તેમને જોડીને આ કોરિડોર વિકસાવવાનું આયોજન કરશે. મહત્વની વાત એ છે કે, સરકાર દ્વારા ગત વર્ષે જ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટ માટે યોજના લાગુ કરી દેવાઈ હતી. તે સિવાયના રેર અર્થ મિનરલ્સ માટે આયોજનો કરવામાં આવી રહ્યા હતા. હવે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડીને રેર અર્થ કોરિડોર વિકસાવાશે. તેમાં માઈનિંગ ઉપરાંત પ્રોસેસિંગ, રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ કોરિડોર બનવાનો છે તે ચાર રાજ્યોમાંથી તમિલનાડુ અને કેરળમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણીઓ પણ યોજાવાની છે. તેના પગલે રાજકીય પ્લેટફોર્મ પણ તૈયાર કરવામાં આવ્યું હોય તેવી ચર્ચાએ વેગ પકડયો છે. આ કોરિડોરનો મુખ્ય આશય માત્ર ટ્રાન્સપોર્ટેશન નહીં પણ રેર અર્થ મિનરલ્સનું માઈનિંગ કર્યા બાદ તેનું પ્રોસેસિંગ કરવું, રિસર્ચ સંસ્થાઓ સુધી પહોંચાડવું અને મેન્યુફેક્ચરિંગ યુનિટ સાથે પણ તેનું જોડાણ કરવું જેવી બાબતોનું ધ્યાન રાખવામાં આવશે. જાણકારોના મતે આ કોરિડોર દ્વારા ખનનથી શરૂ કરીને મેન્યુફેક્ચરિંગ સુધી સંશાધનોના લોજિસ્ટિકમાં જે વિલંબ થાય છે તેમાં ઘટાડો થશે અને સ્થાનિક ધોરણે ઉત્પાદન વધશે અને આત્મનિર્ભરતા કેળવાશે. આ ચારેય રાજ્યો એવા છે જ્યાં માત્ર રેર અર્થ મિનલ્સ છે તેવું નથી. આ રાજ્યોમાં સારામાં સારા પોર્ટ્સ છે, ઈન્ડસ્ટ્રીયલ ઝોન છે અને ખાસ કરીને ઉદ્યોગોને સપોર્ટ કરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. સ્થાનિક સરકારો અને કેન્દ્ર સરકાર વચ્ચે તાલમેલ સાધીને રેર અર્થ મિનરલ્સ સેક્ટરમાં ઈકોસિસ્ટમ તૈયાર કરવાની કવાયત છે. જેથી આ એક્ટિવિટી માત્ર માઈનિંગ નહીં પણ એક હાઈવેલ્યુ બિઝનેસ મોડયુલ તરીકે ડેવલપ થાય.ઉલ્લેખનીય છે કે, રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજો હકીકતે ૧૭ પ્રકારની છે. આ એવી ધાતુઓ છે જે દેખાવમાં ખૂબ જ સામાન્ય છે પણ તેની અંદર એવા વિશેષ ગુણ છે જેના કારણે તેની ડિમાન્ડ ખૂબ જ છે.

### માનવતા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતું રાજુલા પોલીસ ટીમ

# ટાઉન વિસ્તારમાં ખોવાયેલા રૂપિયા ૧,૬૫,૦૦૦ ગણતરીની કલાકોમાં મૂળ માલિકને પરત અપાવતી રાજુલા પોલીસ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પોલીસે ત્રીજા નેત્રનો ઉપયોગ કરી અને સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવાર માટે પોલીસ બની આશીર્વાદ રૂપી રાજુલા શહેરમાં બર્બટાણા તાલુકો રાજુલા જે ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરેલ હોય જેના રૂપિયા ૧,૬૫,૦૦૦ રોકડા ભુરા જે રાજુલા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા કૃષિ શાખા રાજુલા માં જમા થયેલ હોય તે પૈસા ઉપાડી કાપડની થેલીમાં રાખી અને બર્બટાણા જવા માટે નીકળેલા ત્યારે આ રકમ રાજુલા ટાઉન વિસ્તારમાં આ રકમ ભરેલી થેલી પડી ગયેલ હતી આ બાબતે તાત્કાલિક તેમણે રાજુલા પોલીસની જાણ કરી અને સાથે જણાવ્યું કે સાહેબ મારા આ રૂપિયા આખા વર્ષની કમાઈ અને મહેનતના છે આ શબ્દો સાંભળતા જ રાજુલા શહેરના જાબાજ નવા નિમાયેલા પી.આઇ કોલાદરા ની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ સ્ટાફને બનાવ સમયના સી.સી.ટી.વી કેમેરા ચેક કરવા અને આ અરજદારના ખોવાયેલ મગફળી વેચાણની રોકડ રકમ અપાવા રાજુલા પોલીસની ટીમને માર્ગદર્શન આપેલ ત્યારે રાજુલા ઈન્ચાર્જ વી એમ વાળા તથા પોલીસ કોન્સ્ટેબલ અમિતભાઈ તુલસીભાઈ મકવાણા શંભુભાઈ લાભુભાઈ વાઘેલા તથા સમગ્ર પોલીસ સ્ટાફે રાજુલા ટાઉન વિસ્તારમાં પૂછપરછ શરૂ કરી અલગ અલગ વિસ્તારના સીસીટીવી ફૂટેજો તેમજ વુમન સ્ત્રોત ઊભા કરી અને માહિતી મેળવતા એક અજાણી મહિલા પડી ગયેલી થેલી લઇ અને રીક્ષામાં બેસતી સી.સી ટીવી માં નજરે પડેલ તે આધારે આ રીક્ષા ચાલકને શોધી અને તેની પૂછપરછ કરતા તેઓએ આ મહિલાને રાજુલાના હિંડોરણા ગામે ઉતારેલ હોવાની માહિતી મેળવી ત્યારે રાજુલા પોલીસ હિંડોરણા ગામે જઈ અને મહિલાની તપાસ કરતા તેઓ પાસે પૈસા ભરેલી થેલી હોવાનું જણાયેલ અને આ થેલીમાં રોકડા રૂપિયા ૧,૬૫,૦૦૦ જે રકમ હમીરભાઈ રામજીભાઈ કાતરીયા હોવાની ખરાઈ કરી અને રાજુલા પોલીસે તેઓને આ રકમ પરત કરેલ ત્યારે ખાસ વિશેષ વાત એ છે કેઅમરેલી જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોક ભાગીદારી થી સી.સી.ટીવી કેમેરાઓની મદદથી હુમન સ્ત્રોતના આધારે અરજદાર હમીરભાઈ ના રોકડા રૂપિયા ૧,૬૫, ૦૦૦ ભરેલ થેલી પરત શોધી આપી અને ત્યારે રાજુલા પોલીસે 'પોલીસ પ્રજાનો મિત્ર છે 'તે સૂત્રને આજે રાજુલા પોલીસે સાર્થક કરી બતાવ્યું ત્યારે અરજદાર હમીરભાઈ કાતરીયા એ પણ રાજુલા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભાવનગર-સોમનાથ હાઈવે પર સિંહણનો ભોગ, વાહનની ટક્કરથી મોત વન્યજીવ સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર-સોમનાથ હાઈવે પર સિંહણનું મોત,વન વિભાગની નિષ્ક્રિયતા સામે સવાલો સુરક્ષા વ્યવસ્થા ફરી નિષ્ફળ ભાવનગર - સોમનાથ નેશનલ હાઈવે પર નાગેશ્રી ટોલ નાકા નજીક સિંહણને વાહનની ટક્કર લાગતા તેનું કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર વન્યજીવોની સુરક્ષા બાબતે વન વિભાગની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, સિંહણ રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે પૂરપાટ ઝડપે આવતી એક અજાણી ફોર-વ્હીલર કારએ તેને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે સિંહણનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માત બાદ કારચાલક ટોલ નાકા પાસેથી પસાર થઈ ઉના તરફ ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.એશિયાટિક સિંહોના નિવાસસ્થાન વિસ્તારમાં હાઈવે પર વન્યજીવોની અવરજવર સામાન્ય છે, છતાં વન વિભાગ દ્વારા કોઈ અસરકારક સુરક્ષા વ્યવસ્થા જોવા મળતી નથી. હાઈવે પર ગતિ મર્યાદાનું કડક પાલન, રાત્રિ પેટ્રોલિંગ, ચેતવણી બોર્ડ અને વન્યજીવ સુરક્ષા માટેના ઉપાયો માત્ર કાગળ પર જ સીમિત હોવાનું આ ઘટનાથી ફરી સાબિત થયું છે.ટોલ નાકા જેવા સુરક્ષિત ગણાતા વિસ્તારમાં જ અકસ્માત થવો અને ચાલકનું સહેલાઈથી ફરાર થઈ જવું એ વન વિભાગ તેમજ સંબંધિત તંત્રની નિષ્ફળતાની નિશાની ગણાય છે.

# રાજુલાના આગરીયા જગાતનાકા પાસે ગમખ્વાર અકસ્માત એક જ પરિવારના પાંચ લોકો ઈજાગ્રસ્ત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા શહેરમાં આગરીયા જગાતનાકા નજીક આજે એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. પરબ વાવડી તરફથી રાજુલા આવી રહેલી એક ફોરવ્હીલ કાર અચાનક રસ્તા બાજુ આવેલા ખુલ્લા ગટરના ઊંડા ખાડામાં ખાબકી ગઈ હતી. અકસ્માત સમયે કારમાં બેઠેલા એક જ પરિવારના કુલ પાંચ સભ્યોને ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.ઘટના બનતા જ આસપાસના વેપારીઓ અને સ્થાનિક રહીશો તરત જ દોડી આવ્યા હતા. લોકોએ માનવતા દાખવી ગટરના પાણીમાં ફસાયેલા તમામ લોકોને બહાર કાઢી તાત્કાલિક મદદ પૂરી પાડી હતી. સ્થાનિક લોકોની સતર્કતા અને તાત્કાલિક સહાયના કારણે મોટી જાનહાનિ ટળી હોવાનું માનવામાં આવે છે.સ્થળ પર હાજર પરિવારજનોના જણાવ્યા મુજબ, રસ્તા પરનો આ ખુલ્લો ગટરનો ખાડો ખૂબ જોખમી છે અને આ ખાડો કોઈકનો જીવ લઈ જશે એવી વેદના તેમણે વ્યક્ત કરી હતી. સ્થાનિકોમાં પણ આ ખાડા બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# નર્મદા : વરાછા ગામે ખેડૂતો માં ભારે રોષ જોવા મળ્યો: ઓવરલોડ ટ્રકો બાબતે અડધી રાત્રે ગ્રામજનો રસ્તા પર ઉતર્યા

ભરત શાહ, નર્મદા



તા. તા. ૨. રવિવારે રાત્રિના 11:45 વાગે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વરાછા ગામના ગ્રામજનો પટેલ સમાજ, માછી સમાજ, આદિવાસી સમાજના આગેવાનો ગ્રામજનો ની રજૂઆત છે કે છેલ્લા 2021 થી ત્યાં બ્રિજ બનાવ્યો અને ત્યાર પછી અહીંથી વડીયા ગામ વરાછા થી નાવરા ગામનો રસ્તો કુલ 6 કિલોમીટરનો હોય આ રસ્તો વર્ષો પહેલા પગદંડી અને બળદગાડા દ્વારા ચાલતો હતો આ રસ્તા માટે સરકાર દ્વારા 20 20 ફૂટ જેટલી જમીન ખેડૂતો પાસેથી લીધેલી છે જ્યારથી આ પુલ બન્યો છે ત્યારથી ગેરકાયદેસર રેતીની હાઈવા ટ્રકો અને ઓવરલોડ ગાડીઓ ખૂબ મોટા પ્રમાણમાં અહીંથી પસાર થાય છે આ ખેડૂતો રાત દિવસ અહીંયા અલગ અલગ ટીમો બનાવીને રહે છે રસ્તાથી જે ધૂળ ઉડે છે એનાથી ખેડૂતો ના કપાસ શેરડી કેળો અને જે ગુલાબના ફૂલ જેવી વિવિધ પ્રકારની લોકો ખેતી કરી રહ્યા છે એ ખેતીને ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થાય છે એ લોકોએ અગાઉ કલેકટર ઓફિસે રજૂઆત કરી છે.

# વિંઝાણ મધ્યે હિંગોરા સમાજ દ્વારા આઠમાં સમુહલગ્નનું સફળ કરાયુ આયોજન



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ અબડાસા તાલુકાના વિંઝાણ ગામ મધ્યે દર વર્ષની જેમ આ વર્ષે આઠમા સમુહલગ્ન સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યુ હતુ.

બક્ષીપંચ મોરચા અબડાસા ભાજપ પ્રમુખશ્રી ને માજી સરપંચ ખીરસરા (વિં)ના હિંગોરા રજાકભાઈ જે અંગે માહીતી આપતા જણાવેલ કે તારીખ 01-02-2026 સોમવારના અખિલ કચ્છ હિંગોરા સમાજ દ્વારા આઠમા સમુહલગ્ન બહુજ અમન અને સુકુનની સાથે 23 નિકાહો સાથે 46 દુલ્હા દુલ્હનો એ પોતાના લગ્ન નવજીવનની શરૂઆત કરી હતી સમાજના સમુહશાદીમાં હાજરી આપનાર તમામ આલે રસુલ અને ઉલમાએ કિરામ અને હિંદુ મુસ્લિમ સમાજના આવેલા નામી અનામી આગેવાનોએ હાજરી આપી તે બદલ તેમના દ્વારા સૌનો આભાર વ્યક્ત કરાયો હતો.



# પોલીસ પ્રજાનો મિત્ર તે સુત્રને સાર્થક કરી બતાવતું રાજુલા પોલીસ ટીમ : રાજુલા ખાતે એક મહિલા સિનિયર સિટીઝન પોતાના પરિવારથી ભુલા પડેલ હોય તે મહિલાને પરિવાર સાથે મિલન કરાવતી ખાખી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ મ્હે. ભાવનગર રેન્જ આઈ.જી.પી.શ્રી. ગૌતમ પરમાર સાહેબ ભાવનગર રેન્જ ભાવનગરનાઓએ ભાવનગર રેન્જના જિલ્લામાં બનતા વ્યકિત સબંધીત ગુમના બનાવમાં ત્વરિતપણે પગલાં લઈ ગુમ થયેલ વ્યકિતને શોધી પરીવાર સાથે મિલન કરાવવાં સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત સાહેબ તથા સાવરકુંડલા ડીવીઝનના ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી પી.આર. રાઠોડ સાહેબનાઓએ અમરેલી જિલ્લામાં વ્યકિત સબંધીત ગુમના બનાવોમાં સત્વરે ગુમ થનારને શોધી પરીવાર સાથે મિલન કરાવવાં સુચના આપેલ હોય,જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર શ્રી વી.એમ.કોલાદરા સાહેબે અસરકારક કામગીરી કરવાં સુચના અને માર્ગદર્શન આપેલ, જે અન્વયે તા.૦૧/૦૨/૨૦૨૬ ના રોજ રાજુલા પોલીસ સ્ટાફ રાજુલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન સવારના આશરે દસેક વાગ્યે સર્મપણ હોસ્પિટલ પાસે એક વયોવૃધ્ધ મહીલા ખુબ જ ચિંતાતુર અને ગભરાયેલી હાલતમાં પોલીસ સ્ટાફ પાસે આવેલ અને ફરજ પરના પોલીસ કર્મચારીઓને વાત કરેલ કે, પોતે બગસરા મુકામેથી તેમના દિકરાને ત્યાં રહેવાં માટે આવેલ છે અને સવારના સમયે ગાયત્રી મંદિરે દર્શનકરવાં માટે ગયેલ હતા અને દર્શન કરી પરત ઘરે જવાં નીકળેલ પરંતુ તેઓ રસ્તો ભુલી જતાં અહીં સુધી આવી ગયેલ છે.

# બે દિવસીય ઈનોવેશનલ એજ્યુકેશન ફેર નું જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.કિરણબેન પટેલ ના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું



ભરત શાહ, નર્મદા

તા. ૨. GCERT ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - ડાયટ નર્મદા (રાજપીપલા) આયોજિત બે દિવસીય ઈનોવેશનલ એજ્યુકેશન ફેર 2025-26 નું જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.કિરણબેન પટેલ ના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.જેમની સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિશાંત દવે, GCERT માંથી રીડર ડૉ. વિજય પટેલ, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ નર્મદાના અધ્યક્ષ દેવેન્દ્ર જાદવ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, BRC કો.ઓ, ઘટક સંઘના હોદ્દેદારો તેમજ ડાયટના તમામ લેક્ચરરો ઉપસ્થિત રહ્યા હતા.11માં ઈનોવેશનલ અભિગમની શરૂઆત ડાયટ લેક્ચરર મંજુલાબેન ચૌધરી દ્વારા શાબ્દિક સ્વાગત સાથે આ સમગ્ર આયોજન ડાયટ લેક્ચરર હિનાબેન પરમાર દ્વારા 11માં ઈનોવેશનલ અભિગમ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તકે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. કિરણબેન પટેલે અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિશાંત દવે દ્વારા તમામ ઈનોવેટિવ શિક્ષક મિત્રોને અભિનંદન પાઠવી શાળાઓમાં વિવિધ રીતે ઈનોવેશનલ પ્રવૃત્તિઓ કેવી રીતે અમલમાં મૂકી શકાય અને દરેક શિક્ષક શાળા કક્ષાએ કેવા ઈનોવેશન કરી શકે તે અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# આયુર્વેદિક ફાર્મસીમાં ગેરરીતિના આક્ષેપને પગલે ગાંધીનગરથી ડાંગ રજીસ્ટ્રારને તપાસ સોંપાતા ગરમાવો..

ડાંગ | ડાંગ જિલ્લાની વર્ષો જૂની અને પ્રતિષ્ઠિત ગણાતી 'ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સહકારી મંડળી'માં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલી વહીવટી અનિયમિતતાઓ અને આર્થિક ભ્રષ્ટાચારના મામલે હવે રાજ્ય સરકારનું સી.એમ.ઓ વિભાગ એક્શન મોડમાં આવી છે.આ સંસ્થામાં કર્મચારીઓ સાથે થઈ રહેલા અન્યાય અને ગેરરીતિઓ બાબતે અગાઉ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) કરવાની ચીમકી આપવામાં આવી હતી, જે બાદ આ ગંભીર મામલો મુખ્યમંત્રી કાર્યાલય (CMO) સુધી પહોંચ્યો હતો.મુખ્યમંત્રી કક્ષાએથી મળેલી કડક સૂચનાઓને પગલે ગુજરાત રાજ્યના નાયબ રજીસ્ટ્રાર (ગ્રાહક) સહકારી મંડળીઓ, ગાંધીનગર દ્વારા ડાંગના મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારને આ કેસની સંપૂર્ણ તપાસ સોંપી દેવામાં આવી છે.જોકે, આ તપાસ સોંપાયા બાદ ડાંગના સહકારી આલમમાં એવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે કે શું સ્થાનિક રજીસ્ટ્રાર રાજકીય દબાણ કે નાણાકીય પ્રલોભનથી મુક્ત રહીને નિષ્પક્ષ તપાસ કરશે કે પછી દોષિતોને બચાવવા માટે તપાસને રફેદફે કરી દેવામાં આવશે? ભ્રષ્ટાચારના બંડલોમાં તપાસ દબાઈ જશે તેવી આશંકાઓ વચ્ચે સમગ્ર જિલ્લાની નજર હવે તપાસના પરિણામ પર ટકેલી છે.આ કૌભાંડની વિગતોમાં ઊંડા ઉતરતા માલૂમ પડે છે કે મંડળીના મુખ્ય ત્રણ હોદ્દેદારો–પ્રમુખ સોન્યાભાઈ જી. ભોયે, મંત્રી હિતેન્દ્રભાઇ પટેલ અને હિસાબનીશ વિજયભાઈ સી. પવાર–તપાસના મુખ્ય દાયરામાં છે.

# POCSO કેસમાં સંડોવાયેલ શિક્ષકની પુનઃનિમણૂક સામે ગ્રામજનોનો આક્રોશ:-શાળાને તાળાબંધીની ચીમકી



ડાંગ | ડાંગ જિલ્લાના આહવા તાલુકાના બરમ્યાવડ ગામે એક ગંભીર વિવાદ સર્જાયો છે, જેમાં POCSO એક્ટ હેઠળ જેલવાસ ભોગવીને નિર્દોષ છૂટેલા શિક્ષકને ફરી એ જ ગામની પ્રાથમિક શાળામાં નિમણૂક અપાતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ડાંગ જિલ્લાના બરમ્યાવડ ગામની પ્રાથમિક શાળામાં ફરી એકવાર વાતાવરણ તંગ બન્યું છે.વર્ષ ૨૦૨૪ દરમિયાન જે શિક્ષક વિરુદ્ધ હોસ્ટેલની બાળકી સાથે દુષ્કર્મ અને POCSO હેઠળ ગુનો નોંધાયો હતો, તે શિક્ષક મધુકર રામજીભાઈ રાઠોડને કોર્ટે નિર્દોષ જાહેર કરતા તંત્ર દ્વારા ફરી તેમને બરમ્યાવડ શાળામાં જ ફરજ પર હાજર કરવાનો આદેશ કરાયો છે. આ નિર્ણય સામે ગ્રામજનો અને એસ.એમ.સી. (SMC) કમિટીએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.ગ્રામજનો દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, મધુકર રાઠોડ છેલ્લા ૩૦ વર્ષથી અહીં શિક્ષક તરીકે અને ૪ વર્ષથી હોસ્ટેલ સંચાલક તરીકે કાર્યરત હતા. તેમની સામે અગાઉ થયેલા ગંભીર દુરાચારના કેસ ઉપરાંત ગ્રામજનોએ અન્ય આક્ષેપો પણ કર્યા છે:શિક્ષક અવારનવાર દારૂના નશામાં રહેતા હોવાનું અને આંકડા-જુગાર જેવી કુટેવો ધરાવતા હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે.શાળાની ગ્રાન્ટના કોરા ચેક અને વાઉચર પર સહીઓ કરાવી લેવાની શંકા સાથે તેમની સામે આર્થિક વ્યવહારોમાં અસંતોષ વ્યક્ત કરાયો છે.ગ્રામજનોનું સ્પષ્ટ કહેવું છે કે જો આ શિક્ષક ફરી શાળામાં આવશે.

# ૧૫ વર્ષીય બાળકી પર દુષ્કર્મનાં મામલે ડાંગ મુસ્લિમ સમાજ લાલઘૂમ, કડક કાર્યવાહીની માંગ .

ડાંગ | ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત 'ડાંગ સ્વરાજ આશ્રમ' માં ૧૫ વર્ષીય આદિવાસી બાળકી પર થયેલા દુષ્કર્મની ઘટનાને પગલે સમગ્ર જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.આ ગંભીર મામલે ડાંગ જિલ્લાનાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકને લેખિત આવેદનપત્ર પાઠવી ગુનેગારો સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.આહવા સ્થિત આશ્રમમાં રહેતી એક સગીર આદિવાસી બાળકી સાથે થયેલા આ દુષ્કર્મ બાદ સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટના અંગે પહેલેથી જ POCSO (પોકસો) એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.ડાંગ મુસ્લિમ સમાજે આ ઘટનાને માત્ર એક બાળકી પરનો ગુનો નહીં, પરંતુ સામાજિક સુરક્ષા અને આશ્રમ જેવી પવિત્ર સંસ્થાઓ પરના વિશ્વાસ પર સીધો હુમલો ગણાવ્યો છે.મુસ્લિમ સમાજ દ્વારા પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં આરોપીઓ સામે પોકસો એક્ટની કડક કલમો હેઠળ ઝડપી અને સખત કાર્યવાહી કરવામાં આવે, આશ્રમના સંચાલન માટે જવાબદાર વ્યક્તિઓ સામે પણ તાત્કાલિક કાયદેસરના પગલાં લેવામાં આવે,પીડિત બાળકી અને તેના પરિવારને સંપૂર્ણ સુરક્ષા, યોગ્ય સારવાર અને ન્યાય મળે તેની ખાતરી કરવામાં આવે.

### ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા

# ફિનટેક ઈનોવેશન્સ અને વિકસીત ભારતના ટકાઉ વિકાસ માટે નાણાકીય સમાવેશ અંતર્ગત રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૩૧ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગ દ્વારા વેટરનરી કોલેજનાં સભાખંડમાં કમિશનર, ઉચ્ચ શિક્ષણ અને રાજ્ય પ્રોજેક્ટ ઓફિસર, રુસા અને પીએમ-ઉષા. શ્રી દિલીપ રાણાની પ્રેરણાથી રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) ઘટક નંબર ૧૧ ફેકલ્ટી ઈમ્પ્રૂવમેન્ટ સ્કીમ ઓન ફિનટેક ઈનોવેશન્સ એન્ડ ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઓફ વિકસીત ભારત@ ૨૦૪૭ હેઠળ રાષ્ટ્રીય સેમિનાર કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયો હતો. એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારને દિપ પ્રાગટ્યથી જૂનાગઢ મહાનગરનાં અગ્રણી ગૌરવભાઈ રૂપારેલીયાએ ખુલ્લો મુકતા જણાવ્યુ હતુ કે આજનો પરિસંવાદ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કોમર્સ ક્ષેત્રે કારકિર્દી ઘડતર ઈચ્છુક છાત્રોને આજનો પરિસંવાદ એક મંચ મળ્યો છે. જેમના પર દેશની યુવા શક્તિને દિશા આપવાની જવાબદારી છે તેવી શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા વ્યક્તિનો વિકાસ કરવાની છે, વ્યક્તિના વિકાસ દ્વારા, રાષ્ટ્રનું નિર્માણ થાય છે.

# જૂનાગઢ જિલ્લા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી ભારે ફફડાટ

જૂનાગઢ | ગીરનારની તળેટીમાં વસેલા શાંત જૂનાગઢ શહેરમાં આજે ન્યાયના મંદિરમાં જ મોતના સોદાગરોની ધમકી પહોંચતા સનસનાટી મચી ગઈ છે. જ્યારે સામાન્ય જનતા ન્યાયની આશાએ કોર્ટના પગથિયાં ચઢી રહી હતી, ત્યારે જ એક અજ્ઞાત ધમકીએ વહીવટી તંત્રના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. જૂનાગઢ જિલ્લા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા જ સમગ્ર પંથકમાં ભયનું લખલખું પસાર થઈ ગયું હતું.અત્યાર સુધીની તાજી સ્થિતિ અને ઘટનાક્રમ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, સવારના સમયે જ્યારે કોર્ટની કાર્યવાહી પૂરજોશમાં ચાલી રહી હતી.

# ચિંચલીમાં શિક્ષણનું નવું સોપાન:- એથર ઈન્ડસ્ટ્રીઝ સુરત દ્વારા આધુનિક સ્કૂલ બિલ્ડિંગનું ભૂમિપૂજન..

ડાંગ | ડાંગ જિલ્લાની સરહદે આવેલા પ્રથમ ગામ ચિંચલી ખાતે શિક્ષણના સ્તરને ઊંચું લાવવા માટે સુરતની જાણીતી કંપની એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે.કંપનીના સામાજિક ઉત્તરદાયિત્વ (CSR) હેઠળ અહીંની આદર્શ માધ્યમિક શાળા'ના નવા આધુનિક બિલ્ડિંગના નિર્માણ માટે એથર ઈન્ડસ્ટ્રીઝના માલિક અશ્વિનભાઈ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ દિપકભાઈ મહેતાના હસ્તે વિધિવત રીતે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિ સાથે શિલાન્યાસ કરીને નવા ભવનના નિર્માણ કાર્યનો પ્રારંભ કરાયો હતો.આ નવું બિલ્ડિંગ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે, જે અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારમાં વસતા આદિવાસી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવામાં મદદરૂપ થશે. છેવાડાના બાળકોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડી તેમના ઉજ્જવળ ભવિષ્યનો પાયો નાખવો એ જ તેમનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ પ્રોજેક્ટથી સ્થાનિક ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, કારણ કે હવે સ્થાનિક સ્તરે જ સુવિધાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ બનશે.એથર ઈન્ડસ્ટ્રીઝની સેવાકીય પહેલને ચીંચલીનાં ગ્રામજનોએ બિરદાવી હતી..

## AAP નેતા ગોપાલ ઇટાલીયા, ડૉ. જ્વેલ વસરા અને ડૉ. કરન બારોટે પ્રેસ કોન્ફરન્સ યોજી નવો નારો જાહેર કર્યો

# "ના બેટાનું ના બાપનું, હવે ગુજરાત આપનું"

### આવનારા સમયમાં વધુ નિયુક્તિઓ કરીને AAPના સંગઠનને વધુ મજબૂત બનાવવામાં આવશે: AAP

અમદાવાદ | હવે ગણતરીના મહિનાઓમાં જ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ સમસ્ત ગુજરાતમાં યોજાવવા જઈ રહી છે. તેને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની આગેવાનીમાં મહત્વપૂર્ણ નિયુક્તિઓ કરવામાં આવી છે. ગાંધીનગર દક્ષિણ વિધાનસભા સીટ પર શૈલેષ સગાશન અને હેમંત દવેની વિધાનસભા સહ પ્રભારી પદે નિયુક્તિ કરવામાં આવી છે. સાથે સાથે ગાંધીનગર તાલુકા પ્રમુખ પદે અરવિંદસિંહ સોલંકીની નિયુક્તિ કરવામાં આવી છે. આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીની ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી આ નિયુક્તિઓ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે એવો વિશ્વાસ પાર્ટીના શીર્ષ નેતૃત્વ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. નવનિયુક્ત તમામ સાથીઓને પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને આમ આદમી પાર્ટી પરિવાર તરફથી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.




અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટ તથા કાર્યકારી મધ્ય ઝોન અધ્યક્ષ ડૉ. જ્વેલ વસરા દ્વારા આજે એક મહત્વપૂર્ણ મુદ્દા પર પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ પ્રસંગે આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યવ્યાપી જાગૃતિ અભિયાન અંતર્ગત નવો નારો લોન્ચ કરવામાં આવ્યો. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે છેલ્લા લાંબા સમયથી ગુજરાતની જનતા મજબૂરીના કારણે ભાજપને મત આપતી આવી છે. વર્ષો સુધી સત્તામાં રહેવાથી ભાજપમાં એવુ અભિમાન અને અહંકાર આવી ગયો છે કે જાણે ગુજરાત એમના બાપનું રાજ્ય હોય. જ્યારે લોકશાહી વ્યવસ્થામાં અંતિમ સત્તા સંવિધાન મુજબ હંમેશા જનતાની હોય છે. જનતાથી મોટો કોઈ શાસક, કોઈ સરકાર કે કોઈ પાર્ટી નથી. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપના શાસનમાં બાપ-બેટાની જોડીઓ દ્વારા રાજ્યમાં દાદાગીરી અને શોષણ ચાલી રહ્યું છે.

### ભાજપના લોકોના નામે હજારોની સંખ્યામાં નામ કાપવાની અરજીઓ થઈ રહી છે: પિયુષ પરમાર AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઓબીસી સેલના પ્રમુખ પિયુષ પરમારે એક વીડિયોના માધ્યમથી ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું હતું કે, SIRની કામગીરી સમગ્ર ગુજરાતમાં ચાલે છે અને ભ્રષ્ટ ભાજપે 12,00,000 કરતા વધારે સાત નંબરમાં ફોર્મ ભરી સામાન્ય મતદારોનો મતદાન કરવાનો અધિકાર છીનવી લેવાની કોશિશ કરી છે. માંગરોળ માળીયાહાટી વિધાનસભાના 30000થી વધારે ફોર્મ રજૂ થયા, જેમાં આ તાલુકાના 7216 જેટલા ફોર્મ રજૂ થયા અને એનું એક લિસ્ટ મારી પાસે આવ્યું છે, જેમાં ખૂબ જ ચોકાવનારા ખુલાસા થયા છે. આ લિસ્ટમાં એની જાણકારી છે કે કેટલા લોકોએ કેટલા નામ કમી કરવા માટે અરજી કરી. આ તમામ લોકો ક્યાંકને ક્યાંક બીજેપી સાથે સંકળાયેલા છે અને બીજેપીના હોદ્દાઓ ઉપર પણ છે. વધુ ચોંકાવનારી બાબત એ છે કે જ્યારે અમે ક્રોસ ચેક કર્યું તો ખબર પડી કે આ લોકોને ખબર જ નથી કે તેમના નામથી આવી અરજીઓ થઈ છે. હું ભાજપના તમામ સામાન્ય કાર્યકરોને કહેવા માગું છું કે તમારા નામે ભ્રષ્ટ ભાજપે અરજીઓ કરી છે અને તમારું નામ તમારું ચૂંટણી કાર્ડ અને તમારો નંબરનો ઉપયોગ કર્યો છે.

### મતદારોના નામ કાપવા મુદ્દે AAP નેતા પિયુષ પરમારે પૂરાવા સાથે ભાજપ પર કર્યા આકરા પ્રહાર

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઓબીસી સેલના પ્રમુખ પિયુષ પરમારે એક વીડિયોના માધ્યમથી ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું હતું કે, SIRની કામગીરી સમગ્ર ગુજરાતમાં ચાલે છે અને ભ્રષ્ટ ભાજપે 12,00,000 કરતા વધારે સાત નંબરમાં ફોર્મ ભરી સામાન્ય મતદારોનો મતદાન કરવાનો અધિકાર છીનવી લેવાની કોશિશ કરી છે. માંગરોળ માળીયાહાટી વિધાનસભાના 30000થી વધારે ફોર્મ રજૂ થયા, જેમાં આ તાલુકાના 7216 જેટલા ફોર્મ રજૂ થયા અને એનું એક લિસ્ટ મારી પાસે આવ્યું છે, જેમાં ખૂબ જ ચોકાવનારા ખુલાસા થયા છે. આ લિસ્ટમાં એની જાણકારી છે કે કેટલા લોકોએ કેટલા નામ કમી કરવા માટે અરજી કરી. આ તમામ લોકો ક્યાંકને ક્યાંક બીજેપી સાથે સંકળાયેલા છે અને બીજેપીના હોદ્દાઓ ઉપર પણ છે. વધુ ચોંકાવનારી બાબત એ છે કે જ્યારે અમે ક્રોસ ચેક કર્યું તો ખબર પડી કે આ લોકોને ખબર જ નથી કે તેમના નામથી આવી અરજીઓ થઈ છે.

### કલાકો વીતી ગયા છતાં આગ કાબૂમાં નહીં, જવાબદાર અધિકારીઓ ગાયબ : પાયલ સાકરીયા AAP

અમદાવાદ | સુરતના ખજોદ ડમ્પિંગ સાઈટ પર લાગેલી ભયાનક આગના મુદ્દે સુરત મહાનગરપાલિકાના વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ ગંભીર આક્ષેપો કર્યા છે. પાયલ સાકરિયા સાથે વિપક્ષ દંડક રચનાબેન હીરપરા અને બીજા કોર્પોરેટરોએ ખજોદ ડમ્પિંગ સાઈટની મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે, આજે સવારથી ખજોદ ડમ્પિંગ સાઈટ પર આગ લાગેલી છે અને અનેક કલાકો વીતી જવા છતાં આગ હજી કાબૂમાં આવી નથી. માહિતી મળતાની સાથે જ વિપક્ષ આમ આદમી પાર્ટીની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ ત્રણ કલાકથી વધુ સમય પસાર થવા છતાં પોલીસના કોઈ ઉચ્ચ અધિકારી કે ડમ્પિંગ સાઈટના જવાબદાર અધિકારીઓ હાજર ન હોતા, જે મનપાની ગંભીર બેદરકારી દર્શાવે છે. પાયલ સાકરીયાએ જણાવ્યું કે છેલ્લા 15 દિવસથી વિપક્ષ દ્વારા કચરાના ઢગલા અંગે ચેતવણી આપવામાં આવી રહી હતી.

#### ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નોંધાવ્યો

### ઐતિહાસિક બજેટ ફાળવણી, આધુનિક સ્ટેશનો અને વિશ્વસ્તરીય ટ્રેન સેવાઓથી રેલવેના પરિદ્રશ્યમાં રૂપાંતર

અમદાવાદ | ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ અંદાજપત્ર સહાય અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જેનાથી રાજ્યમાં સુરક્ષિત, આધુનિક અને યાત્રી-કેન્દ્રીત રેલવે પરિવહનના નવા યુગની શરૂઆત થઈ રહી છે.

ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલવે બજેટની ફાળવણી વર્ષ 2009-14 દરમિયાન 589 કરોડ હતી, જે વધીને 2026-27ના સમયગાળામાં 17,366 કરોડ થઈ છે. આ લગભગ 29 ગણો વધારો છે, જે રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી મજબૂત કરવા માટે સરકારની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે.


ગુજરાતમાં હાલમાં 1,28,748 કરોડની કિંમતના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પ્રગતિમાં છે. આ કાર્યોમાં ટ્રેક નિર્માણ, સ્ટેશન પુનઃવિકાસ અને સુરક્ષામાં મોટા સુધારાઓનો સમાવેશ થાય છે, જે સમગ્ર નેટવર્કમાં લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને ઓપરેશનલ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે.

અમૃત સ્ટેશન યોજના: સ્ટેશનોનું રૂપાંતરણ

અમૃત સ્ટેશન યોજના હેઠળ, ગુજરાતના 87 રેલવે સ્ટેશનોને 6,058 કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનઃવિકાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ડાકોર, હાપા, જામ જોધપુર, મોરબી, ઓખા, પાલીતાણા અને પોરબંદર સહિત 19 સ્ટેશનો પર પુનઃવિકાસનું કામ પહેલેથી જ પૂર્ણ થઈ ગયું છે, જેનાથી યાત્રીઓની સુવિધાઓ અને સ્ટેશનની સુંદરતામાં નોંધપાત્ર સુધારો થયો છે.

#### રેલ્વે બજેટ કનેક્ટિવિટીને વેગ આપે છે રેકોર્ડ કરો

## ભારતીય રેલ્વેએ 2026-27 માં આસામ અને ઉત્તરપૂર્વ માટે 11,486 કરોડ રૂપિયા ફાળવ્યા



માલીગાંવ, 02 ફેબ્રુઆરી

2026-2027 માટે ભારતીય રેલ્વે બજેટ ફાળવણી નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) હેઠળ આસામ અને ઉત્તરપૂર્વીય રાજ્યો માટે એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. ભારત સરકારે આસામ અને ઉત્તરપૂર્વીય રાજ્યો માટે રેકોર્ડ રૂ. 11,486 કરોડ ફાળવ્યા છે, જે 2014 ની તુલનામાં પાંચ ગણો વધારો દર્શાવે છે અને સમગ્ર પ્રદેશમાં ઝડપી, સુરક્ષિત અને ભવિષ્ય માટે તૈયાર રેલ કનેક્ટિવિટી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે.

આસામ અને ઉત્તરપૂર્વમાં 72,468 કરોડ રૂપિયાના રેલ્વે પ્રોજેક્ટ્સ સાથે મોટા પાયે માળખાગત સુવિધાઓ પર કામ ચાલી રહ્યું છે. નેટવર્કને વધુ વિસ્તૃત કરવા માટે નવી રેલ્વે લાઇન માટે સર્વેક્ષણો હાથ ધરવામાં આવી રહ્યા છે, જ્યારે કોકરાઝારથી ગેલેફુ (69 કિમી) સુધી ભૂટાન સાથે રેલ કનેક્ટિવિટીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મણિપુરમાં રેલ્વે પ્રોજેક્ટ્સ ફરી શરૂ થયા છે અને સિક્કિમ અને નાગાલેન્ડમાં પણ કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે, જેનાથી પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો થયો છે.

આસામમાં સૌથી મહત્વપૂર્ણ માળખાગત વિકાસમાંની એક 17 જાન્યુઆરી 2026 ના રોજ કામાખ્યા-હાવડા રૂટ પર દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન સેવાઓનો પ્રારંભ છે, જે આસામ અને પશ્ચિમ બંગાળને જોડે છે. બીજા જ દિવસે આસામની પ્રથમ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન સેવાઓ - ગુવાહાટી (કામાખ્યા)-રોહતક અને ડિબ્રુગઢ-લખનૌ (ગોમતી નગર) ના પ્રારંભ સાથે વધુ એક ગર્વની ક્ષણ બની. માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બંને સેવાઓનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેનાથી આસામ, પશ્ચિમ બંગાળ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ વચ્ચે લાંબા અંતરની રેલ કનેક્ટિવિટી વધુ મજબૂત બની.

### મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા તા. ૧૪ માર્ચના રોજ યોજાશે નેશનલ લોક અદાલત

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જીલ્લામાં મુખ્ય જીલ્લા ન્યાયાધિશ શ્રી એમ.એન.ગડકરીના માર્ગદર્શન હેઠળ જીલ્લાની તમામ કોર્ટોમાં લોક અદાલતનું આયોજનનેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી, નવી દિલ્હી ધ્વારા દેશભરમાં તા. ૧૪ મી માર્ચ, ૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવાનું સુચન થઈઆવેલ છે. જે અનુસંધાને મહીસાગર જીલ્લામાં પણ મુખ્ય જીલ્લા ન્યાયાધિશ શ્રી એમ.એન. ગડકરીના માર્ગદર્શન હેઠળ જીલ્લાની તમામ કોર્ટોમાં લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતમાં મોટર અકસ્માત, બેંક લેણા, ચેક રીટર્ન, સામાન્ય મારામારીના કેસો તથા મીલ્કત સબંધી દાવાઓ, લગ્ન સબંધી કેસો, સમાધાન પાત્ર ન હોય તે સીવાયના વિજળી તથા પાણીના બીલોના કેસો, જમીન સંપાદનના કેસો, સર્વિસ મેટર, વિગેરે પ્રકારના કેસોનો સમાધાન કરી નિકાલ થઈ શકે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવનાર છે.ઉલ્લેખનીય છે કે,સમાધાન વડે કેસોનો નિકાલ થાય તે હેતુથી લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. લોક અદાલતને કારણે લોકોના નાણા અને સમયની બચત થાય છે તથા બન્ને ધરે દીવા થાય છે. લોક અદાલત એ સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે. લોક અદાલતમાં કેસોનો ચુકાદો આખરી હોઈ અપીલની જોગવાઈ હોતી નથી અને અન્ય કોઈ ખર્ચ પણ થતો નથી. આ નેશનલ લોક અદાલતમાં પોતાનો કેસ મુકવા માંગતા પક્ષકારોને પોતાનો વકીલો મારફત જે તે તાબાની કોર્ટોમાં સંપર્ક કરવા અથવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ડીસ્ટ્રીકટ કોર્ટ બિલ્ડીંગ, રૂમ નં. ૧૫, મહીસાગર મુ. લુણાવાડા ફોન નં.- ૦૨૬૭૪- ૨૫૧૧૯૯ ઉપર સંપર્ક કરવા સચિવશ્રી, એચ.આર.પરમાર ધ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

### વિરમગામ-બેચરાજી-મોઢેરા-ચાણસ્મા રોડનું ફોરલેન વાઈડનીંગ કાર્ય પ્રગતિ હેઠળ

પાટણ | પાટણ જિલ્લામાં માર્ગ સુવિધાઓના વિકાસને વેગ આપવા રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ, પાટણ દ્વારા સી. આર.એફ. અંતર્ગત વિરમગામ-બેચરાજી-મોઢેરા-ચાણસ્મા રોડ (કિ.મી. ૬૧/૩ થી ૭૪/૦) ના



વાઈડનીંગ અને મજબૂતીકરણની મહત્વપૂર્ણ કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. પાટણ જિલ્લાના હારીજ પેટા વિભાગ હસ્તકના આ માર્ગને ફોરલેન (૪ લેન) બનાવવા માટે સરકારશ્રી દ્વારા રૂ. ૫૬૨૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત કિ.મી. ૬૧/૩૦૦ થી ૭૪/૦૦ સુધીના હયાત ૧૦.૦૦ મીટર પહોળા માર્ગને ફોરલેનમાં રૂપાંતરિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

### લુણાવાડાની ઈન્ફીનીટી સ્કૂલમાં ધોરણ-10 અને 12ના વિદ્યાર્થીઓનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો

જગદીશત્રિવેદી | મહીસાગર

લુણાવાડા સ્થિત ઈન્ફીનીટી સ્કૂલ ખાતે તાજેતરમાં ધોરણ-10 અને ધોરણ-12ના વિદ્યાર્થીઓનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમ અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજના મેડિસિન વિભાગના વડા અને જાણીતા તબીબ ડો. કમલેશભાઈ ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.



કાર્યક્રમની શરૂઆત ખૂબ જ ભવ્ય રીતે કરવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા શિસ્તબદ્ધ પરેડ યોજીને ઉપસ્થિત મહેમાનોને સન્માનપૂર્વકઆવકારવામાંઆવ્યાહતા.ત્યારબાદશાળાનાટ્રસ્ટી વૈશાલીબેન દરજી દ્વારા મુખ્ય મહેમાનનું કુમકુમ તિલક કરી પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓને જીવનના નવા પડાવ માટે માર્ગદર્શન આપતા ડો. કમલેશભાઈ ઉપાધ્યાયે પોતાના પ્રેરક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, 'માત્ર પુસ્તકિયું જ્ઞાન કે ટકાવારી જ મહત્વની નથી, પરંતુ એક ઉત્તમ નાગરિકબનવુંતેસૌથીમોટીસિદ્ધિછે.

### HORIBAએ ભારતમાં પ્રિસ્ટીન ડીપટેક પ્રાઈવેટ લિમિટેડ હસ્તગત કરી

અમદાવાદ | HORIBA ગ્રુપની કંપની, HORIBA ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ જાહેરાત કરે છે કે તેણે સેમિકન્ડક્ટર અને ક્વોન્ટમ સંશોધન ક્ષેત્રોમાં લેબ ગ્રોન ડાયમંડ (Lab Grown Diamond) ના ઉપયોગ સંબંધિત સંશોધન અને વિકાસ સાથે સંકળાયેલી કંપની પ્રિસ્ટીન ડીપટેક પ્રાઈવેટ લિમિટેડના 100% શેરનું સંપાદન 14 જાન્યુઆરી, 2026 થી પૂર્ણ કર્યું છે, જેનાથી પ્રિસ્ટીન ડીપટેક હવે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બની ગઈ છે.પ્રિસ્ટીન ડીપટેક એ ગુજરાતમાં સ્થિત એક R&D-આધારિત સ્ટાર્ટઅપ છે અને 2023 થી HORIBA સાથે વ્યાપારી સંબંધો ધરાવે છે. પ્રિસ્ટીન ડીપટેકની હીરાના સંશોધન અને વેક્યૂમ ટેક્નોલોજીની કુશળતાને HORIBA ની વિશ્વ-સ્તરીય વિશ્લેષણાત્મક અને માપન તકનીકો (analytical and measurement technologies) સાથે જોડીને, HORIBA 'સેમિકન્ડક્ટર વુવન વેલ્યુ ચેઈન' માટે એક શક્તિશાળી સિનર્જી બનાવશે. આ ભાગીદારી ભારતમાં અદ્યતન સામગ્રી (advanced materials) માટે R&D ફૂટપ્રિન્ટ સ્થાપિત કરે છે, જે HORIBA ને નવા ઉકેલો પ્રદાન કરવા અને વૈશ્વિક બજારમાં સ્વીકૃતિ માટે તૈયાર ક્ષેત્રોમાં નવીનતાને વેગ આપવા માટે સક્ષમ બનાવે છે.

## કેન્દ્રીય બજેટ 2026-2027 અંગેની પ્રતિક્રિયા.....

#### જીજેઈપીસીના ચેરમેન કિરિટ ભણસાલીની પ્રતિક્રિયા

"વિકાસને કેન્દ્રમાં રાખનાર અને મહત્વનાં અવરોધોને ઉકેલ લાવતું અને ભારતના રત્ન અને આભૂષણ ક્ષેત્રને નવી ગતિ આપનાર સકારાત્મક બજેટ રજૂ કરવા બદલ અમે સરકારનો આભાર માનીએ છીએ.આ બજેટ પ્રવાહિતા સુધારે છે, ઉત્પાદન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે અને સમગ્ર રત્ન આભૂષણોનીલ મૂલ્ય શૃંખલા દરમ્યાન નિકાસને વેગ આપે છે.જીજીઈપીસી દ્વારા સૂચવાયેલા રૂપાંતરકારી કસ્ટમ્સ સુધારાઓને બજેટમાં સ્વીકારવામાં આવ્યા તેનું અમે સ્વાગત કરીએ છીએ. વિશ્વાસ આધારિત પ્રક્રિયાઓ, ડિજિટલ મૂલ્યાંકન અને સરળ બનાવેલી ક્લિયરન્સ વ્યવસ્થાઓ વિલંબ અને ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરશે, જેના પરિણામે વ્યવસાયિક વૃદ્ધિને વધુ વેગ મળશે.

#### અરૂંધતી ભટ્ટાચાર્ય, પ્રેસિડેન્ટ અને સીઈઓ, સેલ્સફોર્સ સાઉથ એશિયા

"બજેટ 2026 ભારતના ટેક્નોલોજી ઉપયોગ કરનારા દેશથી એઆઈ-પાવર્ડ ઈનોવેશન વાળા દેશ તરફના પરિવર્તનને દર્શાવે છે - જે માત્ર સ્કેલ પર જ નહીં, પણ ઈંટેલિજેંસ પર નિર્મિત 7 ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર માટેની એક બ્લુપ્રિન્ટ છે.આ વ્યૂહાત્મક ઘડતર સંતુલિત અને લાંબા ગાળાનું છે. ક્લાઉડ સર્વિસિસ માટે 2047 સુધીનો ટેક્સ હોલિડે ડેટા સાવરેનિટીની બાબતે એક માસ્ટરસ્ટ્રોક છે, જે 2030 સુધીમાં ડેટા સેન્ટર રોકાણોમાં અંદાજે 50 બિલિયન ડોલર આકર્ષિત કરશે અને ભારતને ઉભરતા બજારો માટે ક્લાઉડ હબ તરીકે સ્થાન આપશે.MSME સુધારાઓથી સમજી-વિચારેલી વિચારસરણી ઉજાગર થાય છે. 10,000 કરોડના SME ગ્રોથ ફંડ, TReDs પ્લેટફોર્મ મેન્ડેટ અને વિસ્તૃત સેફ હાર્બર થ્રેશોલ્ડ સાથે મળીને, એક ફોર્સ મલ્ટિપ્લાયર્સ બનાવે છે.

#### ગૌરવ લાથ, કોન્કોર્ડ કંટ્રોલ સિસ્ટમ્સ લિમિટેડ

"નાણાંકીય વર્ષ 2027ના કેન્દ્રીય બજેટમાં ભારતના પરિવહન ક્ષેત્રના ભવિષ્ય માટે એક પરિવર્તનશીલ રૂપરેખા રજૂ કરવામાં આવી છે, જે રૂ. 17.14 લાખ કરોડના વિક્રમી મૂડી ખર્ચ દ્વારા સંચાલિત છે. આ અભૂતપૂર્વ રોકાણ ભારતની લાંબા ગાળાની ગતિશીલતા અને લોજિસ્ટિક્સ વ્યૂહરચનાના પાયા તરીકે રેલ્વેને મજબૂત બનાવે છે. હાઇ-સ્પીડ કનેક્ટિવિટીને સક્ષમ કરીને, ફ્રેઈટ કોરિડોરને મજબૂત બનાવીને અને રાષ્ટ્રવ્યાપી લોજિસ્ટિક્સ કાર્યક્ષમતાને વેગ આપીને, સરકાર 10 ટ્રિલિયન ડોલરના ભારતના અર્થતંત્ર માટે એક સરળ, ભવિષ્ય માટે તૈયાર પરિવહન ઈકોસિસ્ટમનો પાયો બનાવી રહી છે.બજેટમાં સ્વદેશીકરણ અને અદ્યતન ટેકનોલોજી પર મૂકવામાં આવેલો ભાર એક પરિપક્વ ઔદ્યોગિક ક્ષેત્રને રજૂ કરે છે.

## ૨૦૨૬ ના બજેટ નું બ્યુગલ વાગતા જ શેર બજાર ધડામ કરતું તૂટી ફૂટી ને...

૨૦૨૬ ના બજેટ નું બ્યુગલ વાગતા જ શેર બજાર ધડામ કરતું તૂટી ફૂટી ને અસ્તવ્યસ્ત થઈ જતા લાખો કરોડો ની એસેટ શેરબજાર એ મધ્યમ વર્ગીય જનતા ની ઉમ્મીદ પર પાણી ફેરવી દીધું.૨૦૧૪ થી ૨૦૨૬ સુધી ના મોદી સરકાર ના બજેટ ભાષણ બાદ આઠ વખત સેન્સેક્સ ઘટ્યો છે.નાણામંત્રી નિર્મલાજીની સાડી પરથી "હૈદરાબાદ" ને લાભ મળશે એવું મીડિયામાં ચર્ચાતું હતું ત્યારે ગુજરાતમાં પાન ના ગલે તમાકુ ચોળતા બેત્રણ જણા આપસ માં વાત કરતા બોલ્યા કે કાશ ૨૦૨૭ માં નિર્મલા બેન ગુજરાતી સાડી માં સંસદ માં બજેટ રજૂ કરે,કેમ? અરે!!અમારા ગુજરાત માં રૂપિયા ની ખોટ ની નથી પણ મોંઘવારી ના કકળાટ માં બૈરા નો કંકાસ *બીડી તમાકુ છોડો" નો વધ્યો છે. ગુજરાતીઓ શેર બજાર પાછળ રૂપિયા વધારે ખર્ચે એટલે શેર બજાર ના નિષ્ણાતને પૂછ્યું કે એલા!!બજેટ સત્ર શરૂ થયા બાદ શેર બજાર આઠ વાર પડ્યું,કેમ? શેર બજાર ના વિદ્વાન એ કીધું કે બુન,સરકાર ના બજેટ માં થયેલ નિર્ણય ના કારણે સટ્ટા બજાર પર રોક લાગશે ને લાખો કરોડો લોકોના સટ્ટા પાછળ બંધ આંખ ના "રાતો રાત કરોડપતિ થવાની" સપનાની બજાર બંધ થશે. સટ્ટો એક એવો જુગાર છે કે એકવાર રમ્યા બાદ લોકોને રીતસરની એની લત લાગી જતી હોય છે. તાજેતર માં બનેલ કિસ્સા માં માદીકરા ને સટ્ટા ની ભયાનક લત લાગી જતા એમણે સટ્ટા રમવા પાછળ પોતાના ઘરબાર પણ વેંચી નાખ્યા હતા.કદાચ સરકાર ના અમુક નિર્ણયો જનતા માટે સાચા હશે પરંતુ આ નિર્ણય ને કારણે લાખો શેર બજાર માં નિયમિત ડબ્બા ટ્રેડિંગ કરતા લોકો નવરા થઈ જશે. આ લોકો ની રોજગારી નું શું? ઘર પરિવાર એ હવા પાણી થી નથી ચાલતા "રૂપિયા" થી ચાલે છે.જે લોકોને જુગાર રમવાની આદત છે એ લોકો જુગાર રમવા માટે "સટ્ટા" ને બદલે અન્ય વિકલ્પ શોધી શકે છે.

ભારતનો રૂપિયો દિવસે દાડે નબળો પડતો જાય છે એની લગામ પકડવા ને બદલે ચીલા ચાલુ ૨૦૨૬ ને બદલે ૨૦૪૭ નું વિઝન આપતું બજેટ કેમ સંસદ માં રજૂ થયું હશે? સરકાર ના દિશા શૂન્ય વલણ સમજાયું નહી. ૨૦૪૭ ના વિઝન વાળા બજેટ ને ૨૦૨૬ માં રજૂ કરવું મતલબ નાણામંત્રી પાસે ભારત માં ઝડપથી વધી રહેલ યુવાધન અને પ્રૌઢ ના મૃત્યુ ના આંકડા વિશે જાણકારી નથી.કોરોના કાળ બાદ ભારત માં હાર્ટ એટેક અને અસાધ્ય રોગ નો શિકાર સામન્ય માણસ વધારે બની રહીયો છે. કદાચ ૨૦૨૬ માં ૫૦વર્ષ ના થયેલ ભારતીય આમ નાગરિક એ વર્ષ ૨૦૪૭ ને જોવા જીવતો રહેવાનો નથી.અધધ મોંઘવારી ને લીધે સામન્ય શાકભાજી થી લઈને કરીયાણું,દૂધ વગેરે વગેરે પ્રાથમિક જરૂરિયાતો માં ભેળસેળ નું પ્રમાણ વધ્યું છે. મધ્યમ વર્ગીય લોકો ને "સસ્તા" માં રસ હોય છે, કેમ? ટાંચા પગાર માં ગૃહસ્થી ચલાવવી એ વર્તમાન સમય માં ગૃહિણીઓ માટે પડકાર જનક છે. ગ્રોસરી ની દુકાનો માં ભાવ પ્રમાણ માં ઓછા પણ ૨૫૦ગ્રામ અનાજ માંથી ૧૦૦ ગ્રામ વેસ્ટ નીકળે છે એટલે મોલ કલ્ચર ભારત માં પ્રવેશતા જ મોટાભાગ ની ગૃહિણીઓ ડિમાર્ટ ,રિલાયન્સ વગેરે જેવા ગ્રોસરી મોલ માંથી મહિના નો સામાન ખરીદી કરતી હોય છે. વર્તમાન સમયમાં સરકાર ના આંખ આડા કાન ને લીધે ગ્રોસરી મોલ માં ગ્રાહકો સાથે મસ્ત છેતરપિંડીઓ થવા લાગી છે.



૨૦૪૭ ના વિઝન નું બજેટ..
- રુપાલી દવે

દિવાળી ની સિઝન માં લોકો ડ્રાયફ્રુટ્સ વધારે ખરીદતા હોય છે એટલે મોલ વાળા તક નો લાભ ઉઠાવી ને ડ્રાયફ્રુટ્સ ના ભાવ બજાર ભાવ કરતા રાહત ભાવે પેક કરતા હોય છે.ડિમાર્ટ જેવા ગ્રોસરી મોલ એ દિવાળી માં ડ્રાયફ્રુટ્સ વેંચી ને ખૂબ કમાણી કરી લીધી હતી. ડિમાર્ટ નું ટેગ લગાડેલ મોટાભાગ ના ડ્રાયફ્રુટ્સ ના પેકેટ ની અંદર નો માલ એક્સપાયરી ડેટ જેવો વાસી અને ખોરો હતો પરંતુ પેકેટ ખોલ્યા બાદ માલ મોલ વાળા પરત લેતા નથી. થોડા દિવસો પહેલાં ની જ વાત છે ડિમાર્ટ માંથી ખરીદેલ રવા ની સાથે પ્લાસ્ટિક જેવું બારીક વસ્તુ ભેળવેલ હતી.ભેળસેળ ને લીધે રવા ના ગુણ અનુસાર ઠંડા પાણી માં ભેળવતા ની સાથે ભળી જાય છે એ નહતો. ગરમ પાણી માં પણ ડિમાર્ટ થી લાવેલ રવો ચડતો નહતો. આ વિચારવા જેવી વાત છે આ પ્રકારની ભેળસેળ વાળી ચીજ વસ્તુઓ પેટની અંદર ગયા બાદ પેટની હાલત શું થતી હશે? થોડા દિવસ પહેલા બ્લિંક ઈટ માંથી મગ મગાવ્યા બાદ બે રાત પાણી માં પલળ્યા હતા.સામન્ય સંજોગો માં મગ ને એકરાત પલાળો તો એમાં કોટા ફૂટી નીકળે છે પરંતુ blinkit ના ટાટા લખેલ પેકેટ વાળા મગ બે દિવસ પાણી માં રહ્યા બાદ પણ લખોટી જેવા કડક હતા.

સરકારે બજેટ સત્ર માં ૨૦૪૭ નું વિઝન જાહેર કર્યું પરંતુ સામન્ય ભારત ની જનતા "રોટી,કપડા ઔર મકાન" જ ઈચ્છે છે એના જીવન ની પ્રથમ પ્રાયોરીટી ભેળસેળ વગર નો શુદ્ધ કિફાયતી કિંમત નો ખોરાક,અંગ ઢાંકવા પૂરતા કપડાં અને છત ઢાંકવા ટકાઉ છાપરું" જોઈએ છે. ભારતની આઝાદી બાદ દર વર્ષે સંસદ માં બજેટ રજૂ થયું છે પરંતુ આઝાદી ના ૭૭ વર્ષ સુધી ના બજેટ માં ગરીબ વધારે ગરીબ અને અમીર હતો એના કરતા વધારે અમીર બન્યો છે. ભારત ના મધ્યમ વર્ગીય પર આઝાદી બાદ થી જ દેશ ના વિકાસ નો ભાર મુકાયો છે એટલે "થોડા હૈ થોડે કી જરૂરત.." મન મનાવતા શીખી લીધું છે. કોઈપણ પાર્ટી ભાજપ કે કોંગ્રેસ આવશે એનાથી સામન્ય જનતાના જીવનમાં ખાસ ફર્ક પડવાનો નથી,કેમ? કોઈપણ સરકાર નો નાણામંત્રી ડાયરેક્ટ ટેક્સ અને મધ્યમ વર્ગીય ના ટેક્સ ના ખર્ચે બજેટ આગલા દિવસે ઘી નો હલવો નો તૃપ્તિ નો ઓડકાર ખાધા બાદ "ધન પતિ" ને રુઝવતું જ બજેટ સંસદ માં રજૂ કરશે. ભારત દેશ ની સમસ્યા એ છે કે સામન્ય જનતા "ભગવાન ભરોસે" જીવી છે એટલે રાજકારણીઓની હિન્દુ મુસ્લિમ વાળી રમત આરામ થી ચાલ્યા કરે છે.


અમેરિકા ના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એ ૨૫% ટેરિફ ભારત પર નાખ્યા બાદ નિવેદન આપ્યું હતું કે "ટેરિફ ના લીધે અમે ભારત સાથે ખૂબ ઓછો વેપાર કરીએ છીએ એટલે મને કોઈ ફર્ક પડતો નથી કે ભારત રશિયા સાથે શું કરે છે? મને ફરક એ પડે છે કે ભારત એની ડેડ ઈકોનોમી ને કેટલી નીચે સ્તરે લાવી શકે છે"..૨૦૨૬ નું બજેટ સંસદ માં રજૂ થયા બાદ રાહુલ ગાંધીએ નિવેદન આપતા કહ્યુ હતુ કે ડોનાલ્ડ ટ્રમ્પ ના "ડેડ ઈકોનોમી"ના નિવેદન સાથે સહમત છું આખી દુનિયા "ઈન્ડીયા ની ડેડ ઈકોનોમી" વિશે જાણે છે વડાપ્રધાન મોદીજી અને નાણામંત્રી નિર્મલા સીતા રમન જ જાણતા નથી.ભાજપ એ ચુનિંદા બિઝનેસ મેન ને મદદ કરવા હેતુ ભારતના અર્થતંત્ર નું પતન કર્યું છે આ તદન સત્ય છે પરંતુ ભારત એનો "ડેડ ઈકોનોમી" નો સ્વીકાર કરશે નહી.સરકારી ચોપડે છપાયેલ આંકડાકીય રિસર્ચ કરતા ભારત એ વિશ્વ માં ઝડપી થી વિકસતી ચોથી અર્થવ્યવસ્થા છે તાજેતર માં ૪ ટ્રિલિયન નો આંકડો પસાર કર્યો છે SBI ના રિસર્ચ અનુસાર ૨૦૨૮ માં ભારત વિશ્વ ની ત્રીજી અર્થવ્યવસ્થા બનશે અને ૨૦૩૦ માં "અપર મિડલ ઈન્કમ" ધરાવતો દેશ બનશે. સેવા ક્ષેત્રે જીડીપી નો ૫૫% હિસ્સો ધરાવે છે અને ડીજીટલ ક્ષેત્રે પણ પ્રગતિ ના પંથે છે.

આ બતાવે છે કે ભારત ની ઈકોનોમી ડેડ તો નથી પણ સામન્ય નાગરિક પર બોજ વધ્યો છે. ભારત ને વિશ્વ માં ડંકો વગાડવો હશે તો ને ભારતીય બજેટ અમીરો ની અમીરીને લક્ષ માં લઈને બનાવવા ને બદલે પબ્લિક માટેનું હોવું જરૂરી છે. "કશુંય શાશ્વત નથી" પરિવર્તન એ કુદરત નો નિયમ છે એટલે પરિવર્તનો થયા કરે છે.અમેરિકાની માફક "મધ્યમ વર્ગીય" ને ધ્યાન માં રાખીને બજેટ બનાવવું પડશે. ભવિષ્ય માં જે દેશ આમ નાગરિક ની સુખાકારી અને પ્રગતિ પર વિશેષ ધ્યાન આપશે એ દેશ જ વિશ્વ ગુરુ બની શકશે. હોય કોઈપણ દેશની પ્રગતિ કરવી પડતી નથી ઓટોમેટિક થઈ જતી હોય છે..

68મો ગ્રેમી એવોર્ડ્સ 2026 લોસ એન્જલસમાં યોજાયો હતો

# આ વખતે ભારતીયના હાથમાં ગ્રેમી ન આવ્યો...

## 27 વર્ષીય સિંગર ટોપલેસમાં અને જસ્ટિન બીબર શર્ટલેસ દેખાયા, દલાઈ લામાએ ઓડિયો બુકમાં ઈતિહાસ રચ્યો



(એજન્સી) મુંબઇ | તા.02 જે રીતે ફિલ્મી દુનિયામાં 'ઓસ્કર'નું સન્માન સર્વોપરિ ગણાય છે, 68મો ગ્રેમી એવોર્ડ્સ 2026 લોસ એન્જલસમાં યોજાયો હતો. કેન્ડ્રિક લામરે બેસ્ટ રેપ આલ્બમ એવોર્ડ જીતીને ઈતિહાસ રચ્યો. હવે તે આ કેટેગરીમાં સૌથી વધુ ગ્રેમી નોમિનેશનનો રેકોર્ડ ધરાવે છે. તિબેટિયન આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાએ પણ તેમનો પહેલો ગ્રેમી એવોર્ડ જીત્યો હતો. કેન્ડ્રિક લામરે આ વર્ષે 9 ગ્રેમી નોમિનેશન મેળવ્યું હતું. તેણે અનેક મોટા એવોર્ડ જીત્યા છે. હવે તેની પાસે કુલ 26 ગ્રેમી એવોર્ડ્સ છે. તેમણે બેસ્ટ રેપ આલ્બમ અને બેસ્ટ રેપ સોંગ જીતીને હિપ-હોપ સંગીતમાં ઈતિહાસ રચ્યો છે.

ગ્રેમીમાં ભારતીય કલાકારોની ચમક ઝાંખી ભારતીય કલાકારોને ગ્રેમી નોમિનેશન મળ્યા, જેમાં અનુષ્કા શંકર, સિદ્ધાંત ભાટિયા, શક્તિ અને ચારુ સૂરીનો સમાવેશ થાય છે, પરંતુ વિનરની યાદીમાં નામ મેળવી શક્યા નહીં. અનુષ્કા શંકરને બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પર્ફોર્મન્સ કેટેગરીમાં નોમિનેશન મળ્યું હતું, પરંતુ બેડ બનીને તેના ટ્રેક 'EoO' માટે એવોર્ડ જીત્યો હતો.

### શર્ટલેસ થઈ જસ્ટિન બીબરે પર્ફોર્મ કર્યું

જસ્ટિન બીબરે ગ્રેમી એવોર્ડ્સમાં કમબેક કર્યું છે. તેણે શર્ટલેસ થઈ તેના ગીત 'યુકોન' પર એક પાવરફુલ પર્ફોર્મન્સ આપ્યું. તેના પર્ફોર્મન્સ દરમિયાન સ્ટેડિયમ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યું, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

ચેપલ રોનનો બોલ્ડ લુક ચર્ચામાં સિંગર ચેપલ રોનનું બોલ્ડ ફેશન સ્ટેટમેન્ટ જોવા મળ્યું. તે ટોપલેસ જોવા મળી. તેણે ટ્રાન્સપરન્ટ બર્ગન્ડી આઉટફિટ પહેર્યો હતો, જે નિપલ રિંગ્સથી ચમક્યો હતો. ચેપલની બેક પર એક ટેટૂ છે, જે તેના અદભુત દેખાવને સુંદર બનાવી રહ્યું હતું. સિંગરે તેના લુકને લાઈટ જ્વેલરી, સિગ્નેચર લાલ કર્લ્સ અને બ્લેક અને ગોલ્ડન હીલ્સથી પૂર્ણ કર્યો હતો.

લેડી ગાગાએ સ્ટેજ પર આગ લગાવી લેડી ગાગાએ ગ્રેમી એવોર્ડ્સમાં તેનું હિટ ટ્રેક 'Abracadabra' પર્ફોર્મ કર્યું. આ ગીત તેના 2025ના આલ્બમ "Mayhem"માંથી છે. તેનું રોક વર્ઝન અદભુત હતું. પર્ફોર્મન્સ દરમિયાન લેડી ગાગાનો દેખાવ અત્યંત ડ્રામેટિક હતો.

દલાઈ લામાએ ઈતિહાસ રચ્યો, ઓડિયોબુક માટે પહેલો ગ્રેમી એવોર્ડ જીત્યો તિબેટિયન આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાએ ઓડિયોબુક, નેરેશન અને સ્ટોરીટેલિંગ રેકોર્ડિંગ કેટેગરીમાં પોતાનો પહેલો ગ્રેમી એવોર્ડ જીતીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. તેમણે આ કેટેગરીમાં યુએસ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કેતનજી બ્રાઉન જેક્સનને હરાવ્યા.



### ભારત તરફથી કોણ હતું રેસમાં?

- ગ્રેમીમાં ભારતનો ઈતિહાસ ઘણો ગૌરવશાળી રહ્યો છે અને આ વર્ષે પણ ભારતીય કલાકારો આ યાદીમાં સામેલ છે:
- અનુષ્કા શંકર: ખ્યાતનામ સિતાર વાદક અનુષ્કા શંકરને તેમના ગીત 'ડેબ્રેક' (Daybreak) માટે નોમિનેશન મળ્યું હતું.
- સિદ્ધાંત ભાટિયા: સંગીતકાર સિદ્ધાંત ભાટિયાને ભારતીય સંગીતમાં તેના વિશિષ્ટ યોગદાન બદલ નોમિનેટ કરવામાં આવ્યા હતું. તેને મહાકુંભ પર 'સાઉન્ડ ઓફ મહાકુંભ' ગીત બનાવ્યું હતું.
- શક્તિ બેન્ડ: શંકર મહાદેવન અને જૉન મેકલોફલિનનું ફ્યુઝન બેન્ડ 'શક્તિ' ફરી એકવાર બેસ્ટ વર્લ્ડ મ્યુઝિક આલ્બમ કેટેગરી સ્થાન મળ્યું હતું.
- ચારુ સૂરી: પિયાનો વાદક અને સંગીતકાર ચારુ સૂરીને પણ નોમિનેશન મળ્યું હતું.

### વિનર્સ લિસ્ટ જુઓ

- બેસ્ટ રેપ આલ્બમ - કેન્ડ્રિક લૈમાર
- બેસ્ટ પોપ વોકલ આલ્બમ - લેડી ગાગા
- બેસ્ટ કન્ટેમ્પરરી કન્ટ્રી આલ્બમ - જેલી રોલ
- બેસ્ટ મ્યુઝિક વીડિયો - Doechii
- પ્રોડ્યુસર ઓફ ધ યર - Cirkut
- સોન્ગ રાઈટર ઓફ ધ યર - Amy Allen
- બેસ્ટ ડાન્સ-પોપ રેકોર્ડિંગ - Abracadabra- લેડી ગાગા
- ઓડિયોબુક, નેરેશન અને સ્ટોરીટેલિંગ રેકોર્ડિંગ- દલાઈ લામા

### જસ્ટિન બીબર 4 વર્ષ બાદ ગ્રેમીમાં પર્ફોર્મ કરશે

વર્ષ 2022માં આયોજિત 64મા ગ્રેમી એવોર્ડ્સ બાદ, જસ્ટિન બીબર હવે ફરી એકવાર સંગીતની આ સૌથી મોટી નાઈટમાં પર્ફોર્મ કરશે. વર્ષ 2022 પછી તેની આ પ્રથમ મોટી લાઈવ ઉપસ્થિતિ હશે, જેની પુષ્ટિ ખુદ રેકોર્ડિંગ એકેડેમી દ્વારા કરવામાં આવી હતી. જસ્ટિન બીબરને તેના નવા આલ્બમ 'સ્વેગ' (Swag) માટે પ્રતિષ્ઠિત 'આલ્બમ ઓફ ધ યર' કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવ્યો છે. આ આલ્બમ તેની કલાત્મક વાપસી તરીકે જોવામાં આવે છે. આ ઉપરાંત તેને શ્રેષ્ઠ પોપ વોકલ પર્ફોર્મન્સ, શ્રેષ્ઠ પોપ વોકલ આલ્બમ અને શ્રેષ્ઠ R&B પર્ફોર્મન્સ જેવી મહત્ત્વની કેટેગરીમાં પણ નામાંકન મળ્યું છે. સબરીના કાર્પેન્ટર, ક્લિપ્સ અને ફેરલ વિલિયમ્સ જેવા કલાકારો પણ પોતાનું પર્ફોર્મન્સ આપશે. શોમાં એક ખાસ સેગમેન્ટ પણ રાખવામાં આવ્યો છે, જેમાં આ વર્ષના 'શ્રેષ્ઠ નવા કલાકાર' (બેસ્ટ ન્યૂ આર્ટિસ્ટ) કેટેગરીના આઠ નોમિનીઝ- એડિસન રે, એલેક્સ વોરેન, કેટસેટ, લિયોન થોમસ, લોલા યંગ, ઓલિવિયા ડીન, સોમ્બર અને ધ મારિયાસ પોતાની પ્રતિભા રજૂ કરશે.

# રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગ કેસમાં 4 શખ્સોની ધરપકડ

મુંબઈ | મુંબઈમાં ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના ઘરની બહાર શનિવારે મોડી રાત્રે ચાર રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યા હતા. પોલીસે રવિવારે આ મામલે ચાર આરોપીઓની ધરપકડ કરી, જેમની ઓળખ થઈ ગઈ છે. ધરપકડ કરાયેલા આરોપીઓ મહારાષ્ટ્રના પુણેના રહેવાસી છે. તેમના નામ આદિત્ય જ્ઞાનેશ્વર ગાયકવાડ (19 વર્ષ), સિદ્ધાર્થ દીપક યેનપુરે (20 વર્ષ), સમર્થ શિવશરણ પોમાજી (18 વર્ષ) અને સ્વપ્નિલ બંડુ સકટ (23 વર્ષ) છે. તમામ આરોપીઓ વિરુદ્ધ કલમ 109 અને 61(2) સાથે શસ્ત્ર અધિનિયમની કલમ 3 અને 25 અને ભારતીય ન્યાય સંહિતાની કલમ 37(1), 37(2) અને 135 હેઠળ કેસ નોંધી તેમને 5 ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓની ભૂમિકા ઘટના માટે વાહન ઉપલબ્ધ કરાવવા અને ષડયંત્ર રચવા સાથે સંકળાયેલી છે. જ્યારે, પાંચમા આરોપી શુભમ લોનકરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે, જેની શોધખોળ ચાલુ છે.

પોલીસ તપાસ મુજબ, ધરપકડ કરાયેલા આરોપીઓએ શુભમ લોનકરના સંપર્કમાં રહીને રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગ કરનાર મુખ્ય આરોપીને દરેક પ્રકારની મદદ પૂરી પાડી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, શિવશરણ પોમાજીએ શુભમ લોનકર સાથે મળીને આખા ષડયંત્રને અંજામ આપવાની યોજના બનાવી હતી.

જ્યારે ધરપકડ કરાયેલા આરોપી આદિત્ય જ્ઞાનેશ્વર ગાયકવાડની સલાહ પર હોન્ડા ડિયો સ્કૂટર (MH 12 FN 2205) સહિત અન્ય સંસાધનોની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી હુમલાખોરને ઘટનાને અંજામ આપવામાં સરળતા રહે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે શુભમ લોનકર પાસેથી મળેલી આર્થિક સહાય દ્વારા જ મુખ્ય આરોપી માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### શનિવારે મોડી રાત્રે થયું હતું ફાયરિંગ



પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોરોએ મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલી નવ માળની ઈમારતના પહેલા માળે રાત્રે લગભગ 12:45 વાગ્યે ફાયરિંગ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા પાંચ રાઉન્ડ ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેમાંથી એક ગોળી ઈમારતમાં બનેલા જીમના કાચ સાથે અથડાઈ હતી.

આ ઉપરાંત, 'ઈન્ડિયા ટુડે'એ તેના રિપોર્ટમાં એક સ્ક્રીનશોટ શેર કરીને દાવો કર્યો હતો કે, લોરેન્સ ગેંગે હુમલાની જવાબદારી લીધી છે. આ સ્ક્રીનશોટ શુભમ લોનકર આરઝુ બિશ્નોઈ નામના એકાઉન્ટની ફેસબુક પોસ્ટનો છે.

આ પોસ્ટમાં લખવામાં આવ્યું હતું, 'આજે જે આ મુંબઈમાં (શેટ્ટી ટાવર) ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના ઘરે ફાયરિંગ થયું છે, તેની જવાબદારી શુભમ લોનકર, આરઝુ બિશ્નોઈ, હરિ બોક્સર, હરમન સંધુ અમે લઈએ છીએ. અમે તેને ઘણી વાર મેસેજ કર્યો કે અમારા કામમાં દખલ ન આપે, પરંતુ તેને સમજાયું નહીં. આ તેને એક નાનું ટ્રેલર આપ્યું છે. જો તેણે આગળ ફરી અમારી વાત ન સમજી અને અમારી વાત ન માની, તો હવે ઘરની બહાર નહીં, અંદર તેના બેડરૂમમાં ગોળી ચાલશે, તેની છાતી પર.'

# શાહરુખ-ગૌરીની લવસ્ટોરી 'નીલમે' ચમકાવી!



(એજન્સી) મુંબઇ | તા.02

એક્ટ્રેસ નીલમ કોઠારીએ તાજેતરમાં કહ્યું કે શાહરૂખ ખાન અને ગૌરીની લવ સ્ટોરીમાં તેનો પણ મોટો હાથ હતો. એક્ટ્રેસે જણાવ્યું કે તેની ફિલ્મોના કારણે બંને વચ્ચે નિકટતા વધી હતી.

તાજેતરમાં નીલમ ટીવી શો ઈન્ડિયન આઈડલમાં પહોંચી હતી, જ્યાં એક્ટ્રેસે જણાવ્યું કે થોડા મહિના પહેલા શાહરુખ ખાને તેને કહ્યું હતું- "નીલમ, તને ખબર છે, ગૌરી અને મારા લગ્નનું એક કારણ તું પણ છે."

નીલમે આગળ જણાવ્યું કે શાહરુખે તેને આ પાછળની આખી કહાણી પણ સમજાવી. તેણે કહ્યું કે જ્યારે નીલમ ફિલ્મોમાં કામ કરી રહી હતી, ત્યારે શાહરુખ અને ગૌરી તેના ખૂબ મોટા ચાહક હતા. આ જ કારણોસર બંને સાથે નીલમની ફિલ્મો જોવા જતા હતા.

એક્ટ્રેસના મતે, તે ફિલ્મો દરમિયાન શાહરુખ અને ગૌરી વચ્ચે નિકટતા વધી અને ધીમે ધીમે બંનેની લવ સ્ટોરી આગળ વધતી ગઈ. શોમાં નીલમે કહ્યું કે તો શાહરુખ અને ગૌરી સાથે હોવાનું એક કારણ હું પણ છું.

નીલમ 80s-90sની લોકપ્રિય એક્ટ્રેસોમાંની એક રહી છે. તેની જોડી મોટાભાગે ગોવિંદા સાથે પસંદ કરવામાં આવી હતી. નીલમ અને ગોવિંદાએ સાથે મળીને લગભગ 14 ફિલ્મોમાં કામ કર્યું, જેમાં 'લવ 86' (1986), 'ઈલ્ઝામ' (1986), 'ખુદગર્ઝ' (1987), 'હત્યા' (1988) અને 'તાકતવર' (1989) જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.

ત્યાં નીલમનું નામ ગોવિંદા સાથેના અફેરને લઈને પણ ચર્ચામાં રહ્યું છે. જોકે, તાજેતરમાં અભિનેત્રીએ આ અંગે પ્રતિક્રિયા આપી અને આ દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે.

નીલમ કોઠારીએ ઉષા કાકડે પ્રોડક્શન સાથેની વાતચીતમાં કહ્યું, "ઓહ તેરી! આ કોણ કહ્યું? ગોવિંદાજી ખૂબ સારા માણસ છે. પણ આ જે સવાલ છે, તે સાચો નથી. તેઓ અદ્ભુત માણસ છે અને અમે ઘણી હિટ ફિલ્મો કરી છે. પણ આ સાચું નથી. સોરી-સોરી, આ બિલકુલ સાચું નથી. અમારા વચ્ચે કંઈ નથી."

# 'બોર્ડર 2' બોક્સ ઓફિસ કલેક્શન...

## ફિલ્મે દસમા દિવસે 22.50 કરોડ રૂપિયા કમાયા, 'પઠાણ' અને 'KGF 2'ને પાછળ છોડી

મુંબઈ | સની દેઓલની ફિલ્મ 'બોર્ડર 2'ને રિલીઝ થયાને 10 દિવસ થઈ ગયા છે. સૈકનિલ્ક અનુસાર, ફિલ્મે 10મા દિવસે એટલે કે તેના બીજા રવિવારે ભારતીય બોક્સ ઓફિસ પર 22.50 કરોડ રૂપિયાની કમાણી કરી. આ સાથે જ ફિલ્મની કુલ કમાણી 275.25 કરોડ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે, ફિલ્મે વર્લ્ડવાઈડ 372 કરોડ કમાયા.




- પહેલો દિવસ- 30 કરોડ
- બીજો દિવસ- 36.5 કરોડ
- ત્રીજો દિવસ- 54.5 કરોડ
- ચોથો દિવસ- 59 કરોડ
- પાંચમો દિવસ- 20 કરોડ
- છઠ્ઠો દિવસ- 13 કરોડ
- સાતમો દિવસ- 11.25 કરોડ
- આઠમો દિવસ- 10.75 કરોડ
- નવમો દિવસ- 17.75 કરોડ
- દસમો દિવસ- 22.50 કરોડ
- કુલ કમાણી- 275.25 કરોડ

### સની દેઓલે સફળતાની ઉજવણી કરી


ફિલ્મના શાનદાર સફળતાની સની દેઓલે ઉજવણી કરી. સનીએ હિમાચલ પ્રદેશના મનાલીની એક હોટલમાં પોતાની ટીમ સાથે કેક કાપી. ઉજવણી દરમિયાન સની ખૂબ ખુશ દેખાયા. કેક પર 'બધાઈ હો બોર્ડર 2' લખેલું હતું.

ફિલ્મ બોર્ડર 2, 1997ની બ્લોકબસ્ટર ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલ છે. ફિલ્મમાં સની દેઓલ, વરુણ ધવન, દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટી મુખ્ય ભૂમિકાઓમાં છે. ફિલ્મનું નિર્દેશન અનુરાગ સિંહે કર્યું છે. આ ફિલ્મને ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જેપી દત્તા અને નિધિ દત્તાએ પ્રોડ્યુસ કરી છે.

'બોર્ડર 2' કમાણીના મામલે સતત રેકોર્ડ તોડી રહી છે. ફિલ્મે 'પઠાણ' અને 'KGF 2'ને પાછળ છોડી દીધા છે. 25 જાન્યુઆરી 2023માં રિલીઝ થયેલી પઠાણે 10મા દિવસે હિન્દી, તમિલ અને તેલુગુમાં કુલ મળીને 14 કરોડ રૂપિયા કમાયા હતા. જ્યારે હિન્દીમાં 13.5 કરોડ રૂપિયાનું જ કલેક્શન કર્યું હતું. જ્યારે યશની 'KGF 2' એ પણ 10મા દિવસે હિન્દીમાં માત્ર 18.25 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું.

# આલિયાએ રણબીર સાથે વિખવાદની અફવાને હસી કાઢી

## કેટલાક વાયરલ વિડીયોના આધારે દાવો : સાત સેકન્ડના વિડીયોના આધારે સાત વર્ષના સંબંધનું માપ ન કાઢોઃ આલિયા



મુંબઈ: આલિયા ભટ્ટ અને રણબીર કપૂર વચ્ચે વિખવાદ થયો હોવાનો દાવો કેટલાક વાયરલ વિડીયોના આધારે કરાયો હતો. જોકે, આલિયાએ આ તમામ અફવાઓને હસી કાઢી છે.

આલિયાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે માત્ર સાત સેકન્ડના વિડીયોના આધારે સાત વર્ષનાં સંબંધનું માપ ન કાઢવું જોઈએ. ઉલ્લેખનીય છે કે આલિયા અને રણબીરનાં લગ્ન એપ્રિલ ૨૦૨૨માં થયાં હતાં. તે પહેલાં ત્રણ વર્ષથી તેઓ રિલેશનશિપમાં હતાં.

કેટલાક વિડીયોમાં આલિયા અને રણબીરના હાવભાવના આધારે બંને વચ્ચે અણબનાવ હોવાની અટકળો લોકોએ લગાવી હતી. જોકે, આલિયાએ કહ્યું હતું કે ત્રણ સેકન્ડ કે સાત સેકન્ડના વિડીયોના આધારે લોકો કોમેન્ટ કરી રહ્યાં છે પરંતુ અમે તેનાં કરતાં અનેક ગણી ક્ષણોથી સાથે છીએ. આ બધા બકવાસથી અમને કોઈ ફરક પડતો નથી કારણ કે તેમાં કોઈ તથ્ય નથી. રણબીર અને આલિયા તેમના નવા બંગલોમાં થોડા સમય પહેલાં જ શિફ્ટ થઈ ચૂક્યાં છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## પાકિસ્તાનનું નવું નાટક: ભારત સામે નહીં રમે વર્લ્ડ કપ મેચ, BCCI એ આપ્યો જડબાતોડ જવાબ

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા આઈસીસી (ICC) મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માં પાકિસ્તાને ફરી એકવાર નવો વિવાદ છેડ્યો છે. પાકિસ્તાન સરકારે જાહેરાત કરી છે કે તેમની ટીમ ટુર્નામેન્ટમાં ભાગ લેશે, પરંતુ ૧૫ ફેબ્રુઆરીએ શ્રીલંકાના કોલંબોમાં રમાનારી ભારત સામેની મેચનો બહિષ્કાર કરશે. પાકિસ્તાનના આ 'સિલેક્ટિવ પાર્ટિસિપેશન' પર હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ની પ્રથમ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી છે. BCCI નું વલણ અને ICC સાથે સહમતી BCCI ના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભારત આ મામલે ICC (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ) ના સ્ટેન્ડ સાથે સંપૂર્ણપણે સંમત છે. શુક્લાએ કહ્યું, "ICC એ સ્પોર્ટ્સમેનશિપ અને રમતની ગરિમા અંગે મોટું નિવેદન આપ્યું છે. અમે તેમની સાથે છીએ. જ્યાં સુધી અમે ICC ના અધિકારીઓ સાથે આ બાબતે વિગતવાર ચર્ચા નહીં કરીએ ત્યાં સુધી અમે આગળ કોઈ ટિપ્પણી કરીશું નહીં." વોકઓવરની શક્યતા અને ICC ના નિયમો સૂત્રોના જણાવ્યા અનુસાર, જો પાકિસ્તાન ૧૫ ફેબ્રુઆરીએ મેદાન પર નહીં ઉતરે, તો ભારત નિયમ મુજબ 'વોકઓવર' મેળવી શકે છે.

## ટાટા સ્ટીલ માસ્ટર્સ ૨૦૨૬: અબ્દુસત્તોરોવની શાનદાર જીત



વાઈક આન ઝી (નેધરલેન્ડ): ઉઝબેકિસ્તાનના યુવા ગ્રાન્ડમાસ્ટર નોદિરબેક અબ્દુસત્તોરોવે રવિવારે ચેસ જગતની પ્રતિષ્ઠિત 'ટાટા સ્ટીલ માસ્ટર્સ ૨૦૨૬' સ્પર્ધાનું ટાઈટલ પોતાના નામે કરી લીધું છે. ૧૩ રાઉન્ડના અંતે ૯ પોઈન્ટ્સ મેળવીને અબ્દુસત્તોરોવ પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહ્યો હતો. ફાઈનલ રાઉન્ડમાં તેણે ભારતની આશા સમાન અર્જુન એરિગાસીને કાળા મહોરાઓ (Black Pieces) થી હરાવીને ચેમ્પિયનશિપ પર પોતાની મહોર મારી હતી. આ જીત સાથે અબ્દુસત્તોરોવે સાબિત કર્યું છે કે તે વર્તમાન સમયના સૌથી ભયાનક ખેલાડીઓમાંથી એક છે. ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન ભારત માટે આ વખતે પરિણામો મિશ્ર રહ્યા હતા. હાલના વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશે અંતિમ રાઉન્ડમાં જર્મનીના વિન્સેન્ટ કેમર સાથે ડ્રો રમીને ૬.૫ પોઈન્ટ સાથે સંયુક્ત પાંચમું સ્થાન મેળવ્યું હતું.

**દક્ષિણ આફ્રિકાનો ઐતિહાસિક સ્કોર તાન્ઝાનિયા પસ્ત**

## ગુજરાત જાયન્ટ્સ સામે દિલ્હી કેપિટલ્સ પોતાની તાકાત પર રમશે



વડોદરા (ગુજરાત) | વુમન્સ પ્રીમિયર લીગ (WPL) 2026 ની અંતિમ લીગ મેચમાં યુપી વોરિયર્સને ૫ વિકેટે હરાવીને દિલ્હી કેપિટલ્સ (DC) એ શાનદાર રીતે પ્લેઓફમાં સ્થાન નિશ્ચિત કર્યું છે. હવે મંગળવારે વડોદરાના મેદાન પર એલિમિનેટર મુકાબલામાં દિલ્હીનો સામનો ગુજરાત જાયન્ટ્સ (GG) સામે થશે. આ નિર્ણાયક મેચ અગાઉ દિલ્હીની યુવા સ્પિનર શ્રી ચરણીએ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ટીમ પોતાની મૂળ શક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને કોઈ પણ દબાણ વિના મેદાનમાં ઉતરશે. મુંબઈ ઈન્ડિયન્સ ટુર્નામેન્ટમાંથી બહાર દિલ્હીની આ જીત સાથે જ બે વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગઈ છે. દિલ્હી કેપિટલ્સ લીગ ટેબલમાં ત્રીજા સ્થાને રહીને ક્વોલિફાય થઈ છે. પ્લેસ કોન્ફરન્સ દરમિયાન શ્રી ચરણીએ જણાવ્યું કે, "અમે ગુજરાત જાયન્ટ્સ સામે અમારી તાકાત મુજબ રમીશું.

**નાગા ચૈતન્યની ટીમ જીત માટે સજ્જ, ટાઈટલ જીતવા કરો યા મરોનો જંગ**

# ગોવા સ્ટ્રીટ રેસમાં હૈદરાબાદ બ્લેક બર્ડ્સનો પડકાર

(એજન્સી) હૈદરાબાદ । તા. 02

ભારતીય રેસિંગ જગત અત્યારે એક ઐતિહાસિક ક્ષણની રાહ જોઈ રહ્યું છે. આગામી ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગોવાના મનોહર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈન્ડિયન રેસિંગ ફેસ્ટિવલ (IRF) નો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ મેગા ઈવેન્ટમાં હૈદરાબાદ બ્લેક બર્ડ્સ ટીમના માલિક અને લોકપ્રિય અભિનેતા નાગા ચૈતન્યએ પોતાની ટીમને વિજેતા બનાવવા માટે કમર કસી લીધી છે. હાલમાં પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને રહેલી હૈદરાબાદની ટીમ માટે ગોવાની આ સ્ટ્રીટ રેસ 'કરો યા મરો' સમાન સાબિત થવાની છે.

હૈદરાબાદ બ્લેક બર્ડ્સ હાલમાં ૮૧ પોઈન્ટ સાથે ટીમ સ્ટેન્ડિંગમાં બીજા ક્રમે છે અને ટોચ પર રહેલી 'સ્પીડ ડેમન્સ દિલ્હી' કરતા માત્ર એક પોઈન્ટ પાછળ છે. આ રોમાંચક સ્થિતિ વચ્ચે નાગા ચૈતન્યએ જણાવ્યું હતું કે, "સ્ટ્રીટ સર્કિટ ક્યારેય ભૂલ માફ નથી કરતી. સામાન્ય ટ્રેક પર તમારી પાસે રન-ઓફ ઝોન હોય છે, પરંતુ અહીં બાર કપરા વળાંકો વચ્ચે માત્ર ઝડપ જ નહીં, પણ સંયમ રાખવો પણ અનિવાર્ય છે. દરેક વળાંક અને દરેક લેપ અમારા માટે નિર્ણાયક સાબિત થશે."

હૈદરાબાદ બ્લેક બર્ડ્સની ટીમમાં બ્રિટિશ અનુભવી રેસર જોન લેન્કેસ્ટર મુખ્ય આકર્ષણ છે. ચૈતન્યના મતે જોનનો આંતરરાષ્ટ્રીય અનુભવ સ્ટ્રીટ સર્કિટના ભારે દબાણ વચ્ચે ટીમ માટે એન્કર સમાન સાબિત થશે. આ ઉપરાંત, ફોર્મ્યુલા-E ની નિષ્ણાત ગેબ્રિએલા જીલકોવા પોતાની સચોટ વિશ્લેષણાત્મક ક્ષમતા અને શિસ્તબદ્ધ ડ્રાઈવિંગ સાથે ટીમને એક નવો ધાર આપશે. ગોવાના સાંકડા રસ્તાઓ પર ગેબ્રિએલાની સુસંગતતા ટીમ માટે પ્લસ પોઈન્ટ બની શકે છે. ટીમના માલિક નાગા ચૈતન્યએ ભારતીય યુવા પ્રતિભા મોહમ્મદ રાયન પર પણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. રાયન ભૂતકાળમાં વાઈસ-ચેમ્પિયન રહી ચૂક્યો છે અને સ્થાનિક પરિસ્થિતિઓથી વાકેફ છે. ચૈતન્યએ ઉમેર્યું કે, "રાયન એ વાતનો પુરાવો છે કે ભારતમાં રેસિંગનું ટેલેન્ટ કેટલું સમૃદ્ધ છે. તેની સફળતાની ભૂખ અમારી ટીમને ટોચ પર પહોંચાડવામાં મદદરૂપ થશે." બ્લેક બર્ડ્સનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા ભારતીય રેસર્સને એક મોટું પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

મીડિયા અહેવાલ મુજબ, નાગા ચૈતન્ય લાંબા સમયથી મોટરસ્પોર્ટ્સ સાથે જોડાયેલા છે અને આ ફોર્મેટના પ્રસાર માટે ઉત્સાહી છે. તેમણે અંતમાં જણાવ્યું કે, હૈદરાબાદ બ્લેક બર્ડ્સ જેવી મજબૂત ટીમનું નેતૃત્વ કરવું એ તેમના માટે એક મોટો અનુભવ છે. તેમનું લક્ષ્ય મોટરસ્પોર્ટ્સ પ્રત્યેના પ્રેમને લોકો સુધી પહોંચાડવાનું અને આગામી પેઢીના ભારતીય રેસર્સને પ્રેરણા આપવાનું છે.




# કાર્લોસ અલ્કારાઝે ઓસ્ટ્રેલિયન ઓપન જીતીને ઈતિહાસ રચ્યો, હવે શરીર પર કોતરાવશે 'કાંગારૂ'

(એજન્સી) મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) । તા. 02

ટેનિસ જગતના યુવા સનસનાટીભર્યા ખેલાડી કાર્લોસ અલ્કારાઝે રવિવારે ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૬ ની ફાઈનલમાં દિગ્ગજ નોવાક જોકોવિચને હરાવીને નવો ઈતિહાસ રચ્યો છે. આ જીત સાથે અલ્કારાઝ ૨૨ વર્ષ અને ૨૭૨ દિવસની ઉંમરે 'કેરિયર ગ્રાન્ડ સ્લેમ' (ચારેય મુખ્ય ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ) પૂર્ણ કરનાર વિશ્વનો સૌથી યુવા પુરુષ ખેલાડી બની ગયો છે. આ ઐતિહાસિક સિદ્ધિને કાયમ માટે યાદગાર બનાવવા માટે તેણે પોતાના પગ પર કાંગારૂનું ટેટૂ બનાવવાનો નિર્ણય લીધો છે.

ટેટૂની પરંપરા અને કાંગારૂની પસંદગી અલ્કારાઝની પરંપરા રહી છે કે તે દરેક ગ્રાન્ડ સ્લેમની પ્રથમ જીત બાદ એક ખાસ ટેટૂ કરાવે છે. તેણે ૨૦૨૨ ના યુએસ ઓપન વિજય માટે તારીખ, ૨૦૨૩ ના વિમ્બલ્ડન માટે સ્ટ્રોબેરી અને ૨૦૨૪ ના ફ્રેન્ચ ઓપન વિજય માટે એફિલ ટાવરનું ટેટૂ કરાવ્યું છે. સોમવારે ટ્રોફી સાથેના ફોટોશૂટ દરમિયાન તેણે જણાવ્યું હતું કે, "મેં નક્કી કરી લીધું છે કે આ વખતે કાંગારૂનું ટેટૂ હશે. હું અત્યારે વિચારી રહ્યો છું કે તે જમણા કે ડાબા પગના કયા ભાગ પર બનાવવું."

જોકોવિચના ગઢમાં ગાબડું ફાઈનલ મુકાબલો અત્યંત રોમાંચક રહ્યો હતો. પ્રથમ સેટ ગુમાવ્યા બાદ અલ્કારાઝે શાનદાર પુનરાગમન કરીને જોકોવિચને ૨-૬, ૬-૨, ૬-૩, ૭-૫ થી હરાવ્યો હતો. આ જીત સાથે તેણે રાફેલ નડાલનો ૨૪ વર્ષની ઉંમરે કેરિયર સ્લેમ પૂર્ણ કરવાનો ૧૬ વર્ષ જૂનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. મેલબોર્ન પાર્કમાં ૧૦ વખત ચેમ્પિયન બનેલા જોકોવિચ માટે આ હાર આંચકાજનક હતી, કારણ કે તે પોતાના ૨૫માં ગ્રાન્ડ સ્લેમ ટાઈટલની શોધમાં હતો.



વિજયની ઉજવણી અને ભવિષ્યના લક્ષ્યો રવિવારની રાત્રે વિજય બાદ અલ્કારાઝે તેના પરિવાર સાથે હોટલના સ્યુટમાં પિઝા, બીયર અને શેમ્પેઈન સાથે સાદી ઉજવણી કરી હતી. સોમવારે મેલબોર્નના રોયલ એક્ઝિબિશન બિલ્ડિંગમાં ટ્રોફી સાથે પોઝ આપતા તેણે ચાહકોનો આભાર માન્યો હતો. અલ્કારાઝે કહ્યું કે, "આ એક સપનું સાચું થવા જેવું છે. મને મળેલો પ્રેમ અને સમર્થન હું ક્યારેય ભૂલી શકું તેમ નથી."

## હરિયાણા થંડર્સ PWL 2026નું નવું બાદશાહ, દિલ્હીને હરાવી ટાઈટલ પર કબજો

**પ્રો રેસલિંગ લીગ 2026: હરિયાણા થંડર્સની ઐતિહાસિક જીત**



(એજન્સી) નોઈડા (ઉત્તર પ્રદેશ) । તા. 02

નોઈડા ઈન્ડોર સ્ટેડિયમમાં રમાયેલી પ્રો રેસલિંગ લીગ (PWL) 2026 ની ફાઈનલ મેચમાં હરિયાણા થંડર્સે દિલ્હી દંગલ વોરિયર્સને હરાવીને ચેમ્પિયનશિપનો ખિતાબ જીતી લીધો છે. રવિવારે મોડી રાત સુધી ચાલેલા આ અત્યંત રોમાંચક મુકાબલામાં બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. એક સમયે સ્કોર 4-4 થી બરાબરી પર હતો, પરંતુ અંતિમ મહિલા 62 કિગ્રા કેટેગરીમાં હરિયાણાની ઈરિના કોલિયાડેન્કોએ અદ્ભુત પ્રદર્શન કરીને ટીમને 5-4 થી ઐતિહાસિક વિજય અપાવ્યો હતો.

વિજેતા અને વ્યક્તિગત પુરસ્કારો આ ભવ્ય વિજય સાથે હરિયાણા થંડર્સને 1.5 કરોડની ઈનામી રકમ અને PWL 2026 ટ્રોફી એનાયત કરવામાં આવી છે, જ્યારે રનર-અપ દિલ્હી દંગલ વોરિયર્સને 75 લાખનું ઈનામ મળ્યું છે. વ્યક્તિગત સિદ્ધિઓની વાત કરીએ તો, દિલ્હીના તુરાન બાયરામોવને તેની 7 માંથી 7 જીત બદલ 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' જાહેર કરવામાં આવ્યો હતો. હરિયાણાની નેહા સાંગવાનને 'પ્લેયર ઓફ ધ મેચ' અને રોનકને 'ફાઈટર ઓફ ધ મેચ' તરીકે નવાજવામાં આવ્યા હતા.

હાર-જીતનો ખેલ ફાઈનલની શરૂઆત દિલ્હીના પક્ષમાં રહી હતી જ્યારે તુરાન બાયરામોવે 74 કિગ્રા મેન્સ બાઉટમાં 8-1 થી જીત મેળવી હતી. જોકે, હરિયાણાની કાજલ ઢોચકે વળતો પ્રહાર કરીને સ્કોર 1-1 કર્યો હતો. ત્યારબાદ યુઈ સુસાકી અને અક્ષય ઢેરેએ હરિયાણા માટે મહત્વની જીત નોંધાવી હતી. મેચની સૌથી નિર્ણાયક ક્ષણ ત્યારે આવી જ્યારે રોનકે અનિરુદ્ધ ગુલિયાને હરાવી દિલ્હીને 4-3 થી આગળ કર્યું, પરંતુ નેહા સાંગવાને અંજલિને હરાવીને ફરી એકવાર સ્કોર 4-4 કરી દીધો હતો.

**ફિબી લિચફિલ્ડની ગેરહાજરીથી ટીમ સેટઅપ પર અસર**

**કોચ અભિષેક નાયરનું પ્લેઓફમાંથી બહાર થયા બાદ નિખાલસ વિશ્લેષણ**

## યુપી વોરિયર્સની હાર અને પ્લેઓફમાંથી એક્ઝિટ



(એજન્સી) વડોદરા (ગુજરાત) । તા. 02

વુમન્સ પ્રીમિયર લીગ (WPL) 2026 ની લીગ સ્ટેજની અંતિમ મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે ૫ વિકેટે મળેલી હાર સાથે જ યુપી વોરિયર્સ (UPW) પ્લેઓફની રેસમાંથી સત્તાવાર રીતે બહાર ફેંકાઈ ગઈ છે. ટીમની આ નિષ્ફળતા પર પ્રતિક્રિયા આપતા કોચ અભિષેક નાયરે સ્વીકાર્યું હતું કે સ્ટાર બેટ્સમેન ફિબી લિચફિલ્ડની ગેરહાજરી ટીમને સૌથી વધુ નડી છે. લિચફિલ્ડની ઈજાને કારણે ટીમનું સંતુલન ખોરવાઈ ગયું હતું, જેની અસર સીધી પરિણામો પર પડી હતી.

લિચફિલ્ડનો આંકડાકીય પ્રભાવ ફિબી લિચફિલ્ડ આ સીઝનમાં યુપી વોરિયર્સ માટે કરોડરજ્જુ સમાન સાબિત થઈ હતી. ઈજાને કારણે ટુર્નામેન્ટ છોડતા પહેલા તેણે ૬ મેચમાં ૨૪૩ રન બનાવ્યા હતા, જે તેને ટીમની બીજી સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બનાવે છે. નાયરે જણાવ્યું કે, "જે ખેલાડીએ સીઝનમાં ૨૫૦ ની નજીક રન બનાવ્યા હોય તેને રિપ્લેસ કરવો મુશ્કેલ છે. લિચફિલ્ડના ગયા પછી અમારો નંબર ૩ નો ક્રમ ક્યારેય સમાન નહોતો રહ્યો." ટોપ ઓર્ડરની નિષ્ફળતા અને મજબૂત દિલ્હી યુપી વોરિયર્સ માટે આ સીઝન આયોજન મુજબ રહી નથી. રવિવારની મેચમાં ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૮ વિકેટે માત્ર ૧૨૨ રન બનાવ્યા હતા. દિપ્તી શર્મા (૨૪ રન) અને સિમરન શેખ (૨૨ રન) સિવાય કોઈ બેટ્સમેન ૨૫ નો આંકડો પણ સ્પર્શી શક્યું નહોતું. કોચ નાયરે ઉમેર્યું કે, "T20 ક્રિકેટમાં જ્યારે ટોપ ઓર્ડર રન નથી બનાવતું, ત્યારે ટીમ માટે જીતવું મુશ્કેલ બની જાય છે. કિરણ નવગીરે જેવી પાવર હિટરનું ફોર્મ ન હોવું તે પણ અમારા માટે નુકસાનકારક રહ્યું."

**જોસ બટલરનો ઐતિહાસિક ડબલ ધડાકો:**

## ઈંગ્લેન્ડ માટે સૌથી વધુ મેચ રમનાર ખેલાડી બન્યો



પલ્લેકેલે (શ્રીલંકા) | ઈંગ્લેન્ડના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલરે રવિવારે શ્રીલંકા સામેની બીજી T20I મેચમાં મેદાનમાં ઉતરતાની સાથે જ ઈંગ્લેન્ડ ક્રિકેટના ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે લખી દીધું છે. ૩૫ વર્ષીય બટલરે તેની ૪૦૨મી આંતરરાષ્ટ્રીય મેચ રમીને દિગ્ગજ ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસનનો ૪૦૧ મેચનો રેકોર્ડ તોડી નાખ્યો છે. હવે બટલર ઈંગ્લેન્ડ માટે ત્રણેય ફોર્મેટમાં મળીને સૌથી વધુ મેચ રમનારો ખેલાડી બની ગયો છે. વિશ્વના ટોપ-૪ બેટ્સમેનોમાં સ્થાન શ્રીલંકા સામેની મેચમાં ૩૯ રનની શાનદાર ઈનિંગ રમીને બટલરે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. તે હવે આંતરરાષ્ટ્રીય T20 (T20I) માં સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો ચોથો બેટ્સમેન બની ગયો છે. ૩૯૨૫ રન સાથે તે હવે માત્ર પાકિસ્તાનના બાબર આઝમ, ભારતના રોહિત શર્મા અને વિરાટ કોહલીથી પાછળ છે. નોંધનીય છે કે રોહિત અને વિરાટે આ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે, જેથી બટલર પાસે બીજા ક્રમે પહોંચવાની સુવર્ણ તક છે. ઈંગ્લેન્ડનો શ્રેણી પર કબજો બીજી T20I માં ઈંગ્લેન્ડે શ્રીલંકાને ૬ વિકેટે હરાવીને ત્રણ મેચોની શ્રેણીમાં ૨-૦ થી અજેય સરસાઈ મેળવી લીધી છે.

**ફૂટબોલ** // **પ્રથમ ચેમ્પિયન્સ કપ પર કબજો, બ્રાઝિલની ટીમને આપી માત**

# આર્સનલ મહિલા ફૂટબોલ ટીમ બની વિશ્વ વિજેતા

(એજન્સી) લંડન । તા. 02

લંડનના ઐતિહાસિક એમીરેટ્સ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફિફા વિમેન્સ ચેમ્પિયન્સ કપની પ્રથમ આવૃત્તિની ફાઈનલમાં આર્સનલ મહિલા ટીમે ઈતિહાસ રચી દીધો છે. અત્યંત રોમાંચક અને દિલધડક મુકાબલામાં આર્સનલે બ્રાઝિલની મજબૂત ટીમ કોરીન્થિયન્સને ૩-૨ થી હરાવીને ચેમ્પિયનનું બિરુદ હાંસલ કર્યું છે. રવિવારે રમાયેલી આ ફાઈનલ મેચમાં અંતિમ મિનિટો સુધી ભારે રસાકસી જોવા મળી હતી, પરંતુ આર્સનલની દીકરીઓએ મક્કમ મનોબળ બતાવીને પ્રથમ વિશ્વ કપ ટ્રોફી પોતાના નામે કરી લીધી છે.




### કેટલિન ફોર્ડનો જાદુઈ ગોલ અને એક્સ્ટ્રા ટાઈમનો રોમાંચ

મેચ નિર્ધારિત સમય સુધી ૨-૨ ની બરાબરી પર રહી હતી. આર્સનલ ૨-૧ થી આગળ હતું, પરંતુ ૯૬મી મિનિટે કોરીન્થિયન્સની વિક અલ્બુકર્કે પેનલ્ટીને ગોલમાં ફેરવીને મેચને એક્સ્ટ્રા ટાઈમમાં ખેંચી ગઈ હતી. જોકે, ૧૦૪મી મિનિટે આર્સનલની સ્ટાર ખેલાડી કેટલિન ફોર્ડે શાનદાર ગોલ કરીને સ્ટેડિયમમાં હાજર હજારો ચાહકોને ઝૂમી ઉઠવા મજબૂર કર્યા હતા. આ નિર્ણાયક ગોલ સાથે આર્સનલે કોપા લિબર્ટાડોર્સ ચેમ્પિયન કોરીન્થિયન્સના સપનાઓને ચકનાચૂર કરી દીધા હતા. ફીફાના પ્રમુખ જિયાની ઈન્ફન્ટિનો પણ આ ઐતિહાસિક પળના સાક્ષી બન્યા હતા.

### ખેલાડીઓનો ઉત્સાહ અને ઈતિહાસ રચવાનો ગર્વ

ટીમની જીત બાદ લોટ વુબન-મોયે આ જીતને ચાહકોને સમર્પિત કરી હતી. તેણે જણાવ્યું હતું કે, આર્સનલમાં ઈતિહાસ રચવાની તક વારંવાર મળતી નથી, પરંતુ આજે અમે એક નવો અધ્યાય લખ્યો છે. આ વિજય માત્ર એક ટ્રોફી નથી, પણ વર્ષ ૨૦૨૬ માટે અમારી મોટી છલાંગ છે. ઉલ્લેખનીય છે કે, રેની સ્લેગર્સના માર્ગદર્શન હેઠળ આર્સનલની ટીમે સમગ્ર ટુર્નામેન્ટમાં દબદબો જાળવી રાખ્યો હતો. ઓલિવિયા સ્મિથ અને વુબન-મોયે પણ ટીમ માટે મહત્વના ગોલ નોંધાવ્યા હતા.

ફીફાની આ નવી ઈન્ટરકોન્ટિનેન્ટલ ટુર્નામેન્ટમાં વિશ્વના છ સંઘોના વિજેતાઓએ ભાગ લીધો હતો. આ પ્રતિષ્ઠિત ટ્રોફી જીતવા બદલ આર્સનલને ૨૩ લાખ ડોલરની માતબર ઈનામી રકમ એનાયત કરવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, આર્સનલ માટે આ જીત એટલા માટે પણ મહત્વની છે કારણ કે તેઓ હાલમાં રમતની સિઝનની મધ્યમાં છે, જ્યારે હરીફ ટીમો માટે આ ઓફ-સીઝન કે પ્રી-સીઝન જેવી સ્થિતિ હતી. આ જીત સાથે આર્સનલે સાબિત કરી દીધું છે કે તેઓ હાલમાં વિશ્વની સર્વશ્રેષ્ઠ મહિલા ફૂટબોલ ટીમોમાંની એક છે.

**દિલ્હી કેપિટલ્સની પ્લેઓફમાં ગર્જના**

## જેમિમા રોડ્રિગ્સે બોલરોની શાનદાર રમતને બિરદાવી



(એજન્સી) વડોદરા (ગુજરાત) । તા. 02

દિલ્હી કેપિટલ્સે વુમન્સ પ્રીમિયર લીગ (WPL) 2026 માં પોતાનો દબદબો જાળવી રાખતા યુપી વોરિયર્સને ૫ વિકેટે પછાડીને એલિમિનેટર રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. આ જીત સાથે જ જેમિમા રોડ્રિગ્સની આગેવાની હેઠળની ટીમે બે વખતની વિજેતા મુંબઈ ઈન્ડિયન્સને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધી છે. મેચ બાદ કેપ્ટન જેમિમાએ ટીમની એકતા અને બોલરોના શાનદાર પ્રદર્શન પર ગર્વ વ્યક્ત કર્યો હતો. બોલરોની શાનદાર સફળતા ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા યુપી વોરિયર્સની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટે માત્ર ૧૨૨ રન જ બનાવી શકી હતી. દિલ્હીની સ્ટાર બોલર મારિઝાન કેપે ૩૦ રન આપીને ૩ મહત્વની વિકેટ ઝડપી હતી, જેના બદલ તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી. જેમિમાએ જણાવ્યું કે, "અમને હંમેશા ખાતરી હતી કે અમે એક મજબૂત ટીમ છીએ. અમારા બોલરોએ પોતાની તાકાત પર ભરોસો રાખીને શિસ્તબદ્ધ બોલિંગ કરી, જેણે વિજયનો પાયો નાખ્યો." બેંગલુરુ અને ગુજરાત પણ રેસમાં દિલ્હી કેપિટલ્સે ૮ મેચોમાં ૪ જીત અને ૪ હાર સાથે ૬ પોઈન્ટ મેળવીને ત્રીજા ક્રમે પોતાની લીગ સફર પૂર્ણ કરી છે.

### અમેરિકા અને ઈઝરાયલની ગુપ્ત બેઠક, પેન્ટાગોનમાં સેનાના માંધાતાઓ મળ્યા

# મહાયુદ્ધના મંડાણ ઈરાન સામે ઘડાયું ગુપ્ત ચક્રવ્યૂહ

(એજન્સી) વોશિંગ્ટન | તા. 02

મિડલ ઈસ્ટ એટલે કે મધ્યપૂર્વમાં ફરી એકવાર વિનાશક યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. વિશ્વ અત્યારે એક ભયાનક સંઘર્ષના ઉંબરે આવીને ઊભું હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. મીડિયા અહેવાલ મુજબ, ગત શુક્રવારે અમેરિકાના સંરક્ષણ મંત્રાલય 'પેન્ટાગોન' ખાતે અમેરિકા અને ઈઝરાયલના ટોચના સૈન્ય નેતાઓ વચ્ચે અત્યંત ગુપ્ત અને સંવેદનશીલ બેઠક યોજાઈ હતી. આ બંધ બારણે થયેલી ચર્ચામાં અમેરિકન જનરલ ડેન કેન અને ઈઝરાયલના ચીફ ઓફ સ્ટાફ આયલ જમીર વચ્ચે કલાકો સુધી મંથન ચાલ્યું હતું. આ બેઠકના કેન્દ્રમાં ઈરાન હોવાનું અને તેની વિરુદ્ધ કોઈ મોટા સૈન્ય અભિયાનની રણનીતિ ઘડાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આ ગુપ્ત બેઠકની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ઈઝરાયલી ચીફ આયલ જમીર વોશિંગ્ટનથી પરત ફરતાની સાથે જ તેલ અવીવમાં હલચલ તેજ થઈ ગઈ છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ વિલંબ કર્યા વગર સુરક્ષા અધિકારીઓ સાથે તાબડતોબ બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. આ ઉચ્ચસ્તરીય મંત્રણામાં ઈઝરાયલના રક્ષામંત્રી ઈઝરાયલ કાત્ઝ, ગુપ્તચર એજન્સી મોસાદના ચીફ ડેવિડ બાર્નિયા અને અન્ય વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ સામેલ રહ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રક્ષામંત્રીના કાર્યાલયે પુષ્ટિ કરી છે કે ઈઝરાયલ અત્યારે કોઈપણ સંભવિત પરિણામો અથવા યુદ્ધની સ્થિતિ માટે પોતાની સૈન્ય સજ્જતાની આખરી સમીક્ષા કરી રહ્યું છે.

### ટ્રમ્પ સરકારના વલણમાં વળાંક: સૈન્ય કાર્યવાહીના સંકેત

અગાઉ રાજદ્વારી વર્તુળોમાં એવી ચર્ચાઓ વહેતી થઈ હતી કે સાઉદી અરેબિયા અને યુએઈ (UAE) જેવા પ્રભાવશાળી મુસ્લિમ દેશોએ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાન પર હુમલો ન કરવા માટે સમજાવી લીધા



છે. જોકે, પેન્ટાગોનની તાજેતરની આક્રમક ગતિવિધિઓ અને ઈઝરાયલી મીડિયાના અહેવાલો કંઈક અલગ જ સંકેત આપી રહ્યા છે. અમેરિકન લશ્કરી અધિકારીઓ હવે ઈરાન વિરુદ્ધ માત્ર રાજદ્વારી દબાણ નહીં, પરંતુ પ્રત્યક્ષ સૈન્ય કાર્યવાહીના વિકલ્પ પર પણ ગંભીરતાથી વિચારણા કરી રહ્યા હોય તેવું જણાય છે. આ બદલાયેલા સૂરને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાની લહેર પ્રસરી ગઈ છે.

### ઈરાનની વળતી ગર્જના: પ્રાદેશિક યુદ્ધની ચીમકી

સામે પક્ષે ઈરાને પણ નમતું જોખવાને બદલે આક્રમક વલણ અપનાવ્યું છે. ઈરાની નેતૃત્વએ આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી ઉચ્ચારી છે કે જો અમેરિકા કે ઈઝરાયલ દ્વારા તેમના સાર્વભૌમત્વ પર કોઈ પણ પ્રકારનો હુમલો કરવામાં આવશે, તો તેનો અંજામ ભયાનક આવશે. ઈરાને ચીમકી આપી છે કે તે આ હુમલાનો એવો વળતો જવાબ આપશે કે આખું મધ્યપૂર્વ મહાયુદ્ધની આગમાં ધકેલાઈ જશે.

ઈરાનની આ કઠોર ચેતવણી બાદ સમગ્ર વિશ્વની નજર અત્યારે પેન્ટાગોન અને ઈઝરાયલના આગામી કદમ પર ટકેલી છે. શું દુનિયા વધુ એક વિનાશક યુદ્ધ તરફ આગળ વધી રહી છે? તે પ્રશ્ન અત્યારે ગ્લોબલ પોલિટિક્સના કેન્દ્રમાં છે.

### ઈઝરાયેલનો લેબનોનમાં મોટો પ્રહાર

## હિઝબુલ્લાહ નેતા અલી દાઉદ અમીચ ઠાર

(એજન્સી) તેલ અવીવ/બેરૂત | તા. 02

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ઈઝરાયેલ સંરક્ષણ દળો (IDF) એ એક મોટી સફળતા મેળવી છે. ઈઝરાયેલની સેનાએ રવિવારે દક્ષિણ લેબનોનના અલ-દવેર વિસ્તારમાં હવાઈ હુમલો કરીને હિઝબુલ્લાહના વરિષ્ઠ નેતા અને એન્જિનિયરિંગ વિભાગના વડા અલી દાઉદ અમીચને ઠાર માર્યો છે. ઈઝરાયેલના જણાવ્યા અનુસાર, અમીચ સીઝફાયર કરારના ભંગમાં સામેલ હતો અને ઈઝરાયેલ વિરુદ્ધ હુમલાઓનું કાવતરું ઘડી રહ્યો હતો.

હુમલાનું કારણ અને પૃષ્ઠભૂમિ ઈઝરાયેલ સેનાના જણાવ્યા અનુસાર, અલી દાઉદ અમીચ હિઝબુલ્લાહના એન્જિનિયરિંગ વિભાગમાં મહત્વના હોદ્દા પર હતો. તે દક્ષિણ લેબનોનના અલ-દવેર વિસ્તારમાં હિઝબુલ્લાહના સૈન્ય માળખાને ફરીથી સક્રિય કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. IDF એ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે અમીચની પ્રવૃત્તિઓ ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે થયેલી સીઝફાયર સમજૂતીનું સીધું ઉલ્લંઘન હતું. આ હુમલા દ્વારા ઈઝરાયેલે સંદેશ આપ્યો છે કે તે પોતાની સુરક્ષા માટે કોઈપણ જોખમને સહન કરશે નહીં.

સીઝફાયર અને વર્તમાન સ્થિતિ નવેમ્બર ૨૦૨૪ માં ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ થયો હતો, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી આ સમજૂતીના ભંગની અનેક ઘટનાઓ સામે આવી રહી છે. લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ હુમલામાં અન્ય કેટલાક લોકો ઘાયલ પણ થયા છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તાજેતરમાં જ ઉત્તર ઈઝરાયેલના સરહદી વિસ્તારોના પુનઃવિકાસ માટે અબજો શેકેલની યોજનાની જાહેરાત કરી છે, જે દર્શાવે છે કે ઈઝરાયેલ સરહદ પર સ્થિરતા લાવવા માટે મક્કમ છે.

હિઝબુલ્લાહની નબળી પડતી શક્તિ વર્ષ ૨૦૨૪ માં હસન નસરાલ્લાહના મૃત્યુ બાદ હિઝબુલ્લાહ સંગઠન પહેલેથી જ નબળું પડ્યું હતું.

## ન્યૂઝ બ્રીફ

### જાપાનમાં સ્નેપ ઈલેક્શન: વડાપ્રધાનની સત્તા પર બંધારણીય વિવાદ વકર્યો



ટોક્યો | જાપાનના વડાપ્રધાન સનાઈ તાકાઈચીએ તાજેતરમાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ ને વિસર્જિત કરવાનો આદેશ આપીને દેશને આગામી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાનારી વહેલી સામાન્ય ચૂંટણીઓ તરફ ધકેલી દીધો છે. ઓક્ટોબર ૨૦૨૪ની ચૂંટણીના માત્ર ૧૬ મહિના બાદ જ ફરીથી ચૂંટણીની જાહેરાત થતા જાપાનના રાજકારણમાં વડાપ્રધાનની સંસદ વિસર્જન કરવાની "વિશેષ સત્તા" પર ઉગ્ર ચર્ચા જાગી છે. વિપક્ષી દળોએ આ પગલાને રાજકીય રીતે પ્રેરિત ગણાવીને તેની ટીકા કરી છે. બંધારણીય જોગવાઈઓ અને વિવાદ જાપાનના બંધારણમાં વડાપ્રધાનને સંસદ વિસર્જિત કરવાની સ્પષ્ટ સત્તા આપવામાં આવી નથી.

### CBIનું 'ઓપરેશન સાયસ્ટ્રાઈક': આં.રાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ

નવી દિલ્હી | સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ સાયબર ગુનેગારો વિરુદ્ધ અત્યાર સુધીની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય કાર્યવાહી કરતા 'ઓપરેશન સાયસ્ટ્રાઈક' લોન્ચ કર્યું છે. ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ શરૂ કરાયેલા આ ઓપરેશનમાં ભારતની સીબીઆઈ સાથે અમેરિકાની FBI, યુનાઈટેડ કિંગડમ, કુવૈત, આયર્લેન્ડ અને સિંગાપોરની સુરક્ષા એજન્સીઓ સામેલ થઈ હતી. આ સંયુક્ત કાર્યવાહીનો હેતુ ભારતમાંથી સંચાલિત થતા આંતરરાષ્ટ્રીય સાયબર નાણાકીય ગુનાખોરીના નેટવર્કને જડમૂળથી ઉખેડી ફેંકવાનો છે. દેશભરમાં ૩૫ સ્થળોએ દરોડા અને ધરપકડ સીબીઆઈએ દિલ્હી, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળ સહિત કુલ ૩૫ સ્થળોએ એકસાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

### સીડીએસ જનરલ અનિલ ચૌહાણની આર્મેનિયા મુલાકાતથી સંરક્ષણ ક્ષેત્રે નવો અધ્યાય



યેરેવન (આર્મેનિયા) | ભારત અને આર્મેનિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો વળાંક આવ્યો છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ અનિલ ચૌહાણના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય ભારતીય સંરક્ષણ પ્રતિનિધિ મંડળ ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આર્મેનિયા પહોંચ્યું છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે લાંબા ગાળાના સંરક્ષણ જોડાણને પ્રોત્સાહન આપવા અને સુરક્ષા ક્ષેત્રે સહકારને વધુ ગાઢ બનાવવાનો છે. યેરેવન ખાતે ભારતીય રાજદૂત નિલાક્ષી સાહા સિંહા અને આર્મેનિયાના સશસ્ત્ર દળોના ડેપ્યુટી ચીફ દ્વારા પ્રતિનિધિ મંડળનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### આત્મઘાતી હુમલાખોર આસિફા મેંગલની તસવીરો જાહેર, પાકિસ્તાન સુરક્ષા દળો ઓપરેશનમાં ૧૪૦ આતંકીઓ ઠાર

# પાકિસ્તાનમાં બલોચ મહિલા ફીદાયીનોનો ભયાનક કહેર, સો જવાનોના મોતથી પાક લશ્કર ધ્રૂજ્યું

(એજન્સી) ઈસ્લામાબાદ | તા. 02

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલુચિસ્તાનમાં બલુચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ) દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ આત્મઘાતી હુમલાઓએ સમગ્ર પાકિસ્તાની હુકુમત અને લશ્કરી તંત્રના પાયા હચમચાવી દીધા છે. અત્યંત આયોજનબદ્ધ રીતે કરવામાં આવેલા આ હુમલાઓમાં લગભગ ૧૦૦ જેટલા પાકિસ્તાની સુરક્ષા કર્મચારીઓ કાળનો કોળિયો બની ગયા છે. આ રક્તરંજીત ઘટનાક્રમમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, આ ભયાનક તબાહી મચાવવા પાછળ બે મહિલા આત્મઘાતી હુમલાખોરો મુખ્ય સૂત્રધાર તરીકે સામે આવી છે, જેમને બલોચ બળવાખોરો 'વીરાંગના' તરીકે સંબોધી રહ્યા છે.



### આસિફા મેંગલ: ૨૪ વર્ષની યુવતીએ આઈસીઆઈ મુખ્યાલય ઉડાવ્યું

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બીએલએ દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરોમાં એક મહિલાની ઓળખ ૨૪ વર્ષીય આસિફા મેંગલ તરીકે થઈ છે. નુશ્કી વિસ્તારની રહેવાસી અને મોહમ્મદ ઈસ્માઈલની પુત્રી આસિફાએ પોતાના ૨૧માં જન્મદિવસે માજીદ બ્રિગેડમાં જોડાઈને આત્મઘાતી હુમલાખોર બનવાની તાલીમ લીધી હતી. મીડિયા અહેવાલ મુજબ, આસિફાએ જ નુશ્કી સ્થિત આઈસીઆઈ મુખ્યાલય પર ઘાતક હુમલો કર્યો હતો. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં તે પાકિસ્તાન સરકારની આકરી ટીકા કરતી અને પોતાના સાથીઓ સાથે મક્કમતાથી ઉભેલી જોવા મળે છે. અન્ય એક મહિલા હુમલાખોરની ઓળખ હજુ ગુપ્ત રાખવામાં આવી છે.

### ઓપરેશન બ્લેક સ્ટૉર્મ: બાર શહેરોમાં મચાવી કતલ-એ-આમ

બલોચ સંગઠન દ્વારા આ હુમલાને 'ઓપરેશન હેરોફ' એટલે કે 'બ્લેક સ્ટૉર્મ'નો બીજો તબક્કો ગણાવવામાં આવ્યો છે. શુક્રવારની મધ્યરાત્રિથી શરૂ થયેલા આ હુમલાઓ શનિવાર સુધી ચાલુ રહ્યા હતા. હુમલાખોરોએ અત્યંત ક્રૂરતાપૂર્વક સામાન્ય નાગરિકોના વેશમાં શાળાઓ, બજારો, બેંકો અને હોસ્પિટલોમાં ઘૂસીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. નુશ્કી ઉપરાંત ગ્વાદર, ચમન, હબ, નસીરાબાદ અને મકરાન જેવા મુખ્ય વિસ્તારોમાં એકસાથે વિસ્ફોટો અને ગોળીબાર થતા પાકિસ્તાની સેનામાં નાસભાગ મચી ગઈ હતી. કેટલીક જગ્યાએ તો પાક સૈનિકો પોતાની ચોકીઓ છોડીને ભાગી ગયા હોવાના અહેવાલો પણ સાંપડ્યા છે.

આ ભીષણ હુમલાઓ બાદ પાકિસ્તાની સુરક્ષા દળોએ પણ વળતો પ્રહાર કર્યો હતો. બલુચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝ બુગતીએ દાવો કર્યો છે કે સુરક્ષા દળોએ સતત ૪૦ કલાક સુધી ઓપરેશન ચલાવીને ૧૪૦ થી વધુ સશસ્ત્ર બળવાખોરોને ઠાર કર્યા છે. પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે પણ સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે આ હુમલાઓમાં મહિલા ફીદાયીનો સામેલ હતી, જે પાકિસ્તાની સુરક્ષા વ્યવસ્થા માટે ચિંતાનો વિષય છે. લશ્કરી પ્રવક્તાએ જણાવ્યું કે આતંકવાદીઓને કોઈપણ વ્યુહાત્મક સ્થળ પર કાયમી કબજો જમાવવા દેવામાં આવ્યો નથી.

ભૌગોલિક દૃષ્ટિએ બલુચિસ્તાન પાકિસ્તાનનો સૌથી મોટો પ્રાંત છે, પરંતુ કમનસીબી એ છે કે તે સૌથી ગરીબ અને પછાત પણ છે. વર્ષોથી બલોચ સંગઠનો પોતાની કુદરતી સંપત્તિ અને સંસાધનો પર પોતાના અધિકારોની માંગ કરી રહ્યા છે. પાકિસ્તાન સરકાર અને ચીન દ્વારા આ વિસ્તારમાં કરવામાં આવતા હસ્તક્ષેપ સામે સ્થાનિક પ્રજામાં ભારે રોષ છે. આ રોષ જ હવે સશસ્ત્ર બળવા અને મહિલાઓના આત્મઘાતી હુમલાઓ સુધી પહોંચ્યો છે, જે પાકિસ્તાનના અસ્તિત્વ માટે મોટો ખતરો સાબિત થઈ રહ્યો છે.

### પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને

## પ્લોટ ફાળવણી કૌભાંડમાં 10 વર્ષની જેલ



(એજન્સી) ઢાકા | તા. 02

બાંગ્લાદેશના રાજકારણમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો છે. રાજધાની ઢાકાની એક વિશેષ અદાલતે પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને પૂર્વાચલ ન્યુ ટાઉન સરકારી પ્રોજેક્ટમાં પ્લોટની ગેરકાયદે ફાળવણીના બે અલગ-અલગ કેસોમાં કુલ ૧૦ વર્ષની જેલની સજા ફટકારી છે. આ ચુકાદાએ માત્ર બાંગ્લાદેશ જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ધ્યાન ખેંચ્યું છે, કારણ કે તેમાં શેખ હસીનાના પરિવારના અન્ય સભ્યો અને બ્રિટિશ સાંસદનો પણ સમાવેશ થાય છે.

પરિવારના સભ્યોને પણ જેલની સજા મીડિયા અહેવાલ મુજબ, ઢાકા સ્પેશિયલ જજ કોર્ટ-૪ ના ન્યાયાધીશ રબિઉલ આલમે આ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. શેખ હસીનાની ભત્રીજી અને બ્રિટિશ સાંસદ ટ્યૂલિપ રિઝવાના સિદ્દીકને પણ બે કેસમાં કુલ ચાર વર્ષની જેલની સજા કરવામાં આવી છે. આ ઉપરાંત, શેખ હસીનાના પુત્ર રાદવાન મુજીબ સિદ્દીક (બોબી) અને અઝમીના સિદ્દીકને પણ સાત-સાત વર્ષની કેદની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે માન્યું છે કે સત્તામાં હોવા દરમિયાન આ પ્લોટની ફાળવણીમાં ગંભીર ગેરરીતિઓ આચરવામાં આવી હતી.

કેસનો ઘટનાક્રમ અને તપાસ એન્ટી કરપ્શન કમિશન (ACC) દ્વારા જાન્યુઆરી ૨૦૨૫ માં આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન કુલ ૩૧ સાક્ષીઓએ જુબાની આપી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૧૩ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ૧૬ વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધાયા બાદ માર્ચમાં ૧૮ લોકો સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આરોપ હતો કે પૂર્વાચલ પ્રોજેક્ટ હેઠળ ૨૦ કાથા અને ૧૦ કાથાના પ્લોટ મેળવવા માટે સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. કોર્ટે ૫ જાન્યુઆરીએ જુબાનીઓ પૂર્ણ કરી હતી અને આજે અંતિમ ફેંસલો સંભળાવ્યો છે.

## વિદેશ મંત્રી એસ જયશંકર અમેરિકામાં ખનિજ મંત્રી સ્તરની બેઠકમાં લેશે ભાગ

(એજન્સી) નવી દિલ્હી | તા. 02

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર ૨ થી ૪ ફેબ્રુઆરી દરમિયાન અમેરિકાની મહત્વપૂર્ણ મુલાકાતે જઈ રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો દ્વારા આયોજિત 'ક્રિટિકલ મિનરલ્સ મિનિસ્ટરિયલ' એટલે કે મહત્વપૂર્ણ ખનિજ મંત્રી સ્તરની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વમાં ખનિજ પુરવઠાની સાંકળને વધુ મજબૂત બનાવવી અને સ્વચ્છ ઉર્જાના ક્ષેત્રમાં પરિવર્તન લાવવાનો છે. આ મુલાકાત ભારતની આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે.

વ્યૂહાત્મક સહયોગ અને સ્વચ્છ ઉર્જા પર ધ્યાન મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ બેઠક અંગે જણાવ્યું હતું કે, માર્કો રુબિયો વિશ્વભરના ભાગીદારો સાથે મળીને



ખનિજ પુરવઠાની વ્યવસ્થાને સુરક્ષિત અને પારદર્શક બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ખનિજો ખાસ કરીને હાઈ-ટેક ઉદ્યોગો અને ઈલેક્ટ્રિક વાહનોની બેટરી માટે અનિવાર્ય છે. વિદેશ મંત્રી એસ. જયશંકર તેમની મુલાકાત દરમિયાન અમેરિકી વહીવટીતંત્રના વરિષ્ઠ સભ્યો સાથે પણ મુલાકાત કરશે અને દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાની દિશામાં ચર્ચા કરશે.

## પાકિસ્તાન અધિકૃત જમ્મુ-કાશ્મીરમાં નાગરિક અધિકારના ઓઠે આતંકવાદી એજન્ડા

લંડન / મુઝફ્ફરાબાદ | પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (PoJK) ના જાણીતા રાજકીય કાર્યકર્તા અમજદ અયુબ મિર્ઝાએ મુઝફ્ફરાબાદમાં યોજાયેલી એક વિવાદાસ્પદ રેલીની કડક શબ્દોમાં નિંદા કરી છે. આ રેલી ભારતમાં આતંકવાદ અને સામાન્ય નાગરિકો વિરુદ્ધના ગુનાઓ માટે જેલની સજા ભોગવી રહેલા જેકેએલએફ નેતા યાસીન મલિકની મુક્તિ માટે કાઢવામાં આવી હતી. મિર્ઝાએ આ રેલીને નાગરિક અધિકારના આંદોલન અને આતંકવાદી રાજનીતિના ખતરનાક મિશ્રણ તરીકે ગણાવી છે. નાગરિક નેતાઓની શંકાસ્પદ ભૂમિકા સીબીઆઈ અને અન્ય સુરક્ષા એજન્સીઓના ઓપરેશનની જેમ જ અહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે નજર રાખવામાં આવી રહી છે. મિર્ઝાએ ખાસ કરીને જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) ના નેતા શૌકત નવાઝ મીરની હાજરી સામે સખત વાંધો ઉઠાવ્યો છે.

## ઈસ્તંબુલમાં આધુનિક શેખ ઝાયેદ ચાઈલ્ડ કૅર કોમ્પ્લેક્સનું ભવ્ય લોકાર્પણ

### યુએઈ તુર્કી માનવતાવાદી સહયોગ વધુ મજબૂત બન્યો

(એજન્સી) ઈસ્તંબુલ | તા. 02

સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) એ માનવતાવાદી સેવાઓના ક્ષેત્રમાં વધુ એક સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું છે. ઈસ્તંબુલમાં લાંબા સમયથી ચાલી રહેલા 'શેખ ઝાયેદ ચાઈલ્ડ કેર કોમ્પ્લેક્સ' ના વ્યાપક પુનઃવિકાસ બાદ તેનું સત્તાવાર રીતે ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ યુએઈના સ્થાપક પિતા સ્વ. શેખ ઝાયેદ બિન સુલતાન અલ નાહયાનના માનવતાવાદી દ્રષ્ટિકોણને જીવંત રાખવાનો એક નમ્ર પ્રયાસ છે. આ સમારોહમાં બંને દેશોના ઉચ્ચ અધિકારીઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ હાજરી આપી હતી, જે બંને રાષ્ટ્રો વચ્ચેના ગાઢ સંબંધોની સાક્ષી પૂરે છે. અત્યાધુનિક સુવિધાઓ અને ક્ષમતામાં વધારો મીડિયા અહેવાલ મુજબ, આ કોમ્પ્લેક્સનો પુનઃવિકાસ અંદાજે ૪૦.૪ મિલિયન દિરહામ (આશરે ૧૧ મિલિયન ડોલર) ના ખર્ચે કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ ૯ જૂની ઈમારતોને પાડીને ૧૨ નવી આધુનિક ઈમારતોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સંકુલની ક્ષમતા હવે વધીને અંદાજે ૭૦૦ બાળકોની થઈ છે. જેમાં બાળકો માટે રહેઠાણ ઉપરાંત, અત્યાધુનિક આરોગ્ય કેન્દ્ર, શૈક્ષણિક સુવિધાઓ અને રમતગમતના મેદાનોનો સમાવેશ થાય છે. આ સંકુલ બાળકોને માત્ર આશ્રય જ નહીં, પરંતુ તેમના સર્વાંગી વિકાસ માટે જરૂરી તમામ સાધનો પૂરા પાડશે.

ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળની હાજરી આ ભવ્ય ઉદઘાટન પ્રસંગે તુર્કીના રાષ્ટ્રપતિના ધર્મપત્ની એમિન એર્દોગન અને યુએઈના રાજ્ય મંત્રી મૈથા બિન્ત સાલેમ અલ શમ્સી ઉપસ્થિત રહ્યા હતા.

**ચૂંટણી** | કોસ્ટા રિકા પ્રમુખપદની ચૂંટણીમાં લૉરા ફર્નાન્ડીઝની પ્રચંડ જીત તરફ આગેકૂચ

# કોસ્ટા રિકા પ્રમુખપદની ચૂંટણીમાં ૫૩ ટકા મતો

(એજન્સી) સેન જોસ (કોસ્ટા રિકા) | તા. 02

મધ્ય અમેરિકાના શાંત ગણાતા દેશ કોસ્ટા રિકામાં પ્રમુખપદની ચૂંટણીના પ્રારંભિક પરિણામોએ સૌને ચોંકાવી દીધા છે. સત્તારૂઢ સોવરિન પીપલ્સ પાર્ટી (PPSO) ના ઉમેદવાર લૉરા ફર્નાન્ડીઝે વિરોધીઓ પર મોટી સરસાઈ મેળવી છે. પ્રારંભિક ગણતરી મુજબ, લૉરા ફર્નાન્ડીઝને ૫૩.૦૧ ટકા મતો મળ્યા છે, જે તેમને જીતની એકદમ નજીક લઈ ગયા છે. આ પરિણામો સૂચવે છે કે કોસ્ટા રિકાના મતદારોએ સુરક્ષા અને કડક કાયદો-વ્યવસ્થાના મુદ્દે લૉરા ફર્નાન્ડીઝ પર અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

પરિણામોનું ગણિત અને વિરોધીઓની સ્થિતિ મીડિયા અહેવાલ મુજબ, અત્યાર સુધીમાં ૩૧ ટકા મતદાન મથકોના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં નેશનલ લિબરેશન પાર્ટીના અલ્વારો રામોસ ૩૦.૦૫ ટકા મતો સાથે બીજા ક્રમે છે, જ્યારે પૂર્વ પ્રથમ મહિલા ક્લાઉડિયા ડોબલ્સ માત્ર ૩.૯ ટકા મતો મેળવી શક્યા છે. કોસ્ટા રિકાના ચૂંટણી નિયમો મુજબ,



જો કોઈ ઉમેદવાર ૪૦ ટકાથી વધુ મતો મેળવે છે, તો તેણે એપ્રિલમાં યોજાનારા બીજા તબક્કાના (રન-ઓફ) મતદાનમાં જવાની જરૂર રહેતી નથી. વર્તમાન આંકડા જોતા લૉરા ફર્નાન્ડીઝ પ્રથમ તબક્કામાં જ વિજેતા જાહેર થાય તેવી પ્રબળ શક્યતા છે.

સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા મુખ્ય મુદ્દો ૩૯ વર્ષીય લૉરા ફર્નાન્ડીઝ વર્તમાન પ્રમુખ રોડ્રિગો ચાવેસના અનુગામી માનવામાં આવે છે. તેમણે તેમના પ્રચાર દરમિયાન દેશમાં વધતા જતા ગુનાખોરીના દરને ડામવા અને કડક સુરક્ષા એજન્ડા લાગુ કરવાનું વચન આપ્યું હતું. કોસ્ટા રિકામાં છેલ્લા કેટલાક વર્ષોમાં હિંસાની ઘટનાઓમાં તીવ્ર વધારો થયો છે, જેને કારણે સામાન્ય જનતામાં ભયનો માહોલ હતો. લૉરાની આક્રમક શૈલી અને 'લૉ એન્ડ ઓર્ડર' પ્રત્યેની તેમની કટિબદ્ધતાએ જ તેમને આટલી મોટી સફળતા અપાવી હોવાનું વિશ્લેષકો માની રહ્યા છે.

નેશનલ એસેમ્બલીમાં પક્ષનું વર્ચસ્વ પ્રમુખપદની સાથે સાથે દેશની ૫૭ બેઠકો ધરાવતી નેશનલ એસેમ્બલી માટે પણ મતદાન થયું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, લૉરા ફર્નાન્ડીઝનો પક્ષ સંસદમાં પણ નોંધપાત્ર બેઠકો મેળવે તેવી સંભાવના છે. જો તેમને બહુમતી મળે છે, તો તેઓ સુપ્રીમ કોર્ટના મેજિસ્ટ્રેટની નિમણૂક જેવા મહત્વના નિર્ણયો લેવાની શક્તિ પ્રાપ્ત કરશે.

## ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ વોશિંગ્ટનમાં રજૂ કર્યું વિઝન

(એજન્સી) વોશિંગ્ટન, ડીસી | તા. 02

અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ના ભાવિ અંગે ભારતનો સ્પષ્ટ અને મજબૂત દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે. સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારત 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લોકશાહીકરણ' માં વિશ્વાસ રાખે છે. આ આધુનિક ટેકનોલોજી માત્ર મર્યાદિત વર્ગ કે ભૂગોળ સુધી સીમિત ન રહેતા સામાન્ય લોકોના જીવનમાં સકારાત્મક પ્રભાવ લાવે તેવો ભારતનો મક્કમ નિર્ધાર છે.

લોક, પૃથ્વી અને પ્રગતિ ક્વાત્રાએ આગામી 'ભારત એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬' ના માળખાને ત્રણ મુખ્ય 'સૂત્રો' પર આધારિત ગણાવ્યું છે. પ્રથમ સૂત્ર 'લોક' છે, જેમાં લોકોની ગરિમા, સાંસ્કૃતિક વિવિધતા અને ટેકનોલોજી સુધીની તેમની સરળ પહોંચ સુનિશ્ચિત કરવામાં આવશે. બીજું સૂત્ર 'પૃથ્વી' છે, જેનો ઉદ્દેશ્ય એવી ટેકનોલોજી વિકસાવવાનો છે જે સમગ્ર ગ્રહના વિકાસ માટે ઉપલબ્ધ હોય. ત્રીજું સૂત્ર 'પ્રગતિ' છે, જે આર્થિક અને તકનીકી વિકાસ દ્વારા સમાજમાં સમૃદ્ધિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ગ્લોબલ સાઉથ માટે ઐતિહાસિક ક્ષણ ફેબ્રુઆરી ૨૦૨૬ માં ભારત આ વૈશ્વિક એઆઈ સમિટનું યજમાન બનશે.

આ પ્રથમ વખત છે જ્યારે આ પ્રકારનું પ્રતિષ્ઠિત સંમેલન 'ગ્લોબલ સાઉથ' ના કોઈ દેશમાં યોજાઈ રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ સમિટ પેરિસમાં ફેબ્રુઆરી ૨૦૨૫ માં ભારત અને ફ્રાન્સ દ્વારા સહ-આયોજિત સમિટની ગતિને આગળ વધારશે. આ પરિષદ ભારતની જવાબદાર અને સમાવેશી એઆઈ નીતિને વૈશ્વિક ફલક પર સ્થાપિત કરશે, જેમાં ખાસ કરીને વિકાસશીલ દેશોના હિતોનું ધ્યાન રાખવામાં આવશે.

### ૮મું પગાર પંચ લેટેસ્ટ અપડેટ ૨૦૨૬ મુજબ લોટરી લાગશે | સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે હોળીની ભેટ સમાન વધારો

# કેન્દ્રીય કર્મચારીઓ મોંઘવારી ભથ્થું 60% વધારો હવે નિશ્ચિત



નવી દિલ્હી: દેશના લાખો કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકો માટે વર્ષ ૨૦૨૬ની શરૂઆત અત્યંત શુભ સમાચાર સાથે થઈ છે. ઔદ્યોગિક શ્રમિકો માટેના ગ્રાહક ભાવ સૂચકાંક (AICPI-IW) ના ડિસેમ્બરના તાજેતરના આંકડાઓ જાહેર થયા બાદ હવે મોંઘવારી ભથ્થા (DA) માં સીધો વધારો થવો નક્કી જણાઈ રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ વધારા સાથે હવે કર્મચારીઓનું કુલ મોંઘવારી ભથ્થું ૬૦ ટકાની ઐતિહાસિક સપાટી પર પહોંચી જશે, જે જાન્યુઆરી ૨૦૨૬ થી અમલી ગણવામાં આવશે.

ડિસેમ્બરના આંકડાઓએ આપ્યા સ્પષ્ટ સંકેત શ્રમ બ્યુરો દ્વારા જારી કરવામાં આવેલા નવેમ્બર ૨૦૨૫ ના AICPI-IW ના આંકડા ૧૪૮.૨ ની સપાટીએ પહોંચ્યા હતા. છેલ્લા ૧૨ મહિનાના સરેરાશ ઈન્ડેક્સના આધારે ગણતરી કરવામાં આવતા મોંઘવારી ભથ્થું ૫૯.૯૩ ટકાની આસપાસ સ્થિર થયું હતું. જોકે, ડિસેમ્બરના આંકડા પણ સકારાત્મક રહેતા હવે આ આંકડો ૬૦ ટકાને વટાવી ચૂક્યો છે. સરકારના નિયમ મુજબ, મોંઘવારી ભથ્થું હંમેશા પૂર્ણાંકમાં જ જાહેર કરવામાં આવે છે, તેથી કર્મચારીઓને હવે ૬૦ ટકાના દરે ભથ્થું મળવું લગભગ નિશ્ચિત છે.૮માં પગાર પંચની ચર્ચાઓ વચ્ચે મોટી રાહત સામાન્ય રીતે દર દસ વર્ષે નવા પગાર પંચની રચના કરવામાં આવતી હોય છે. જોકે, ૭માં પગાર પંચનો નિર્ધારિત કાર્યકાળ પૂરો થયો હોવા છતાં, સરકાર દ્વારા ૮માં પગાર પંચના અમલીકરણની પ્રક્રિયા હજુ ચાલી રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ, જ્યાં સુધી નવી ભલામણો સંપૂર્ણપણે લાગુ કરવામાં ન આવે ત્યાં સુધી સરકાર જૂની વ્યવસ્થા હેઠળ જ વર્ષમાં બે વાર (જાન્યુઆરી અને જુલાઈ) મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનું ચાલુ રાખશે. આ સમાચારથી ૫૦ લાખથી વધુ કર્મચારીઓ અને ૬૫ લાખથી વધુ પેન્શનરોમાં હર્ષની લાગણી જોવા મળી રહી છે.પગાર અને પેન્શનમાં થશે નોંધપાત્ર ઉછાળો મોંઘવારી ભથ્થું ૫૮ ટકાથી વધીને ૬૦ ટકા થવાથી કર્મચારીઓના માસિક પગારમાં સીધો વધારો થશે. ઉદાહરણ તરીકે, જો કોઈ કર્મચારીનો મૂળ પગાર ૫૦,૦૦૦ હોય, તો ૨ ટકાના વધારા સાથે તેને દર મહિને ૧,૦૦૦ નો વધારાનો લાભ મળશે. આ ઉપરાંત, ભથ્થામાં થતા આ વધારાની અસર હાઉસ રેન્ટ એલાઉન્સ (HRA) અને અન્ય આનુષંગિક ભથ્થાઓ પર પણ પડી શકે છે, જે કર્મચારીઓના આર્થિક ગ્રાફને ઉપર લઈ જશે.હોળીના પર્વે સરકાર કરી શકે છે સત્તાવાર જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લે ઓક્ટોબર ૨૦૨૫ માં ૩ ટકાના વધારા સાથે DA ૫૮ ટકા કરવામાં આવ્યો હતો. હવે જાન્યુઆરી ૨૦૨૬ થી લાગુ થનારા આ નવા વધારાની સત્તાવાર જાહેરાત હોળીના તહેવારની આસપાસ થવાની પ્રબળ શક્યતા છે. જ્યારે પણ સરકાર આ નિર્ણય પર મહોર મારશે, ત્યારે કર્મચારીઓને જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાનું એરિયર્સ (બાકી રકમ) પણ એકસાથે ચૂકવવામાં આવશે. આર્થિક નિષ્ણાતો માને છે કે આ વધારો વધતી જતી મોંઘવારી સામે લડવા માટે મધ્યમ વર્ગના સરકારી પરિવારોને મજબૂત રક્ષણ પૂરું પાડશે.

## અજિત પવાર વિમાન અકસ્માત VSR વેન્ચર્સ તપાસમાં મોટો ધડાકો



મુંબઈ/નવી દિલ્હી: મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને અન્ય ચાર વ્યક્તિઓના જીવ લેનારા બારામતી વિમાન અકસ્માત મામલે અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે. યુરોપિયન એવિએશન સેફ્ટી એજન્સી (EASA) ના એક રિપોર્ટ મુજબ, જે કંપની (VSR વેન્ચર્સ) ના પ્લેનમાં આ અકસ્માત થયો, તે કંપનીનું આંતરરાષ્ટ્રીય ઉડાન લાયસન્સ ગંભીર સુરક્ષા ખામીઓને કારણે એક વર્ષ પહેલા જ રદ કરી દેવામાં આવ્યું હતું. આ ખુલાસા બાદ હવે ભારતની ઉડ્ડયન નિયામક સંસ્થા DGCA ની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઉભા થયા છે.શું હતી 'લેવલ-1' ની ભયાનક ભૂલ? એવિએશન ક્ષેત્રમાં 'લેવલ-1' ફાઈન્ડિંગને સુરક્ષાના ધોરણોનું સૌથી ઘાતક ઉલ્લંઘન માનવામાં આવે છે. EASA ના અહેવાલ મુજબ, VSR વેન્ચર્સ સુરક્ષા તપાસ માટે જરૂરી અગાઉના અકસ્માતોના રિપોર્ટ અને મહત્વના દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ રહી હતી. સપ્ટેમ્બર ૨૦૨૩માં મુંબઈમાં થયેલા લિયરજેટ ૪૫ અકસ્માત બાદ કંપનીએ શું સુધારા કર્યા, તેની કોઈ વિગતો એજન્સીને આપવામાં આવી નહોતી. એટલું જ નહીં, ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૪ દરમિયાન પાંચ વાર રિમાઈન્ડર મોકલ્યા હોવા છતાં કંપનીએ કોઈ જ પ્રત્યુત્તર આપ્યો નહોતો, જેને પગલે તેનું સસ્પેન્શન લંબાવવામાં આવ્યું હતું.DGCA ની ભૂમિકા પર પ્રશ્નાર્થ: શા માટે મંજૂરી મળી? સૌથી વધુ સનસનાટીભરી વિગત એ છે કે EASA એ આ સસ્પેન્શન અંગે ભારતની DGCA ને લેખિતમાં જાણ કરી હતી.

## News Brief

### બજાજ લાઈફ ઈન્સ્યોરન્સે ફંડામેન્ટલી મજબૂત ભારતીય કંપનીઓમાં રોકાણ તક આપતું બીએસઈ 500 ક્વોલિટી 50 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

પુણે : ભારતની અગ્રણી ખાનગી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની બજાજ લાઈફ ઈન્સ્યોરન્સે એનએફઓ - બજાજ લાઈફ બીએસઈ 500 ક્વોલિટી 50 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ ફંડ રોકાણકારોને નાણાકીય રીતે મજબૂત, સતત કમાણી સાથે પ્રુડન્ટ બેલેન્સ શીટ ધરાવતી ભારતીય કંપનીઓમાં રોકાણ કરવાની તક પ્રદાન કરે છે. ફંડ બજાજ લાઈફના યુનિટ-લિંક્ડ ઈન્સ્યોરન્સ પ્લાન્સ (યુલીપ્સ)- બજાજ લાઈફ સ્માર્ટ વેલ્થ ગોલ, બજાજ લાઈફ સુપ્રીમ અને બજાજ લાઈફ ગેઈન હેઠળ ઉપલબ્ધ છે. જે પોલિસીધારકોને લાઈફ કવરની સાથે સાથે લાંબા ગાળાની સંપત્તિનું સર્જન કરી જીવનના લક્ષ્યો પૂરા કરવા સક્ષમ બનાવે છે.માર્કેટની અસ્થિરતા અને મેક્રોઈકોનોમિક પડકારો વચ્ચે રોકાણકારો મજબૂત ફંડામેન્ટલ્સ અને શિસ્તબદ્ધ કમાણી કરતી કંપનીઓ તરફ ડાયવર્ટ થઈ રહ્યા છે. રોકાણના પરિબળ તરીકે ગુણવત્તા, નફાકારકતા પર ફોકસ, મજબૂત બેલેન્સશીટ અને આવકની ગુણવત્તા બજાર ચક્રમાં રોકાણને સુરક્ષિત રાખવા સાથે કમાણી કરવા સક્ષમ બનાવે છે. બજાજ લાઈફ બીએસઈ 500 ક્વોલિટી 50 ઈન્ડેક્સ ફંડ પારદર્શક અને નિયમોને આધિન રોકાણ વ્યૂહરચનાઓ મારફત આ જરૂરિયાતોને સંબોધે છે.ફંડ બીએસઈ 500 ક્વોલિટી 50 ઈન્ડેક્સને ટ્રેક કરે છે. જેમાં ગુણવત્તાના માપદંડો, રિટર્ન ઓન ઈક્વિટી, એક્રુલ્સ રેશિયો, નાણાકીય સધ્ધરતાના આધારે બીએસઈના વ્યાપક 500 શેરના સમૂહમાંથી 50 કંપનીઓની પસંદગી કરવામાં આવી છે.

### અજિત પવાર નિધન બાદ એનસીપીમાં આંતરિક કલહ શરૂ થયો

# સુનેત્રા પવાર નાયબ મુખ્યમંત્રી પદ વિવાદમાં ભાજપ માસ્ટરમાઈન્ડ

### મહારાષ્ટ્ર રાજકારણ ભાજપ માસ્ટરમાઈન્ડ દાવો શિવસેના મુખપત્રમાં કરાયો



મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ભૂકંપ સર્જાયો છે. અજિત પવારના આકસ્મિક નિધન બાદ તેમના પત્ની સુનેત્રા પવારને ઉતાવળે નાયબ મુખ્યમંત્રી બનાવવા પાછળ ભારતીય જનતા પાર્ટી (BJP) મુખ્ય સૂત્રધાર હોવાનો સનસનાટીભર્યા દાવો ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાએ કર્યો છે. શિવસેનાના મુખપત્ર 'સામના'માં છપાયેલા લેખ મુજબ, પવાર પરિવાર અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (NCP) ના બંને જૂથો ફરી એક ન થાય તે માટે ભાજપે આ ખતરનાક 'માસ્ટરસ્ટ્રોક' માર્યો છે.

શરદ પવારને અંધારામાં રાખી લેવાયો નિર્ણય? મીડિયા અહેવાલ મુજબ, અજિત પવારના અવસાન બાદ સમગ્ર મહારાષ્ટ્ર જ્યારે આઘાતમાં હતું, ત્યારે સુનેત્રા પવારની નિયુક્તિએ રાજકીય પંડિતોને ચોંકાવી દીધા છે. ખુદ શરદ પવારે જાહેરમાં કબૂલાત કરી છે કે તેમને આ શપથ ગ્રહણ વિશે કોઈ જાણકારી નહોતી. 'સામના'નો દાવો છે કે સુપ્રિયા સુલે કે પરિવારના અન્ય સભ્યોને પણ વિશ્વાસમાં લીધા વિના સુનેત્રા પવાર ગુપ્ત રીતે બારામતીથી મુંબઈ આવ્યા અને શપથ લીધા. આ ઘટનાક્રમ સૂચવે છે કે ભાજપ નેતૃત્વ ઈચ્છતું હતું કે એનસીપીના અસ્તિત્વ પર પવાર પરિવારનો પ્રભાવ ઓછો થાય.

૧૨મી ફેબ્રુઆરીનું રહસ્ય અને વિલીનીકરણની અફવા સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અજિત પવારના જીવિત હતા ત્યારે એવી પ્રબળ ચર્ચાઓ હતી કે ૧૨મી ફેબ્રુઆરીના રોજ એનસીપીના બંને જૂથો (શરદ પવાર અને અજિત પવાર જૂથ) એક થઈ જશે. જોકે, વિમાન દુર્ઘટનામાં અજિત પવારના નિધન બાદ આ આખી યોજના ખોરવાઈ ગઈ છે. ભાજપને ડર હતો કે જો વિલીનીકરણ થશે તો એનસીપી ફરી શક્તિશાળી બનશે, તેથી પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે જેવા નેતાઓ દ્વારા સુનેત્રા પવારનું નામ આગળ ધરીને વિલીનીકરણની શક્યતાઓને કાયમ માટે દફનાવી દેવામાં આવી છે.પક્ષમાં આંતરિક ખેંચતાણ અને મહત્વાકાંક્ષાનો જંગ અજિત પવારના નિધન પછી એનસીપીમાં નેતૃત્વની ખાલી પડેલી જગ્યા ભરવા માટે 'દોડ' શરૂ થઈ છે. 'સામના'માં એવો પણ આક્ષેપ કરાયો છે કે પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે વચ્ચે અત્યારે વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે. આ આંતરિક કલહને ઢાંકવા અને પવાર પરિવારની એકતાનો દેખાવ કરવા માટે સુનેત્રા પવારને ઢાલ બનાવવામાં આવ્યા છે.

### તેજસ્વી સૂર્યા લોકસભા ભાષણ અમિત શાહ પ્રતિક્રિયા બાદ હંગામો



નવી દિલ્હી: લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ દરમિયાન સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર ચર્ચાઓ જોવા મળી હતી. બેંગલુરુ દક્ષિણના ભાજપ સાંસદ તેજસ્વી સૂર્યાએ કોંગ્રેસના શાસનકાળ પર આકરા પ્રહારો કરતા ગૃહમાં ભારે હંગામો થયો હતો. આ વિવાદમાં જ્યારે કોંગ્રેસના સાંસદ હિબી ઈડને હસ્તક્ષેપ કર્યો, ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શાર્પ પ્રતિક્રિયા આપીને તેમને શાંત કરી દીધા હતા.કોંગ્રેસના ૧૦ વર્ષ 'તકો ગુમાવવાનો દાયકા': તેજસ્વી સૂર્યા મીડિયા અહેવાલ મુજબ, તેજસ્વી સૂર્યાએ તેમના ભાષણમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએ શાસનને 'નિષ્ફળતાની ગાથા' ગણાવ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો કે કોંગ્રેસના ૧૦ વર્ષના શાસનમાં રાષ્ટ્રપતિના અભિભાષણમાં ભારતની સાંસ્કૃતિક વિરાસત અને સભ્યતાનો ક્યાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. સૂર્યાએ પડકાર ફેંક્યો કે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિના ફૂટનોટ સિવાય કોંગ્રેસે ક્યારેય ભારતીય મૂલ્યો પર ભાર મૂક્યો નથી. તેમણે ૨૦૧૪ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ટેકનોલોજી અને પરંપરાના સમન્વયના વખાણ કર્યા હતા.હિબી ઈડનનો વિરોધ અને અમિત શાહનો જવાબ તેજસ્વી સૂર્યાના આ નિવેદનોથી કોંગ્રેસના સાંસદોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## સરકારની આવક 35 લાખ કરોડ અને ખર્ચો 53.5 લાખ કરોડ! ભારત પર દેવું વધવાના સંકેત

કેન્દ્ર સરકારે 2026-27નું 53.5 લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું છે. આ બજેટ અગાઉના વર્ષની તુલનાએ 5.5 ટકા વધારે છે. 2025-26માં બજેટ 50 લાખ કરોડ રૂપિયા હતું. સરકારે આટલું મોટું બજેટ તો રજૂ કર્યું, પરંતુ તેની સામે તેના હાથમાં ચોખ્ખી આવક તો 35 લાખ કરોડ રૂપિયા જ છે. આ રકમ તે ક્યાંથી લાવશે તે સવાલ થાય છે. સરકાર આના માટે લોન લેશે. 2030 સુધીમાં દેવુ ઘટાડીને જીડીપીના 50 ટકા સુધી લવાશે. સરકારે ગયા વર્ષે 15.58 લાખ કરોડ રૂપિયાની લોન લીધી હતી. 2030 સુધીમાં દેવુ ઘટાડીને જીડીપીના 50 ટકા સુધી લવાશે. સરકારને 2026-27માં 44 લાખ કરોડથી પણ વધુ રકમની આવકની આશા છે.



તેમા 15.26 લાખ કરોડ રૂપિયાનો ટેક્સ રાજ્યોને આપવામાં આવશે. આમ સરકારની કુલ કર આવક 28.66 લાખ કરોડ રૂપિયા થશે. આ સિવાય સરકારને 6.66 લાખ કરોડ રૂપિયાની નોન-ટેક્સ આવક પણ મળશે. આ હિસાબે સરકારની કુલ આવક 35.33 લાખ કરોડ રૂપિયા થશે.વિશ્વના દરેક દેશની સરકાર ઋણ લે છે. આમ રાજ્યોનો હિસ્સો વહેંચ્યા પછી કેન્દ્ર સરકારની પાસે 2026-24 માટે 35.33 લાખ કરોડ રૂપિયા બચશે. તેમા કેન્દ્ર સરકાર 14.66 લાખ કરોડ રૂપિયા તો ઈન્કમ ટેક્સના મળશે. આ ઉપરાંત 10.19 લાખ કરોડ રૂપિયા જીએસટીના મળવાની આશા છે. બાકીની આવક કોર્પોરેશન ટેક્સ, કસ્ટમ અને એક્સાઈઝ ડ્યુટીમાંથી સરકારને થશે. અહીં સવાલ એ થાય કે 35.33 લાખ કરોડ રૂપિયાની આવક સામે સરકાર 53.5 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કેવી રીતે કરશે. તેનો જવાબ છે સરકાર આ માટે બજારમાંથી રૂપિયા ઉઠાવશે, એટલે કે ઉધાર લેશે. વિશ્વના દરેક દેશની સરકાર ઋણ લે છે.17 લાખ કરોડ બજારમાંથી લઈ સરકાર છેડા ભેગા કરશે. બજેટ મુજબ કેન્દ્ર સરકારની એક રૂપિયાની કમાણીમાં 24 પૈસા તો ઉધારના જ હશે. બજેટ દસ્તાવેજ મુજબ જોઈએ તો 2026-27માં કેન્દ્ર સરકાર લગભગ 17 લાખ કરોડનું ઋણ લેશે. સરકાર અહીં સરકારી સંસ્થાઓ પાસેથી લોન લેશે અને 15 હજાર કરોડ રૂયિયાનું ધિરાણ વિદેશમાંથી પણ લેવાશે. સરકારે ગયા વર્ષે 15.58 લાખ કરોડ રૂપિયાની લોન લીધી હતી. બજેટ ભાષણમાં નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે સરકાર દેવુ ઘટાડવા પ્રયત્નશીલ છે. 2030 સુધી દેવુ જીડીપીના 50 ટકા કરવાનો અંદાજ છે. હાલમાં દેવુ જીડીપીના 59.1 ટકા છે. 2026-27માં તેને ઘટાડીને 55.6 ટકા કરવામાં આવશે.

### અંબુજા સિમેન્ટ્સે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખારાશની સમસ્યાનું નિરાકરણ કરી, 2,00,000 થી વધુ ખેડૂતો માટે વૉટર રીસોર્સીસ પુનઃસ્થાપિત કર્યા

અમદાવાદ | વિવિધ ક્ષેત્રોમાં કામગીરી ધરાવતાં અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડિંગ મટીરિયલ કંપની અંબુજા સિમેન્ટ્સ, તેની સીએસઆર પહેલોની મદદથી ગુજરાતના દરિયાકાંઠાના ગીર સોમનાથ પ્રદેશમાં તેના અંબુજાનગર પ્લાન્ટની આસપાસ પરિવર્તનકારી જળ વ્યવસ્થાપન અભિયાનનું નેતૃત્વ કરી રહી છે.સિમેન્ટ પ્લાન્ટના વિસ્તારની આસપાસમાં રહેતા સમુદાયો આગળ વધતી ખારાશના પડકારોનો સામનો કરી રહ્યા હતા, જેનાથી 2,00,000થી વધુ ખેડૂતો અને પરિવારોને અસર થઈ હતી. સીએસઆર ટીમે જળ સંસાધનોને પુનઃસ્થાપિત કરવા, સિંચાઈ પદ્ધતિઓમાં સુધારો કરવા અને ખારાશને દરિયાકાંઠા તરફ પાછી ધકેલવા માટે શ્રેણીબદ્ધ નવીન ઉકેલો અમલમાં મૂક્યા છે. 600 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલી આ વિશાળ પહેલનો હેતુ પ્રદેશ માટે લાંબા ગાળાની અને સાતત્યપૂર્ણ અસરોનું સર્જન કરવાનો છે.જળ સંકટની માંગ અને પુરવઠા બંને સમસ્યાઓને ઉકેલવા માટે, સીએસઆરની ટીમે 235થી વધુ ચેક ડેમો બનાવ્યા છે, જેના પરિણામે ચોમાસા પછી અહીં પાણીની ઉપલબ્ધતા 4થી વધીને 8 મહિના થઈ છે. વધારાના પાણીને દુષ્કાળ પ્રભાવિત વિસ્તારોમાં વાળવા માટે 69 કિલોમીટરની ઈન્ટરલિંકિંગ કેનાલો બનાવવામાં આવી હતી અને અંબુજા સિમેન્ટ્સની સીએસઆર ટીમ દ્વારા તળાવો ઊંડા કરીને તેમજ ઉપયોગમાં લેવાયેલી માઈનિંગ ક્વોરીઝનો પુનઃઉપયોગ કરીને જળ સંગ્રહની નવી સુવિધાઓ વિકસાવવામાં આવી હતી.

### કિયા ઈન્ડિયાએ 27,603 યુનિટના વેચાણ સાથે જાન્યુઆરીમાં વાર્ષિક 10.3%ની વૃદ્ધિ સાથે 2026નો પ્રારંભ કર્યો

નવી દિલ્હી | દેશની અનેક અગ્રણી માસ-પ્રિમીયમ ઓટોઉત્પાદક કિયા ઈન્ડિયાએ કેલેન્ડર વર્ષ 2026નો સકારાત્મક નોંધ સાથે પ્રારંભ કર્યો છે, જેમાં તેણે કુલ 27603 યુનિટ્સનું વેચાણ હાંસલ કર્યું છે. જાન્યુઆરી 2025માં 25,026 યુનિટ્સનું વેચાણ કર્યું હતુ તેની સામે 10.3%ની વૃદ્ધિ મેળવી છે, આ પર્ફોમન્સ કંપનીની ટકાઉ વૃદ્ધિ, મહત્ત્વના દરેક સેગમેન્ટસમાં સ્થિતિસ્થાપક માંગ અને કિયાની ભારતીય ગ્રાહકોને પ્રદાન કરવામાં આવતી વિવિધ પ્રોડક્ટ્સ પ્રત્યે વધી રહેલી પસંદગીનું પ્રતિબિંબ છે.

કંપનીને જાન્યુઆરીમાં વેચાણ વેગ તેના તમામ પોર્ટફોલિયોમાં સતત માંગને આભારી છે, જેમાં ઓલ-યુ કિયા સેલ્ટોસ તરફ માર્કેટના પ્રોત્સાહક પ્રતિભાવ અને કિયા સોનેટના ટકાઉ પર્ફોમન્સ અને કિયા કેરેન્સ ક્લેવિસ અને ક્લેવિસ EV માટે ગ્રાહકોના સતત ધ્યાનનો સમાવેશ થાય છે. ન્યુ-જનરેશન સેલ્ટોસ ભારતની અનેક અત્યંત પ્રભાવશાળી મિડ-સાઈઝ SUVમાંની એક તરીકે પોતાના વારસાનું નિર્માણ કરે છે અને કિયા ઈન્ડિયાની હવે પછીના વૃદ્ધિના તબક્કામાં અગત્યની ભૂમિકા બજાવવા સજ્જ છે, ત્યારે સોનેટ સોનેટ હાઈ-વોલ્યુમ કોમ્પેક્ટ SUV સેગમેન્ટમાં બ્રાન્ડની મજબૂત હાજરીને મજબૂત રાખવાનું સતત રાખે છે.

### ટાટા મોટર્સ પેસેન્જર વ્હિકલ લિમિટેડે જાન્યુઆરી 2026માં કુલ 71,066 યુનિટ્સનું વેચાણ નોંધાવ્યુ

મુંબઈ | જાન્યુઆરી 2026 દરમિયાન ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય બજારમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હિકલ્સ લિમિટેડનું કુલ વેચાણ 71,066 યુનિટ્સ રહ્યું, જ્યારે જાન્યુઆરી 2025માં આ આંકડો 48,316 યુનિટ્સ હતો.

આમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હિકલ્સ લિમિટેડની પેટાકંપની ટાટા પેસેન્જર મોબિલિટી લિમિટેડનું વેચાણ શામેલ છે.

### ISPL સીઝન 3: કેપ્ટન જીગ્નેશ પટેલની છેલ્લી બોલની શૌર્યતાએ કોલકાતાના ટાઈગર્સ સામેના રોમાંચક મુકાબલામાં અમદાવાદ લાયન્સનું પ્લેઓફમાં સ્થાન નિશ્ચિત કર્યું

સુરત | છેલ્લી ઘડી સુધી ચાલેલી મેચમાં, અમદાવાદ લાયન્સે રવિવારે લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) સીઝન 3 ના પ્લેઓફમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરવા માટે ટાઈગર્સ ઓફ કોલકાતા સામે 4 વિકેટે નાટકીય વિજય મેળવ્યો હતો.ટાઈગર્સ ઓફ કોલકાતાના હાઈ-પ્રોફાઈલ ટીમ સહ-માલિકો સૈફ અલી ખાન અને કરીના કપૂર ખાન સ્ટેન્ડમાંથી નિહાળી રહ્યા હતા ત્યારે, આ મુકાબલામાં સિનેમેટિક અંત જોવા મળ્યો હતો, જેમાં અમદાવાદના કેપ્ટન જીગ્નેશ પટેલે 84 રનના લક્ષ્યનો પીછો કરવા માટે અંતિમ બોલ પર ચોગ્ગો ફટકાર્યો હતો.પ્રથમ બેટિંગ કરતા, ટાઈગર્સ ઓફ કોલકાતાએ સ્થિર શરૂઆત હોવા છતાં ગતિ મેળવવા માટે સંઘર્ષ કર્યો હતો. ઓપનર સૈફ અલી (19 બોલમાં 20) અને સરોજ પ્રમાણિક (13 બોલમાં 23) એ પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું, પરંતુ બોલિંગમાં ફેરફાર થતા જ ઈનિંગ્સ વેરવિખેર થઈ ગઈ હતી. પ્રથમ ઈનિંગ્સનો સ્ટાર નિઃશંકપણે અમદાવાદ લાયન્સનો બોલર નિઝામ અલી હતો, જેના ઘાતક સ્પેલ (મારો) એ કોલકાતાના લાઈન-અપને તોડી નાખ્યું હતું.

અલીએ તેની બે ઓવરમાં માત્ર 11 રન આપીને 4 વિકેટ ઝડપી અસાધારણ આંકડા નોંધાવ્યા હતા. તેણે કૃષ્ણા ગાવલી, રજત મુંઢે અને અરિશ ખાન સહિતના મુખ્ય બેટર્સને ઉપરાઉપરી આઉટ કરીને ટાઈગર્સની બેટિંગની કમર તોડી નાખી હતી.

### ગાંધીધામ-આદીપુર રેલવે સેક્શનમાંચૌહરિકરણ કરવાના કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે



અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ-આદીપુર ચૌહરિકરણ (Quadrupling) પરિયોજના હેઠળ ગાંધીધામ કેબિન-આદીપુર સ્ટેશનો વચ્ચે કમીશનીંગથી સંબંધિત સૂચિત (TWO) કામને લીધે 04 ફેબ્રુઆરીથી 13 ફેબ્રુઆરી 2026 સુધી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. અમદાવાદ મંડળના ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ કેબિન અને આદીપુર સ્ટેશનો વચ્ચે ચારગણા (Quadrupling) કમીશનીંગનું કામ પ્રગતિ પર છે. આ પરિયોજના ક્ષેત્રમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્વનું પગલું છે. ચારગણું થવાથી આ સેક્શનની લાઈન ક્ષમતામાં વૃદ્ધિ થશે, જેનાથી ટ્રેનોનું સંચાલન વધુ સુગમ, સમયબદ્ધ અને સુરક્ષિત થશે. સાથે જ માલ અને યાત્રી ટ્રાફિકનું ઉત્તમ વ્યવસ્થાપન થશે, જેનાથી ક્ષેત્રીય વેપાર, ઉદ્યોગ અને યાત્રીઓને લાભ મળશે. અમદાવાદ મંડળ દ્વારા પરિયોજનાને સમય-સીમામાં પૂર્ણ કરવાના સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પહેલ ભારતીય રેલવેની આધુનિક, ઝડપી અને વિશ્વાસપાત્ર રેલવે સેવાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

### ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નોંધાવ્યો

## ઐતિહાસિક બજેટ ફાળવણી, આધુનિક સ્ટેશનો અને વિશ્વસ્તરીય ટ્રેન સેવાઓથી રેલવેના પરિદ્રશ્યમાં રૂપાંતર

અમદાવાદ | ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ અંદાજપત્ર સહાય અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જેનાથી રાજ્યમાં સુરક્ષિત, આધુનિક અને યાત્રી-કેન્દ્રીત રેલવે પરિવહનના નવા યુગની શરૂઆત થઈ રહી છે.

ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલવે બજેટની ફાળવણી વર્ષ 2009-14 દરમિયાન 589 કરોડ હતી, જે વધીને 2026-27ના સમયગાળામાં 17,366 કરોડ થઈ છે. આ લગભગ 29 ગણો વધારો છે, જે રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી મજબૂત કરવા માટે સરકારની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

માળખાગત સુવિધાઓને વધુ પ્રાધાન્ય

ગુજરાતમાં હાલમાં 1,28,748 કરોડની કિંમતના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પ્રગતિમાં છે. આ કાર્યોમાં ટ્રેક નિર્માણ, સ્ટેશન પુનઃવિકાસ અને સુરક્ષામાં મોટા સુધારાઓનો સમાવેશ થાય છે, જે સમગ્ર નેટવર્કમાં લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને ઓપરેશનલ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે.

અમૃત સ્ટેશન યોજના: સ્ટેશનોનું રૂપાંતરણ

અમૃત સ્ટેશન યોજના હેઠળ, ગુજરાતના 87 રેલવે સ્ટેશનોને 6,058 કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનઃવિકાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ડાકોર, હાપા, જામ જોધપુર, મોરબી, ઓખા, પાલીતાણા અને પોરબંદર સહિત 19 સ્ટેશનો પર પુનઃવિકાસનું કામ પહેલેથી જ પૂર્ણ થઈ ગયું છે, જેનાથી યાત્રીઓની સુવિધાઓ અને સ્ટેશનની સુંદરતામાં નોંધપાત્ર સુધારો થયો છે

પ્રીમિયમ ટ્રેનો સાથે ઉન્નત કનેક્ટિવિટી

ગુજરાતમાં આધુનિક ટ્રેન સેવાઓની શરૂઆત સાથે યાત્રીઓની સુવિધા અને યાત્રા ક્ષમતામાં બહોળો વધારો થયો છે.

### રાજકારણ | બીએમસી સત્તા માળખામાં મોટા ફેરફાર થવાના સંકેત મળ્યા

# મુંબઈ મહાનગરપાલિકા મહાયુતિ નવો ખેલ હવે શરૂ થશે



મુંબઈ: દેશની સૌથી ધનિક ગણાતી બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) ના રાજકારણમાં અત્યારે ભારે હલચલ જોવા મળી રહી છે. નાયબ મુખ્યમંત્રી અજિત પવારના આકસ્મિક નિધન બાદ ઊભી થયેલી રાજકીય શૂન્યાવકાશ વચ્ચે મહાયુતિ ગઠબંધન હવે મુંબઈમાં નવો 'ખેલ' પાડવાની તૈયારીમાં છે. મીડિયા અહેવાલ મુજબ, અત્યાર સુધી અલગ રણનીતિ પર ચાલનારી અજિત પવારની રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી (NCP) હવે બીએમસીમાં શિવસેના (શિંદે જૂથ) સાથે હાથ મિલાવીને સત્તાના નવા સમીકરણો રચવા જઈ રહી છે. શિંદે સેના અને અજિત પવાર જૂથનું સંયુક્ત જૂથ મુંબઈ મહાનગરપાલિકાની છેલ્લી ચૂંટણીઓમાં અજિત પવાર જૂથના ૩ નગરસેવકો વિજયી થયા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ ત્રણેય નગરસેવકો હવે શિવસેના (શિંદે જૂથ) સાથે મળીને એક 'સાંઝુ' અથવા સંયુક્ત જૂથની નોંધણી કરાવી શકે છે. આ વ્યૂહાત્મક પગલું માત્ર સંખ્યાબળ વધારવા માટે નથી, પરંતુ બીએમસીના વહીવટમાં વર્ચસ્વ જાળવી રાખવા માટેનો મહાયુતિનો એક માસ્ટર પ્લાન હોવાનું મનાય છે. આ જોડાણથી શિંદે જૂથની તાકાતમાં વધારો થશે અને વહીવટી નિર્ણયોમાં અજિત પવાર જૂથની પણ ભાગીદારી સુનિશ્ચિત થશે. ભાજપની 'એકલા ચલો રે' ની નીતિ બીજી તરફ, મહાયુતિના સૌથી મોટા પક્ષ ભારતીય જનતા પાર્ટીએ બીએમસીમાં પોતાની અલગ ઓળખ જાળવી રાખવાનો નિર્ણય લીધો હોય તેમ જણાય છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ભાજપ પાલિકામાં પોતાનું સ્વતંત્ર જૂથ રજિસ્ટર કરાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. જોકે, આનો અર્થ એ નથી કે ગઠબંધનમાં કોઈ તિરાડ છે. રાજકીય વિશ્લેષકો માને છે કે અલગ-અલગ જૂથો બનાવીને મહાયુતિના ત્રણેય પક્ષો વિરોધ પક્ષોને ઘેરવાની અને અલગ-અલગ સમિતિઓમાં વધુ પ્રતિનિધિત્વ મેળવવાની રણનીતિ અપનાવી રહ્યા છે. સત્તા સંચાલનમાં આ ત્રણેય પક્ષો એકબીજા સાથે સંપૂર્ણ સમન્વય જાળવશે. આજે થનારી જાહેરાત પર સૌની નજર આજે યોજાનારી નોંધણી પ્રક્રિયા દરમિયાન અજિત પવારની એનસીપી અને શિંદે સેના વચ્ચેના જોડાણ પર સત્તાવાર મહોર લાગી શકે છે. જો આ સંયુક્ત જૂથ જાહેર થશે, તો બીએમસીમાં વિરોધ પક્ષો માટે મુશ્કેલીઓ વધી શકે છે. અજિત પવારના નિધન પછી તેમના જૂથના નગરસેવકો શિંદે સેનાના શરણે જઈ રહ્યા છે કે પછી આ માત્ર એક ચૂંટણીલક્ષી સમન્વય છે, તે અંગે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. મુંબઈના રાજકારણ પર લાંબા ગાળાની અસર અજિત પવારના અવસાન બાદ જે રીતે પવાર પરિવારમાં ખેંચતાણ શરૂ થઈ છે, તેની સીધી અસર બીએમસીના સત્તા માળખા પર પડી રહી છે. આ નવું જોડાણ આગામી સમયમાં મુંબઈના વિકાસ કામો અને બજેટની ફાળવણીમાં પણ નિર્ણાયક ભૂમિકા ભજવશે. શરદ પવાર જૂથના સમર્થકો અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના માટે મહાયુતિની આ નવી યુગલબંધી મોટો પડકાર સાબિત થઈ શકે છે.

## અમદાવાદમાં ATSના ASI પર મિક્સર ટ્રક ફરી વળતા મોત

અમદાવાદના SP રિંગ રોડ પર ત્રાગડ અંડપાસ પાસે સર્જાયેલા વિચિત્ર અકસ્માતમાં ગુજરાત ATSમાં ફરજ બજાવતા ASIનું મોત નિપજ્યું છે. ASI અજીત નાંદે પોતાનું બાઈક લઈને રિંગ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સર્વિસ રોડ પર એક એક્ટિવા સાથે ટક્કર થયા બાદ રસ્તા પર પટકાયા હતા. આ સમયે જ બાજુમાંથી પસાર થઈ રહેલા મિક્સર ટ્રકના વ્હિલ નીચે આવી જતા 100 મીટર સુધી ઘસડાયા હતા. જેના કારણે ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. રસ્તા પર કંપારી છોડાવનારા દ્રશ્યો સર્જાયા હતા.


# સિટી એક્સપ્રેસ

TUESDAY 03 FEBRUARY-2026


## સૈજપુરમાં નામકરણના વિવાદથી ઉદઘાટન કાર્યક્રમ રદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ભાજપના નેતાઓ દ્વારા હવે ઉદ્ઘાટન કાર્યક્રમો શરૂ કર્યા છે. જોકે ઉદ્ઘાટન કાર્યક્રમ પણ હવે વિવાદમાં આવ્યા છે. શહેરના સૈજપુર બોઘા વોર્ડમાં ચાર વર્ષ પહેલા સુહાના હોટલ પાસેના સર્કલનું શહીદ ગોપાલસિંહ ભદોરીયા ચોક તરીકે નામ આપી દેવામાં આવ્યું છે. ત્યાં સર્કલનું ફરીથી નામકરણ કરી મેયર હસ્તે ઉદ્ઘાટન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે બાબતે ગોપાલસિંહ ભદોરીયાના પરિવારને જાણ થતા તેઓએ શહીદનું અપમાન ગણાવી વિરોધ નોંધાવ્યો હતો.



### મુમુદપુરાથી એલજે કોલેજ તરફ જતા રોડ પર બમ્પ તૂટ્યો : બમ્પને તોડી રોડ સરખો બનાવી દેવાયો

# લો...બોલો અમદાવાદમાં હવે બમ્પ ખસી ગયો : સ્પીડબ્રેકરમાં ખાડો-તિરાડ પડતાં 'હોશિયાર' અધિકારીઓએ રાતોરાત રોડ બનાવી દીધો; ભારે વાહનો પસાર થવાથી ખસી ગયો: અધિકારી

અમદાવાદ | ગુજરાતની સૌથી મોટી કોર્પોરેશન એવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડની ગુણવત્તા તો ખરાબ હોય જ છે, પરંતુ હવે રોડ ઉપર વાહનોની ગતિ ધીમી કરવા માટે બનાવવામાં આવતાં બમ્પ પણ યોગ્ય રીતે બનાવવામાં આવતા નથી. જેના કારણે બમ્પ પણ હવે તૂટવા લાગ્યા છે. અમદાવાદના સ્પીડબ્રેકર હવે વાહનોની નહીં પણ જાણે કે 'વિકાસની ગતિ' ધીમી પાડતાં હોય તેમ લાગે છે. વળી કોઈ ભૂલમાંથી શીખ લઈ તેમાં સુધારા કરવાની જગ્યાએ કોર્પોરેશન હંમેશની જેમ તેમાં ઢાંકપિછાડો કરી દે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો અણઘડ વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. એસપી રીંગ રોડ નજીક નિર્વાણા પાર્ટી પ્લોટની પાછળના ભાગે મ્યુનિસિપલ કોર્પોરેશને રોડ પર બનાવેલો બમ્પ તૂટી ગયો. બમ્પમાં એટલો મોટો ખાડો પડી ગયો કે ટુ-વ્હીલર ચાલકનું ધ્યાન ન હોય તો ચોક્કસ અકસ્માત થાય અને જાનહાનિ થાય. આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના



દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીને પૂછતા તેમણે કહ્યું હતું કે વધારે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાથી આ બમ્પ ખસી ગયો. કોર્પોરેશનના 'હોશિયાર' અધિકારીઓના ધ્યાને આવતા રાતોરાત બમ્પ દૂર કરી રોડ સરખો કરી દેવામાં આવ્યો છે. રોડ તો સરખો થઈ ગયો પણ કોર્પોરેશનની લાલિયાવાડીનો વધુ એક દ્રષ્ટાંત આપતો ગયો છે. શહેરના એસજી હાઈવે પર નિર્વાણા પાર્ટી પ્લોટની પાછળના ભાગે મુમુદપુરાથી એલજે કોલેજ તરફ જવાના રોડ ઉપર નવો રોડ બનાવવામાં આવ્યો છે. જેના ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગ દ્વારા ટ્રાફિક પોલીસની મંજૂરી લઈને બમ્પ બનાવવામાં આવ્યો હતો.

આ બમ્પમાં ખાડો અને તિરાડ પડી તૂટી ગયો હતો. જો રાત્રે લાઈટ વિના કોઈ ટુ-વ્હીલર લઈને નીકળે અને ખાડામાં પડે તો ચોક્કસ અકસ્માત થાય એવી ખરાબ સ્થિતિમાં બમ્પ જોવા મળ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગના ધ્યાને આ બાબત આવી હતી. રોડ ઉપર બનાવવામાં આવેલા ખરાબ બમ્પના કારણે લોકોને હાલાકી પડે એવું રાતોરાત ધ્યાન ઉપર મૂકવામાં આવતા બમ્પને હટાવવાની કાર્યવાહી કરી દેવામાં આવી હતી. આજે 2 ફેબ્રુઆરીના રોજ સવારે દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગ દ્વારા બમ્પને તોડીને ત્યાં રોડ સરખો કરી દેવામાં આવ્યો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીને પૂછતા તેમણે કહ્યું હતું કે આ રોડ ઉપર બનાવવામાં આવેલો બમ્પ ખસી ગયો હતો. બમ્પ ખરાબ થવા પાછળનું કારણ તેમણે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાના કારણે આવી સ્થિતિ ઊભી થઈ હોવાનું કહ્યું હતું. વધારે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાથી આ બમ્પ ખસી ગયો હતો તેઓ બચાવ તેમણે કર્યો હતો.

ઈજનેર વિભાગના અધિકારીઓએ તેમની બેદરકારી છતી ન થાય તેના માટે રાતોરાત ત્યાંથી બમ્પને હટાવી દીધો હતો. ખરેખર બમ્પ કેવી રીતે તૂટી ગયો અથવા તો તેમાં બનાવવામાં કોઈ બેદરકારી હતી તે અંગે ક્યાંય કોઈપણ પ્રકારે ધ્યાન ન આવે તેના માટે રાતોરાત બમ્પ તોડી દેવામાં આવ્યો હતો અને અધિકારીઓએ પણ પોતાના બચાવ માટે રોડ બનાવી દીધો હતો.

## અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર સિમેન્ટના બેરિકેડ સાથે કાર અથડાતા અકસ્માત



અમદાવાદ | અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ફરી એક વાર સિમેન્ટના બેરિકેડ સાથે કાર અથડાતા અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. આ અકસ્માતની ઘટનામાં 4-5 લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર રોડ કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીના કારણે વધુ એક અકસ્માતની ઘટના બની છે. હાઈવે પર સિમેન્ટના બેરિકેડ મૂકી ડાયવર્ઝન આપ્યું હતું.

જેમાં રાત્રિના સમયે હાઈવે પરથી પસાર થતી કારને અંધારામાં ડાયવર્ઝન ન દેખાતા ધડાકાભેર સિમેન્ટના બેરિકેડ સાથે અથડાઈ હતી. અમદાવાદથી ભાવનગર તરફ જઈ રહેલી કાર હાઈવે પર મૂકવામાં આવેલા સિમેન્ટના બેરિકેડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના બનાવને પગલે 108 એમ્બ્યુલન્સને જાણ કરતાં ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે અમદાવાદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

### અમદાવાદથી અપહરણ કરીને બંગાળ લઈ જતા ટ્રેનમાંથી ઝડપાયો

## ફ્રી ફાયર ગેમથી કોન્ટેક્ટ ને યુવકનું સગીરા પર દુષ્કર્મ

અમદાવાદ | અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતી એક સગીરાને ફ્રી ફાયર ગેમ રમતા રમતા પશ્ચિમ બંગાળના યુવક સાથે સંપર્ક થયો હતો. સગીરા અને યુવક સંપર્કમાં આવ્યા બાદ યુવક સગીરાને મળવા અમદાવાદ આવ્યો હતો. જે સગીરાના ઘરે યુવકે સગીરા સાથે દુષ્કર્મ કર્યું અને તેનું અપહરણ કરીને પશ્ચિમ બંગાળ લઈ જઈ રહ્યો હતો. આ દરમિયાન પોલીસે ખડગપુર રેલવે સ્ટેશનથી યુવકને સગીરા સાથે ઝડપી પાડ્યો હતો.

વેજલપુર વિસ્તારમાં રહેતી 16 વર્ષની સગીરા ધોરણ 12 સાયન્સમાં અભ્યાસ કરે છે. સગીરા પાસે રહેલા સ્માર્ટફોનમાં તે ફ્રી ફાયર ગેમ રમતી હતી. આ ગેમ રમતા રમતા સગીરાનો સંપર્ક પશ્ચિમ બંગાળમાં રહેતા આશિક ઉર્ફે અરમાન મહમદ અઝગર સાથે થયો હતો. બંને છેલ્લા દોઢ વર્ષથી એકબીજાના સંપર્કમાં હતાં. બંને એકબીજાનો મોબાઈલ નંબર મેળવીને વોટ્સએપ પર પણ વાતચીત કરતાં હતાં.

22 જાન્યુઆરીએ યુવક પશ્ચિમ બંગાળથી સગીરાને મળવા માટે અમદાવાદ આવ્યો હતો. યુવક સગીરાના ઘરે કોઈ ન હોવાથી સગીરાને મળવા ગયો હતો અને યુવકે સગીરાના ઘરમાં જ દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ સગીરાને ફોસલાવીને અપહરણ કરીને 23 જાન્યુઆરીએ ટ્રેનમાં બેસાડી અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનથી પશ્ચિમ બંગાળ જઈ રહ્યા હતા.

સગીરાના પરિવારે સગીરાના અપહરણ થયા અંગેની પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ કરતા યુવક સગીરાને લઈને ટ્રેનમાં બંગાળ જવા રવાના થઈ ગયો



રાજકોટ જિલ્લાના ઉપલેટા પંથકમાં સમાજને શર્મસાર કરતી અને પિતા-પુત્રીના પવિત્ર સંબંધને લાંછન લગાડતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. લોહીના સંબંધોને લજવતા આ કિસ્સામાં એક નરાધમ દિવ્યાંગ પિતાએ પોતાની જ સગી પુત્રી પર છેલ્લાં ચાર વર્ષ સુધી સતત દુષ્કર્મ આચર્યું હોવાની પોલીસ ફરિયાદ નોંધાતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

હતો. જેથી પોલીસે ટેકનિકલ એનાલિસિસના આધારે બંને ખડગપુર પહોંચ્યા ત્યારે રેલવે પોલીસને જાણ કરી હતી. ખડગપુર પોલીસે યુવકને ટ્રેનમાંથી સગીરા સાથે ઝડપી લીધો હતો. વેજલપુર પોલીસની ટીમ ખડગપુર પહોંચી હતી. પોલીસે ખડગપુરથી યુવકની ધરપકડ કરી હતી. જ્યારે સગીરાને તેના પરિવારને સોંપી હતી. એમ ડિવિઝન એસીપી એ.બી વાળંદે જણાવ્યું હતું કે, હાલ યુવકનો મેડિકલ રિપોર્ટ કરવામાં આવશે જે બાદ આગળની કાર્યવાહી કરાશે. આરોપી યુવક બંગાળમાં છૂટક મજૂરી કરે છે.

બોલિવૂડ એક્ટર અક્ષય કુમારે 3 ઓક્ટોબર 2025 શુક્રવારે ખુલાસો કર્યો કે તેની 13 વર્ષની દીકરી નિતારા જ્યારે ઓનલાઈન ગેમ રમી રહી હતી, ત્યારે એક શખ્સે અશ્લીલ મેસેજ કર્યો અને ન્યૂડ ફોટો માગ્યો. અક્ષય કુમારે 3 ઓક્ટોબરના રોજ મુંબઈ પોલીસના 'સાયબર અવેયરનેસ મંથ 2025' ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને સિનિયર પોલીસ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

## કેનેડાના PR વિઝા આપવાનું કહી 31 લાખ પડાવ્યાં

### રુચિતા અને હાર્દવે પ્રોસેસના નામે બે મિત્ર પાસેથી પૈસા ખંખેરી દ્વિશા કન્સલ્ટન્સીને તાળા મારી દીધા




(એજન્સી) અમદાવાદ | તા.02

અમદાવાદના બે મિત્રોને કેનેડા PR વિઝા આપવાનું કહીને ઠગ દંપતીએ 31 લાખનો ચૂનો લગાવ્યો છે. વિઝાના નામે પ્રોસેસ શરૂ કરી હતી, જેમાં શરૂઆતમાં જ કુલ રકમના 30 ટકા આપવાનું કહીને બંને મિત્રો પાસેથી 31 લાખ લઈ લીધા લીધા હતા. જોકે બાદમાં બંને દંપતી ગાયબ થઈ ગયા હતા, જેથી યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

નિકોલમાં રહેતા સંદીપ પટેલ ફાર્મા કંપનીમાં ટેકનિશિયન તરીકે નોકરી કરે છે. સંદીપભાઈને કેનેડા જવાનું હોવાથી તેમના મિત્ર કેતન પટેલના રેફરન્સથી સોલામાં આવેલી દ્વિશા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. ફેબ્રુઆરી, 2023માં કન્સલ્ટન્સીની ઓફિસ ગયા ત્યારે ત્યાં રુચિતા બાબુ અને હાર્દવ બાબુ મળ્યા હતા. સંદીપભાઈ અને તેમના પત્ની તથા દીકરીના કેનેડા PR વિઝા કરી આપવાનું કહીને બંનેએ 58 લાખ થશે, તેવું જણાવ્યું હતું. સંદીપભાઈ વિશ્વાસ કરીને પ્રોસેસ શરૂ કરાવી હતી. પ્રોસેસ શરૂ કરી ત્યારે જ એડવાન્સ પેટે 30 ટકા આપવાનું કહ્યું હતું, જેથી સંદીપભાઈએ ટુકડે-ટુકડે 16 લાખ રૂપિયા આપ્યા હતા. પૈસા આપ્યા બાદ સંદીપભાઈએ જ્યારે સંપર્ક કર્યો, ત્યારે બંનેનો સંપર્ક થતો જ નહતો. સંદીપભાઈ સોલા ખાતેની કન્સલ્ટન્સીની ઓફિસ ગયા હતા, ત્યારે ઓફિસ પણ બંધ હતી.

સંદીપભાઈને જાણ થઈ હતી કે બંને કેનેડા જતા રહ્યા છે. દંપતીએ સંદીપભાઈ પાસેથી 16 લાખ અને તેમના મિત્ર પાસેથી વિઝા આપવાના બહાને 15 લાખ લીધા હતા. આમ કુલ 31 લાખની છેતરપિંડી મામલે સંદીપભાઈ રુચિતા અને હાર્દવ વિરુદ્ધ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ફરી ઠંડીનું પ્રમાણ વધશે કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણની સંભાવના

(એજન્સી) અમદાવાદ | તા.02

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો નથી. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન કચ્છના નલિયા વિસ્તારમાં 12.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં મધ્ય મહારાષ્ટ્રથી દક્ષિણ હરિયાણા સુધી એક ટ્રફ સિસ્ટમ સક્રિય છે, જે સમુદ્ર સપાટીથી અંદાજે 0.9 કિમીની ઊંચાઈ પર સ્થિત છે. આ સિસ્ટમના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં આંશિક વાદળછાયું વાતાવરણ જોવા મળી શકે છે.

આ ઉપરાંત, ઉત્તર પાકિસ્તાન ઉપર એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું છે, પરંતુ તેની રાજ્યના હવામાન પર કોઈ ખાસ અસર થવાની શક્યતા નથી. જ્યારે આગામી 7 દિવસની આગાહી મુજબ, સમગ્ર



રાજ્યમાં હવામાન સૂકું રહેશે. લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ઘટાડો કે મહત્વપૂર્ણ ફેરફાર થવાની સંભાવના નથી. દરિયાકાંઠાના વિસ્તારો માટે હવામાન વિભાગે જણાવ્યું છે, કે હાલમાં માછીમારો માટે કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. જોકે, ઉત્તર અને ઉત્તર-પૂર્વીય પવનો 15થી 20 નોટની ઝડપે ફૂંકાવાની શક્યતા છે.

## રાજપીપળાના માનવેન્દ્રસિંહ ગોહિલે HCમાં PIL કરી

અમદાવાદ | રાજપીપળાના પૂર્વ પ્રિન્સ માનવેન્દ્રસિંહ ગોહિલ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી છે. જે અરજી ચીફ જજની કોર્ટ સમક્ષ રજૂ થઈ હતી. અરજીમાં જણાવ્યા મુજબ નગરપાલિકાએ ગાર્ડનની રિઝર્વ જમીન ઉપર કોમર્શિયલ બાંધકામ કરીને જાહેર નાણાનો દુરુપયોગ કર્યો છે. અરજદાર રાજપીપળાના રહેવાસી છે અને પૂર્વ પ્રિન્સ છે.

હાઈકોર્ટે હળવાશમાં કહ્યું હતું કે તમે હજુ વ્યવસ્થ કંટ્રોલ કરવા માંગો છો ? જો કે અરજદારે તેનો નકારમાં જવાબ આપતા રાજપીપળામાં સીટી સર્વે નંબર 33 ની જમીનનું પ્રોપર્ટી કાર્ડ રજૂ કર્યું હતું. જેમાં જમીનની સત્તા પ્રકારનું વર્ણન હતું. આ જમીન બિન નફાકારક હેતુઓ માટે રાખવામાં આવી હતી. આ જમીન 31,678 સ્ક્વેર મીટરનું ક્ષેત્રફળ ધરાવે છે. ગામના લોકોએ અને અરજદારે વર્ષ 2023 માં નગરપાલિકા સમક્ષ રજૂઆત કરીને બાંધકામ રોકવા કહ્યું હતું. છત્તા કોમર્શિયલ બાંધકામ કરવામાં આવ્યું છે. અહીં શાકભાજી વગેરે વેચવા માટેનું આયોજન છે. વળી કેટલુંક બાંધકામ હજુ ચાલુ છે.

હાઈકોર્ટે પૂછ્યું હતું કે બિલ્ડિંગ કેટલા એરિયામાં બન્યું તેની ખબર છે ? જેનો જવાબ નકારમાં આવતા હાઈકોર્ટે કહ્યું હતું કે કોર્ટ કોઈ તપાસ નહીં કરાવે. તમે જાતે તેની તપાસ કરીને કોર્ટ સમક્ષ મૂકો. અરજદારે વધુમાં જણાવ્યું હતું કે નગરપાલિકા ચીફ ઓફિસર કહે છે કે ઉપરોક્ત જમીન ઉપર કોમર્શિયલ બાંધકામને મંજૂરી મળેલ છે. પરંતુ RTI માં ના પાડે છે. હાઈકોર્ટે અરજદારના વકીલને રાજપીપળા નગરપાલિકાના કાઉન્સિલને નોટિસ આપવાનું જણાવી, અરજદારને પૂરતી માહિતી સાથે આવવા જણાવ્યું છે. આ મુદ્દે વધુ સુનવણી 13 ફેબ્રુઆરીએ યોજાશે.

## 'મેડમ પ્રૂફ વગર બ્લેમ કરે છે', નડિયાદની દિનશા પટેલ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીનો આપઘાત

ખેડા | ખેડા જિલ્લાના નડિયાદના મંજીપુરા વિસ્તારમાં રહેતા અને દિનશા પટેલ નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતા જય વિજયકુમાર પાટીલ નામના વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા આ વિદ્યાર્થીએ પોતાના ઘરે અંતિમ પગલું ભરી જીવન ટૂંકાવ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે અને શૈક્ષણિક આલમમાં શોકની લાગણી સાથે અનેક સવાલો ઊભા થયા છે. આત્મહત્યા કરતા પૂર્વે જયે એક હૃદયદ્રાવક સુસાઈડ નોટ લખી હતી, જેમાં તેણે પોતાની વેદના ઠાલવતા જણાવ્યું હતું કે, 'સોરી મમ્મી, હું કંટાળી ગયો છું.' તેણે નોટમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે કોલેજના મેડમ પુરાવા વગર તેના પર ખોટા આરોપો લગાવી રહ્યા છે. તેણે લખ્યું કે તે કોઈના શરીરની મજાક ઉડાવતો નથી અને તે નિર્દોષ હોવા છતાં તેને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. જો તેણે ભૂલ કરી હોત તો તેને શરમ ન આવત, પરંતુ નિર્દોષ હોવા છતાં બદનામ થતા તેણે આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું હતું.

## વડોદરામાં મહંત સ્વામી મહારાજનો 92મો જન્મજયંતી મહોત્સવ ઉજવાયો



વડોદરા | ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ વડોદરા ખાતે પ.પૂ. મહંત સ્વામી મહારાજની ૯૨ મા જન્મજયંતી મહોત્સવની ઉજવણી ધામધૂમપૂર્વક અનેરા ભક્તિભાવથી કરવામાં આવી હતી. પ. પૂ. મહંત સ્વામી મહારાજની દિવ્ય વાણી, આધ્યાત્મિક પ્રભાવ, અહંશૂન્યતા અને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિને દર્શાવતી વિશિષ્ટ વિડિયોની સાથે બી. એ. પી. એસ. સંસ્થાના વરિષ્ઠ સંતો દ્વારા પ. પૂ. મહંત સ્વામી મહારાજના દિવ્ય જીવન, ગુણો અને કાર્યો પર વિશેષ પ્રકાશ પાડતાં મનનીય પ્રેરક ઉદ્બોધનો કરવામાં આવ્યા હતા. આ અવસરે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત એવા ગુજરાતના મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શ્રી મોહન યાદવનું બી. એ. પી. એસ. ના વરિષ્ઠ સંતો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ઈંગ્લેન્ડથી પધારેલા ગિનિસ વર્લ્ડ રેકોર્ડસના અધિકારી દ્વારા પ. પૂ. મહંત સ્વામી મહારાજનું બહુમાન કરવામાં આવ્યું હતું. ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બહુમાન - Largest Simultaneous Hindu Text Recital - 'હિન્દુ ગ્રંથના સૌથી વિરાટ સમૂહગાન' બદલ: પ. પૂ. મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી. એ. પી. એસ સંસ્થાના ૩ વર્ષથી ૧૩ વર્ષની વય સુધીના ૧૫,૦૦૦ કરતાં વધુ બાળકોએ સત્સંગદીક્ષા ગ્રંથનો એક વર્ષમાં સંસ્કૃતમાં સંપૂર્ણ મુખપાઠ કર્યો છે. મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત ૩૧૫ શ્લોકો ધરાવતો સત્સંગદીક્ષા ગ્રંથ ઉન્નત આધ્યાત્મિક, નૈતિક, સામાજિક, વ્યવહારિક જીવનની પ્રેરણા પૂરી પાડે છે. કોઈ એક સંસ્કૃત ગ્રંથનો, તે ગ્રંથના રચયિતાની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ૧૫,૬૬૬ બાળ-બલિકાઓએ માત્ર એક વર્ષમાં સંપૂર્ણ ગ્રંથ એટલે કે ૩૧૫ શ્લોકોનો મુખપાઠ કર્યો હોય અને સમૂહગાન કર્યું હોય, તેવી આ ઐતિહાસિક વિરલ ઘટના છે. ૧૫,૬૬૬ બાળકોમાંથી કુલ ૧૨,૭૨૩ બાળકો સ્થળ પર ઉપસ્થિત રહ્યા હતા અને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સના અધિકારીઓ દ્વારા આ રેકોર્ડના સત્તાવાર નોંધણી કરવામાં આવી હતી. આ અવસરે અવસરે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા પાઠવવામાં આવેલા શુભેચ્છા પત્રનું વાંચન કરવામાં આવ્યું હતું.